**આજનો સુવિચાર**

સામાન્ય માણસનું મહાન બનવું એ તો સામાન્ય છે પણ, મહાન બન્યા પછી સામાન્ય બની રહેવું એ અઘરું છે!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૪૩ જૂનાગઢ તા.૩૦-૦૫-૨૦૨૪ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 143, Junagadh : Date : 30 May, 2024, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# રાજકોટ અગ્નીકાંડ મામલે ૮ ભૂતપૂર્વ કલેકટર, પોલીસ વડાની પુછપરછ શરૂ



રાજકોટર તા. ૩૦

રાજકોટના ટીઆરપી અગ્નિકાંડમાં ૨૮ લોકોના મૃત્યુ થયા છે. આ ઘટનામાં તમામ અધિકારીની પૂછપરછ કરતાં બે દિવસ કરતાં વધુ સમય લાગી શકે છે. પોલીસ ભવન ખાતે આજથી પૂછપરછનો દોર શરૂ કરવામાં આવ્યો છે. રાજકોટ ચીફ ફાયર ઓફિસર આઈ.વી. ખેર પોલીસ ભવન પહોંચ્યા છે. આઈએએસ, ૩ આઈપીએસની ડીજીપી તબક્કાવાર પૂછપરછ કરશે. તત્કાલિન તમામ ટોચના અધિકારીઓને પણ પોલીસે તેડું મોકલ્યું છે. આજે SIT દ્વારા 8 આઈપીએસ અને આઈએએસની પૂછપરછ કરાશે. તમામ મૃતદેહના અંતિમસંસ્કાર થઈ ચૂક્યા છે. જ્યારે આ બનાવમાં ૬ આરોપીની ધરપકડ થઈ ચૂકી છે, જ્યારે એક પોલીસ પકડથી દૂર છે. તેમજ એકનું આ આગમાં મોત થયું હતું.

અમુક લોકો ખાનગી હોસ્પિટલો (ટ્રીનીટી હોસ્પિટલ)માં દાઝેલી હાલતમાં સારવાર લઈ રહેલા છે કે મૃત્યુ પામેલ છે તેવી ભ્રામક માહિતી બાબતે ટ્રીનીટી હોસ્પિટલ દ્વારા સોશિયલ મીડિયામાં વીડિયો દ્વારા રદિયો આપવામાં આવેલ છે. તેમજ હોસ્પિટલના સંચાલકનું મામલતદાર દ્વારા નિવેદન લઈ ઉપરોક્ત બાબત ખોટી હોવાની ખરાઈ કરવામાં આવી છે.

હિતેષભાઈ ઉર્ફે વિજયભાઈ લાભશંકર પંડ્યાએ તેના ભાણેજ તથા તેના જૂના પાડોશીના બે સંતાનો મળીને કુલ ત્રણ વ્યક્તિ ગુમ હોવાની ફરિયાદ કરતા તેમની વિગતો ચકાસતા આ બાબત ખોટી જણાતાં હિતેષ પંડયા વિરૂદ્ધ આઈ.પી.સી.ની કલમ ૨૧૧ હેઠળ એફ.આઈ.આર. દાખલ કરવામાં આવી છે.

# સીટની તપાસમાં ઘડાકો : ઈમરજન્સી એકઝીટનાં અભાવે મોતનું તાંડવ થયું : અનેક ક્ષતિઓ હતી

રાજકોટ તા. ૩૦

રાજકોટના ગેમ ઝોનમાં સર્જાયેલા અગ્નિકાંડમાં ૨૮ માનવ જિંદગીઓનો ભોગ લેવાયો છે. નિર્દોષ માણસોનો જીવ લેનાર આ ગેમઝોનની ઘટનાની 'સીટ' દ્વારા તપાસ કરવામાં આવી છે અને ગંભીર ત્રુટિઓનો પર્દાફાશ થયો છે. 'સીટ' દ્વારા એક મહત્વની ખામી એ દર્શાવાઈ છે કે આવડા મોટા ગેમ ઝોનમાંથી બહાર નીકળવા માટે 'ઈમર્જન્સી એકઝીટ' જ ન હતું જેના કારણે મુલાકાતીઓને બહાર નીકળવાની તક જ ન મળી અને ૨૮ લોકો જીવતા ભુંજાઈ ગયા.

રાજકોટ અગ્નિ દુર્ઘટનાની તપાસ કરી રહેલી SIT TRP ગેમ ઝોનના પ્રમોટરો દ્વારા કરવામાં આવેલી ગંભીર ભૂલોને સૂચિબદ્ધ કરાઈ છે

SITના રિપોર્ટમાં પ્રાથમિક તારણો સૂચવે છે કે અલગ પ્રવેશ અને બહાર નીકળવાના દરવાજા રાખવાને બદલે, નેશનલ બિલ્ડિંગ કોડ અને ફાયર સેફ્ટી નિયમો હેઠળ નિર્ધારિત સ્પષ્ટીકરણો અનુસાર કોઈ ફરજિયાત ઈમરજન્સી એક્ઝિટ વિના મુલાકાતીઓને પ્રવેશવા માટે માત્ર એક સાંકડો માર્ગ હતો.

તપાસમાં એવું પણ બહાર આવ્યું છે કે અંદર સૂચિત સ્નો પાર્કના નિર્માણ માટે વેલ્ડીંગનું કામ હાથ ધરવામાં આવ્યું હતું, પ્રથમ દૃષ્ટિએ આગ લાગી હતી. ઓપરેટરોએ એ હકીકતની અવગણના કરી કે ગેમિંગ ઝોનમાં ખૂબ જ જ્વલનશીલ સામગ્રી છે. આ ઉપરાંત, જ્યાં વેલ્ડીંગ કરવામાં આવી રહ્યું હતું ત્યાં ફોમ અને ટાયર હતા, જે અત્યંત જ્વલનશીલ છે. તેમ ટાઈમ્સ ઓફ ઈન્ડીયાનો રીપોર્ટ જણાવે છે.

એસઆઈટીના વડા સુભાષ ત્રિવેદીએ ગાંધીનગરમાં મીડિયાને જણાવ્યું હતું કે ગેમિંગ ઝોનમાં ૩૦ લિટર પેટ્રોલનો સંગ્રહ કરવામાં આવ્યો હતો, જે અનુમતિપાત્ર મર્યાદા કરતાં ઘણું વધારે છે. 'પેટ્રોલિયમ એક્ટ હેઠળ જવાબદારો સામે કાર્યવાહી કરવામાં આવશે.'

# ભ્રષ્ટ અધિકારીઓ નહી રાજકારણીઓ જ અસલી ખેલાડી

રાજકોટ તા. ૩૦: રાજકોટ ગેમઝોન અગ્નિકાંડ બાદ ફાયર સેફટીથી માંડીને પોલીસ પરમિશનને લઈને ભારે ચર્ચા ઉઠી છે. એટલુ જ નહીં, ભ્રષ્ટ બાબુઓને પર આંગળી ચિંધાઈ છે. વાસ્વતમાં ગેમઝોન હોય કે પછી આનંદમેળો, પરમિશનનો ખેલ પાછળ ખાખી વર્દી કે ફાયર-મ્યુનિસિપલ કોર્પોરેશન જવાબદાર હોય છે એવું માની લેવાની જરૂર નથી. રાજકીય પીઠબળ વિના પરમિશનનો ખેલ શકય જ નથી. આ તો આગ દુર્ઘટનામાં નિર્દોષ લોકો હોમાઈ જતા સરકાર-ભાજપ સંગઠનના પદાધિકારીઓ ગુજરાતી જનતાની આંખમાં આંખ મિલાવી શકે તેવી સ્થિતિમાં નથી. આ કારણોસર હવે અધિકારીઓના માથે દોષનો ટોપલો ઢોળી દેવા મથામણ થઈ રહી છે. હકીકતમાં ભ્રષ્ટ અધિકારી-તંત્રની સાથ સાથે સ્થાનિક રાજકારણીઓ જ 'અસલી ખેલાડી છે.'

રાજકોટ છેલ્લા ત્રણેક વર્ષથી વિના મંજૂરીએ ગેમઝોન ધમધમતુ હતું. એ તો ઠીક, પણ ખુદ પોલીસ અધિકારી, મ્યુનિ. કોર્પોરેશનના અધિકારી સહિતના ઉચ્ચ અધિકારીઓ આ જ ગેમઝોનમાં આનંદ માણવા નિયમિત રીતે આવતા હતા. રાજકોટના સ્થાનિક રાજકારણીઓની પણ અહીં અવરજવર રહી છે. મંજૂરી વિનાના ગેમઝોનમાં આગ લાગતા ૩૦ થી વધુ નિર્દોષોએ જીવ ગુમાવ્યા છે એટલે ભાજપના સાંસદ, ધારાસભ્ય, નેતાઓ, મ્યુનિ. કોર્પોરેટરોએ મગરના આંસુ સારીને રાજકોટની જનતાની સહાનુભૂતિ જીતવા મથામણ કરી છે. ગેરકાયદે ધમધમતાં ગેમઝોન મુદ્દે લોકોમાં રોષ ભભૂકયો છે એટલે રાજકારણીઓ હાથ ખંખેરી રહ્યા છે.

# નૈઋત્ય ચોમાસુ એક દિવસ પહેલા જ કેરળ પહોંચી ગયું

## ઉત્તર પૂર્વનાં ચેરાપુંજી શહેરમાં ૨૪ કલાકમાં ૨૬ ઈંચ વરસાદ

નવી દિલ્હી તા. ૩૦

સમગ્ર દેશમાં ગરમીનું કાળઝાળ મોજુ ફરી વળ્યું છે અને આ વર્ષે અનેક વિસ્તારોમાં ગરમીએ રેકોર્ડ તોડયો છે ત્યારે હવે ચોમાસુ કેરળથી વધુ નજીક આવ્યાના સંકેત મળ્યા છે. કેરળનું કોચી શહેર ભારે વરસાદથી પાણી પાણી થયું છે. તો ચેરાપુંજીમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૬ ઈંચ વરસાદ વરસી ગયો છે.

ભારે ગરમી વચ્ચે આ વખતે ચોમાસુ વહેલુ અને સારૂ રહેવાની આગાહી કરવામાં આવી છે. દિલ્હી સહિત સમગ્ર ઉતર ભારતમાં આકાશમાંથી અગ્નિ વરસે છે, લુ એ લોકોનું જીવવું મુશ્કેલ કરી દીધું છે. તે દરમ્યાન હવામાન વિભાગે આ એ ઠંડક ભરી માહિતી જારી કરી છે.

આઈએમડીના જણાવ્યા મુજબ દક્ષિણ-પશ્ચિમ મોન્સુન પૂર્વાનુમાન મુજબ ૧ જુનથી એટલે કે બે દિવસ પહેલા કેરળના કાંઠા સુધી પહોંચી ગયું છે. આજે ચોમાસાનું આગમન સત્તાવાર રીતે થઈ શકે છે. કેરળમાં સારો વરસાદ વરસવાની આગાહી છે. પૂર્વોત્તર ભારતના ઘણા ભાગોમાં સારો વરસાદ થઈ શકે તેમ છે. ૨૪ કલાકમાં કેરળ સહિતના આ રાજયોમાં સારો વરસાદ શરૂ થશે. લક્ષદ્વીપ, અંડમાન-નિકોબાર ટાપુ, સિકકીમમાં પણ ચોમાસાનો વરસાદ શરૂ થવા શકયતા છે.

કાળઝાળ ગરમી વચ્ચે વરસાદની રાહનો અંત આવ્યો છે. આજે કેરળના તટ સહિત ઉત્તરપૂર્વના કેટલાક ભાગોમાં ચોમાસા નું આગમન થયું છે. ખાસ વાત એ છે કે ભારતીય હવામાન વિભાગની આગાહીના એક દિવસ પહેલા ચોમાસું કેરળ પહોંચી ગયું છે. વિભાગે અગાઉ ૩૧ મેની આગાહી કરી હતી. જ્યારે કેરળમાં ચોમાસાના આગમનની સામાન્ય તારીખ ૧ જૂન છે.

ચોમાસાના વહેલા પ્રવેશ માટે ચક્રવાત રેમલને પણ એક કારણ માનવામાં આવી રહ્યું છે. હવામાનશાસ્ત્રીઓએ જણાવ્યું હતું કે રવિવારે પશ્ચિમ બંગાળ અને બાંગ્લાદેશમાંથી પસાર થયેલા ચક્રવાત રેમલે ચોમાસાના પ્રવાહને બંગાળની ખાડી તરફ ખેંચ્યો છે, જે ઉત્તરપૂર્વમાં ચોમાસાના વહેલા આગમનનું કારણ હોઈ શકે છે. ચોમાસું સામાન્ય રીતે ઉત્તરપૂર્વમાં ૫ જૂન સુધીમાં આવે છે.

### લોકસભાની ચૂંટણીનાં અંતિમ તબક્કામાં

# શનિવારે ૮ રાજયોની ૫૭ બેઠકો માટે મતદાન : આજે સાંજે ચૂંટણી પ્રચારનો અંત

## શનિવારે સાંજથી એકઝીટ પોલ શરૂ થઈ જશે : સમગ્ર દેશમાં ભારે ઉત્તેજના

નવી દિલ્હી તા. ૩૦ : લોકસભા ચૂંટણીના ૬ તબક્કા માટે મતદાન પૂર્ણ થઈ ગયું છે. સાતમા તબક્કાનું મતદાન ૧ જૂને યોજાશે, જેનો પ્રચાર આજે સાંજે સમાપ્ત થશે. સાતમા તબક્કામાં આઠ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૫૭ બેઠકો પર મતદાન થશે. તેમાં ઉત્તર પ્રદેશની ૧૩, બિહારની ૮, ઓડિશાની ૬, ઝારખંડની ૩, હિમાચલ પ્રદેશની ૪, પશ્ચિમ બંગાળની ૯ અને ચંદીગઢની એક બેઠકનો સમાવેશ થાય છે. આ તબક્કો એનડીએ અને ભારત ગઠબંધન માટે છેલ્લો અને ભારે તબક્કો બનવા જઈ રહ્યો છે. સાતમા તબક્કામાં વારાણસીમાં પણ ચૂંટણી યોજાશે. આ એ જ સીટ છે જયાંથી પીએમ મોદી ચૂંટણી લડી રહ્યા છે. તે જ સમયે, અભિષેક બેનર્જી પમિ બંગાળની ડાયમંડ હાર્બર સીટથી અને લાલુ પ્રસાદ યાદવની પુત્રી મીસા ભારતી પાટલીપુત્ર સીટથી ચૂંટણી લડી રહ્યા છે. શનિવાર સાંજથી એકઝીટ પોલ શરૂ થઈ જશે જેની સમગ્ર દેશમાં ભારે ઉત્તેજના સાથે રાહ જોવાઈ રહી છે.

# હેલ્થ ઈન્સ્યોરન્સનાં નિયમોમાં ધરખમ ફેરફાર

## કેશલેસ કલેઈમ ત્રણ કલાકમાં કલિયર થશે

નવી દિલ્હી તા. ૩૦ : સારવાર માટે હોસપિટલમાં દાખલ થયા પછી, સારવારનો ખર્ચ આરોગ્ય વીમા દ્વારા આવરી લેવામાં આવે છે, પરંતુ ક્લેમ સેટલમેન્ટની લાંબી પ્રક્રિયા દર્દી અને તેના પરિવારને મુશ્કેલીમાં મૂકે છે. સારવાર પૂરી થયા બાદ ડોક્ટર દ્વારા ઘરે જવાની પરવાનગી આપવામાં આવે છે, પરંતુ હેલ્થ ઈન્સ્યોરન્સ ક્લેઈમ સેટલમેન્ટ માટેનો સમય એટલો લાંબો થઈ જાય છે કે દર્દીને ઘણા કલાકો સુધી હોસપિટલમાં રાહ જોવી પડે છે. સંબંધીઓ TPA ડેસ્ક પર આવતા રહે છે અને દર્દી ઘરે પાછા ફરવાની રાહ જુએ છે, પરંતુ હવે આ કલાકોની રાહનો અંત આવશે. હેલ્થ ઈન્સ્યોરન્સના ક્લેમ સેટલમેન્ટના નિયમોમાં ફેરફાર થશે.

ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી બોડી ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડીયા એ સ્વાસ્થ્ય વીમા સંબંધિત નિયમોમાં કેટલાક ફેરફારો કર્યા છે. નવા ફેરફારો વીમાધારકોને રાહત આપશે. IRDAI એ આરોગ્ય વીમા પરના ૫૫ પરિપત્રોને રદ કરતો મુખ્ય પરિપત્ર બહાર પાડ્યો છે. નવા માસ્ટર સર્ક્યુલર મુજબ હેલ્થ ઈન્સ્યોરન્સ પોલિસીધારકોના દાવા હવે ૩ કલાકમાં સેટલ થઈ જશે.

# પ્રોસેસ્ડ ફૂડ ખાતા હોવ તો ચેતી જજો : ગંભીર બિમારીઓનો ભોગ બનશો

નવી દિલ્હી તા. ૩૦ : ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ અને નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ન્યુટ્રિશનની નિષ્ણાત સમિતિએ સૂચન કર્યું છે કે પેકડ ફૂડ અને બેવરેજિસમાં ખાંડનું પ્રમાણ નક્કી કરવામાં આવે. અલ્ટ્રા-પ્રોસેસ્ડ ફૂડમાં સામાન્ય રીતે ખાંડ અને મીઠું વધુ માત્રામાં હોય છે. માર્ગદર્શિકામાં કહેવામાં આવ્યું હતું કે જામ, ફ્રૂટ પલ્પ, કાર્બોનેટેડ પીણાં, હેલ્થ ડ્રિંક્સ સહિત આવી ખાદ્ય ચીજોનો મર્યાદિત ઉપયોગ કરવો જોઈએ. વધારે ચરબી, ખાંડ અને મીઠું વાળી ખાદ્ય વસ્તુઓ ઘરમાં પણ ન લેવી જોઈએ. ICMR માર્ગદર્શિકા જણાવે છે કે અલ્ટ્રા-પ્રોસેસ્ડ ફૂડના નિયમિત સેવનથી ડાયાબિટીસ, હાયપરટેન્શન, હૃદય રોગ જેવી ગંભીર બીમારીઓ થઈ શકે છે. ઘણા લોકો કેલરીથી ભરપૂર અલ્ટ્રા પ્રોસેસ્ડ ફૂડ ખાવાનું પસંદ કરે છે, આવા ખોરાકમાં ફાઈબરનું પ્રમાણ ઓછું હોય છે અને ખાંડનું પ્રમાણ જરૂરી કરતાં વધુ હોય છે. વધુ તળેલા ઉત્પાદનો પણ ટાળવા જોઈએ.

# ભીષણ ગરમીને પગલે ગુજરાતમાં વીજ માંગ રેકોર્ડ સ્તરે પહોંચી : ઈતિહાસમાં પ્રથમ વખત ૨૫ હજાર મેગાવોટ વીજ વપરાશ

અમદાવાદ,તા.૩૦

ગુજરાત સહીત દેશનાં અનેક રાજયો તિવ્ર હીટવેવનો સામનો કરી રહ્યા છે અને વીજ ડીમાંડમાં અસામાન્ય વધારો થયો છે. ગુજરાતનાં ઈતિહાસમાં વિજ ડીમાંડ પ્રથમ વખત ૨૫૦૦૦ મેગાવોટને પાર થઈ ગઈ છે.

રાજયમાં છેલ્લા ૧૨ દિવસથી હીટવેવની હાલત છે અને અમદાવાદ, રાજકોટ, સુરેન્દ્રનગર, સહીતના શહેરોમાં તાપમાનનો પારો ૪૫ ડીગ્રીને પાર થઈ રહ્યું છે.સ્ટેટ લોડ ડીસ્પેચ સેન્ટરનાં રીપોર્ટ પ્રમાણે બપોરે ત્રણ વાગ્યે વિજ ડીમાંડ ૨૫૦૮૯ મેગાવોટનાં સર્વોચ્ચ સ્તરે પહોંચી હતી. આ વખતે રાજયના અમુક ભાગોમાં તાપમાન ૪૫ ડીગ્રી હતું.

વિજ તંત્રનાં સુત્રોએ કહ્યું કે, ભીષણ ગરમીને કારણે ઘર વપરાશ તથા કૃષિ વીજ ડીમાંડમાં મોટો વધારો થયો છે.ઉંચા તાપમાનમાં ઔદ્યોગીક વિજમાંગ પણ વધી જતી હોય છે. કેટલાંક દિવસોથી રાત્રીનું તાપમાન પણ વધી ગયુ છે. પરિમાણે વીજળીની રાત્રીમાં પણ ડીમાંડ વધુ છે. હવામાન વિભાગનાં રીપોર્ટમાં દર્શાવાયું જ હતું કે રાજયમાં ન્યુનતમ તાપમાન પણ ૩૦ ડીગ્રીથી વધુ રહે છે.

કૃષિક્ષેત્રને પણ દિવસન સમયે વીજળી આપવાની નીતિ લાગુ કરવામાં આવી હોવાથી દિવસની વિજ ડીમાંડમાં વધારા પાછળનુ આ પણ એક મોટુ કારણ છે.

તંત્ર દ્વારા વિજ એકમોમાં શટડાઉન નહીં રાખીને પુરતા પ્રમાણમાં વિજળી ઉત્પન્ન કરવામાં આવી રહી છે. રાજયમાં મહતમ તાપમાનમાં વધારો થવાનું ચાલુ રહેશે તો વિજ ડીમાંડનો હજુ પણ નવો રેકોર્ડ સર્જાઈ શકે છે.

## ચૂંટણી પરીણામનાં દિવસે શેરબજારમાં ઉલટફેરની શકયતા : ૪૫ મીનીટ ટ્રેડીંગ બંધ રહેશે

મુંબઈ તા. ૩૦

લોકસભા ચૂંટણીનાં પરિણામના દિવસે શેરબજારમાં ઉચ્ચ પ્રવાહિતાની સંભાવના વચ્ચે શેરબજાર દ્વારા સર્કિટ ફિલ્ટર લાગુ થશે તો બજારની સ્થિતિ કેવી રહેશે એ અંગે જાહેરાત કરાઈ છે. ચૂંટણીનાં પરિણામ ૧ વાગ્યા પહેલાં સ્પષ્ટ થઈ જશે અને માર્કેટ ૧૦ ટકા ઉપર કે નીચે તરફ રહેશે તો એવા કિસ્સામાં ૪૫ મિનિટ્સ માટે ટ્રેડિંગ અટકાવાશે. માર્કેટમાં ૧૦ ટકા સર્કિટ ૧ વાગ્યાથી ૨.૩૦ની વચ્ચે લાગશે તો ૧૫ મિનિટ્સ માર્કેટમાં કામકાજ અટકાવાશે અને ૧૫ મિનિટ્સ પ્રી- ઓપન કોલ ઓક્શન સેશન રહેશે.

જ્યારે ૨.૩૦ પછી ૧૦ ટકાની સર્કિટના કિસ્સામાં કામકાજ બંધ નહીં રહે. ૧૫ ટકાની સર્કિટના કિસ્સામાં ૧ વાગ્યા પહેલાં લાગશે તો બજાર ૧.૪૫ મિનિટ્સ થંભી જશે અને તે પછી ૧૫ મિનિટ્સ પ્રી-ઓપન સેશન રહેશે. ૧થી ૨.૩૦ વાગ્યા દરમિયાન ૪૫ મિનિટ્સ બજાર બંધ રહેશે અને તે પછી ૧૫ મિનિટ્સ પ્રી-ઓપન સેશન રહેશે, જ્યારે ૨ વાગ્યા પછી સર્કિટ લાગશે તો તે પછી કામકાજ નહીં થાય. જ્યારે ૨૦ ટકાની સર્કિટ બજાર કામકાજ દરમિયાન લાગશે તો કામકાજ થંભી જશે.

## પુરીમાં ચંદન યાત્રા દરમ્યાન ફટાકડાનાં ઢગલામાં વિસ્ફોટ : ૧૫ ઘાયલ - ચાર ગંભીર

પુરી તા. ૩૦

ઓડિશાના પુરીમાં ગતરાત્રે ભગવાન જગન્નાથના ચંદન યાત્રા ઉત્સવ દરમિયાન ફટાકડાના ઢગલામાં વિસ્ફોટ થતાં ૧૫ લોકો દાઝી ગયા હતા. પોલીસે જણાવ્યું કે અકસ્માત સમયે સેંકડો લોકો નરેન્દ્ર પુષ્કરિણી સરોવરના કિનારે ધાર્મિક વિધિ જોવા માટે એકઠા થયા હતા. આ દરમિયાન કેટલાક ભક્તો ફટાકડા ફોડી રહ્યા હતા ત્યારે ફટાકડાના ઢગલા પર સ્પાર્ક પડતાં વિસ્ફોટ થયો હતો. ઘાયલોને જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે જેમાંથી ચારની હાલત ગંભીર છે.

## ઉજજૈનમાં મહાકાલેશ્વર મંદિરમાં સુરક્ષા કર્મીઓ અને યાત્રાળુઓ વચ્ચે બઘડાટી


ઉજજૈન, તા. ૩૦

ઉજજૈનના પ્રસિધ્ધ જયોતિર્લિંગ મહાકાલેશ્વર મંદિરમાં ભકતો અને સુરક્ષા કર્મચારીઓ વચ્ચે અથડામણની ઘટના બહાર આવી છે. ભગવાન મહાકાલની શયન આરતી દરમિયાન પ્રવેશ મામલે અને દ્વાર બંધ કરાતા ભાવિકો અને સુરક્ષા કર્મચારીઓ વચ્ચે મારામારી થઈ હોવાનું બહાર આવ્યું છે. મળેલી માહિતી મુજબ શંખદ્વાર બંધ થયા બાદ ભકતો અને સુરક્ષા કર્મચારીઓ વચ્ચે વિવાદ થયો હતો. ત્યારબાદ કેટલાક શ્રધ્ધાળુઓ અને સ્ટાફ વચ્ચે મારપીટ થઈ ગઈ હતી. મંદિર વ્યવસ્થાપન સમિતિ દ્વારા આ અંગે તપાસ કરાઈ હતી છે આ ઘટનાનો વિડીયો ઈન્ટરનેટ પર વાયરલ થઈ રહ્યો છે.

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

**હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ**

**ડો. જયંત એચ. પંડયા**
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૬૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

**મકાન વેચવાનું છે**

જૂનાગઢમાં ક્રીમ એરીયામાં, માલીવાડા વિસ્તારમાં સલટાવાડામાં, સોની ફળીયામાં ત્રણ માળનું, ૭ રૂમ વાળુ ત્રણ માળનું નવું મકાન સારી કન્ડીશનમાં, પહેલી નજરમાં ગમી જાય તેવું, વ્યાજબી ભાવમાં આપવાનું છે.

સંપર્ક : મો. ૯૬૩૮૯ ૭૪૮૮૬

**જૂનાગઢમાં વેચવાનું છે**


(૧) ડો. જસાણીનું દવાખાનું (પોસ્ટ ઓફીસ રોડ, આઝાદ ચોક) વેચવાનું છે
(૨) ગાંધીગ્રામ (કોન્વેન્ટ સ્કુલની સામે) ૫૦૦ વારનો બંગલો વેચવાનો છે. સાથે ૧૦ દુકાન ભાડે અથવા વેચવાની છે. (બેંકોવાળા માટે ખાસ)
(૩) લોખંડનાં ઘોડા નવા મોડેલનાં વેચવાના છે. (નંગ-૨૮)
(૪) જીમ માટેના સાધનની કીટ વેચવાની છે.

દુકાન, મકાન - જમીન લે-વેચ માટે મળો
મો. ૮૧૫૬૦ ૧૯૯૯૯

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત (કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

# ઉનામાં પીએસઆઈ વતી લાંચ સ્વીકારવા આવેલ વચેટીયાને ઝડપી લેતી એસીબી



(નવીન જોષી દ્વારા)

ઉના તા.૩૦

ઉના શહેરમાં ગઈ કાલે મોડી સાંજે ગીર ગઢડા રોડ ઉપર આવેલ અન્નપૂર્ણા હોસ્પિટલ સામે આણંદની એન્ટી કરપ્સન બ્યુરો ટીમ ના પી.આઈ. એમ.એલ. રાજપૂત અને તેની ટીમે છટકું ગોઠવી વિજય છગન ભાઈ જેઠવા ઉર્ફે ફાડીયો રે.ઉના વાળા ને ફરિયાદી પાસે થી રોકડા રૂપિયા એક લાખ લેતા ઝડપી પાડયો હતો. અને તેને ઉનાના સર્કિટ હાઉસમાં લઇ જઇ આગવી પૂછપરછ કરતા કરતા તેમણે અધિકારી સામે કબૂલાત આપેલ કે ઊના પોલીસ સ્ટેશન મા ફરજ બજાવતા પી.એસ.આઈ. એચ.કે.વરૂના કહેવાથી આ રૂપિયા લીધા હતા. વધુ વિગત આપતા અધિકારી એ જણાવેલ કે બે માસ અગાઉ ઊના પોલીસે વિદેશ દારૂનો જથ્થો પકડેલ હતો તપાસ પી.એસ.આઈ. એચ.કે.વરૂ પાસે હતી જેમાં ફરિયાદીના મિત્રને પકડેલ અને માર ન મારવાના અને દારૂના બારના અને અન્ય નામ ન ખોલવાના દીવના બાર સંચાલક પાસે રૂપિયા પાંચ લાખની માગણી કરેલ હતી. અંતમાં રકઝક કરી રૂપિયા એક લાખ આપવાનુ નક્કી કરેલ હતું જે રકમ ફરિયાદી દીવવાળાને ના આપવી હોય તેથી તેમણે લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો ઓફીસ ફરિયાદ કરી હતી અને એ. સી.બી. નિયામક અમદાવાદના કે.બી. ચુડાસમા ના સુપર વિઝન હેઠળ આણંદની એન્ટી કરપ્સન બ્યુરોના પી.આઈ.એમ. એલ. રાજપૂત અને તેની ટીમે ફરિયાદી અને પંચો સાથે રેડ કરી હતી. પકડાયેલ વચેટિયાઓ વિજય છગન ભાઈ જેઠવા ને પકડી તેનો મોબાઈલ ફોન કબજે કરી કોલ ડિટેલ કાઢવાની કાર્યવાહી હાથ ધરી છે તેમજ પી.એસ.આઈ. વરૂને ફોન કરતાં ફોન સ્વીચ ઓફ આવે છે અને પી.એસ.આઈ. ભૂગર્ભમાં ઉતરી ગયા છે.

જાણવા મળતી વિગત મુજબ આ પી.એસ.આઈ. અગાઉ એહમદ પુર માંડવી ચેક પોસ્ટ એ ફરજ બજાવી હતી. અને હાલ છેલ્લા ઘણા સમય થી ચેક પોસ્ટ ઉપર હાજરી જોવા મળી હતી. અગાઉ ડિસેમ્બરમાં પણ એ.સી. બી.એ એહમદ પુર માંડવી ચેક પોસ્ટ ઉપર રનીગ ટ્રેપ કરી વચેટિયા નિલેશ તડવી ને પકડેલ અને તત્કાલીન એ.એસ.આઈ.નિલેશ મૈયા પી. આઈ.નિલેશ ગોસ્વામીને પકડેલ હતા આમ ફરીવાર ઊના પોલીસ ના પી.એસ..આઈ. વરુ નો વચેટિયા પકડાઈ જતા ઊનાની ખાખી વર્દી વિવાદ મા આવી છે. હવે તો પી.એસ.આઈ. વરું મળે પછી વિગત બહાર આવે.

# ધામળેજ ગામે સમસ્ત ચાવડા પરિવાર દ્વારા રાંદલ માતાજીની મૂર્તિ, ચામુંડા માતાજી ત્રિશુલ ત્રિદિવસીય સુધી પ્રાણ પ્રતિષ્ઠા યોજાશે

(પ્રતિનિધી દ્વારા)

પ્રાચી તીર્થ તા.૩૦

ધામળેજ ગામે સમસ્ત ચાવડા પરિવાર દ્વારા કોળીસમાજની વંડી વેરાવળ કોડીનાર હાઈવે રોડ ની બાજુ માં રાંદલ માતજી નું મંદિરે શ્રી રાંદલ માતાજીની મૂર્તિ તથા શ્રી ચામુંડા માતાજી ત્રિશુલ ત્રિદિવસીય સુધી પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નો કાર્યક્રમ યોજાશે આ કાર્યક્રમનું રૂપરેખામાં પ્રથમ દિવસ સવંત ૨૦૮૦ ના વૈશાખ વદ -૮ શુક્રવાર તા.૩૧-૫-૨૦૨૪ નગર યાત્રા ,હેમાદ્રી શ્રવણ,દેહ શુધ્ધિ, જલ યાત્રા ગણપતિ પૂજન,સ્થાપન પૂજન,આરતી તથા દ્વિતીય દિવસ : સવંત ૨૦૮૦ ના વૈશાખ વદ -૯ શનિવાર તા.૧-૬-૨૦૨૪ પ્રાંત પૂજન,મૂર્તિ જલાધિવાસ, ધાન્યા ધિવાસ ,યજ્ઞ પ્રારંભ ,ગ્રહશાંતી હોમ પ્રધાન દેવીયાગ ,મૂર્તિ શય્યાધિવાસ, આરતી તથા તૃતીય દિવસ : સવંત ૨૦૮૦ ના વૈશાખ વદ -૧૧ રવિવાર તા.૨-૬-૨૦૨૪ પ્રાંત પૂજન , દેવી ન્યાસ , મંદિર વાસ્તુ પૂજન , મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા દેવી મૂર્તી મંદિરમાં બિરાજમાન , શિખર પૂજન , ધ્વજા પૂજન , પુર્ણાહુતી ( બીડુ હોમ ) મહા આરતી તથા તા.૨-



૬-૨૦૨૪ રવિવાર રાત્રીના ૯-૦૦ કલાકે ભવ્ય લોકડાયરા નું આયોજન રાખેલ છે જેમાં કલાકારો ગાયક વિવેક ચાથલ , અપેક્ષા પંડીયા , રિધમ યોગેશ પુરબીયા સહિતના પોતાની વાણી માં મોજ કરાવશે તથા મહાપ્રસાદનું પણ ભવ્ય આયોજન રાખેલ છે તો આ ધાર્મિક પ્રસંગ માં પધારવા સમસ્ત ચાવડા પરિવાર દ્વારા જાહેર જનતાને આમંત્રણ પાઠવે છે.

(તસ્વીર : જાદવ ચુડાસમા)

# દ્વારકામાં આવતીકાલે નિઃશુલ્ક સદ્ગુરૂ નેત્રયજ્ઞ યોજાશે


(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૩૦

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી - દ્વારકા ના ઉપક્રમે પુ. શ્રી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પીટલ રાજકોટ, તેમજ શ્રી આનંદભાઈ ગોકાણી મેનેજીંગ ટ્રસ્ટી માતુશ્રી મોંઘીબેન હ.વિ.ગો.મે. ચે. ટ્રસ્ટ- દ્વારકા ના સંયુકત સહયોગથી તારીખ ૩૧/૦૫/૨૦૨૪ શુક્રવાર, સવારે ૯:૩૦ તી ૧૧:૦૦ સુધી શ્રી લોહાણા મહાજન વાડી, સ્વામીનારાયણ મંદિર માર્ગ, દ્વારકા ખાતે નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરેલ છે. આ નેત્ર નિદાન યજ્ઞમાં શ્રી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પીટલ રાજકોટના આંખના ડોકટરોની ટીમ સેવા આપશે. નેત્ર નિદાન કરી જરૂરીયાત મંદ દર્દીઓને દવા આપવામાં આવશે. તેમજ મોતીયાના, ઓપરેશનની જરૂરીયાત વાળા દર્દીઓને કેમ્પના દિવસે રાજકોટ લઈ જઈ આધુનિક ફેકો મશીનથી વિનામુલ્યે ઓપરેશન કરી નેત્રમણી બેસાડી પરત દ્વારકા લાવવમાં આવશે. દર્દીઓને લાવવા , લઈ જવા, રહેવા, જમવાની વ્યવસ્થા નિઃશુલ્ક કરેલ છે. કેમ્પના દિવસે સ્થળ પર જ સવારે ૯.૦૦ થી ૧૦.૩૦ સુધી નામ નોંધાવી શકાશે. સાથે વધુ માહિતી માટે (૧) અશ્વિનભાઈ સી. ગોકાણી - દ્વારકા, મો: ૯૮૭૯૧૭૭૧૪૦ (૨) દિલીપભાઈ કોટેચા - મીઠાપુર, મો: ૯૮૨૪૨ ૩૮૧૬૩ (૩) હસમુખભાઈ કાનાણી - સુરજકરાડી, મો. ૮૧૨૮૫ ૯૫૯૫૬નો સંપર્ક સાધવો. કેમ્પનો લાભ લેવા જાહેર જનતા ને અનુરોધ છે.

## ૨૦થી વધુ લોકો દાઝી ગયા, ઘણાની હાલત ગંભીર છે

# ભગવાન જગન્નાથની ચંદન યાત્રા દરમ્યાન ફટાકડામાં વિસ્ફોટ થયો



**ઘટના અંગે માહિતી આપતા પોલીસે જણાવ્યું કે નરેન્દ્ર પુષ્કરિણી સરોવર ખાતે ચંદન યાત્રા પર્વ માટે સેંકડો લોકો એકઠા થયા હતા**

પુરી, તા.૩૦

પુરીમાં ભગવાન જગન્નાથની ચંદન યાત્રા દરમ્યાન આ દુર્ઘટના બની હતી. ચંદન યાત્રા દરમ્યાન ફટાકડામાં વિસ્ફોટ થતાં ૧૫ શ્રદ્ધાળુઓ દાઝી ગયા હતા, જેમાંથી ચારની હાલત નાજુક હોવાનું કહેવાય છે. આ ઘટના પર શોક વ્યક્ત કરતા રાજયના મુખ્યમંત્રી નવીન પટનાયકે ઘાયલોની યોગ્ય સારવાર સુનિશ્ચિત કરવાનો નિર્દેશ આપ્યો છે. કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને પણ આ ઘટના પર શોક વ્યક્ત કર્યો છે. ઓડિશાના પુરીમાં વિશ્વ પ્રસિદ્ધ ભગવાન જગન્નાથની ચંદન યાત્રા મહોત્સવમાં ફટાકડાના ઢગલા ફાટવાને કારણે ૨૦થી વધુ શ્રદ્ધાળુઓ દાઝી ગયા છે. ઘટના અંગે માહિતી આપતા પોલીસે જણાવ્યું કે નરેન્દ્ર પુષ્કરિણી સરોવર ખાતે ચંદન યાત્રા પર્વ માટે સેંકડો લોકો એકઠા થયા હતા. આ દરમિયાન શ્રદ્ધાળુઓનું ટોળું ફટાકડા ફોડી રહ્યું હતું, જેમાંથી એક તણખો ફટાકડાના ઢગલામાં પડી ગયો હતો. જેના કારણે વિસ્ફોટ થયો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, ફટાકડા ફૂટ્યા બાદ તેઓ ભીડમાં પડ્યા હતા. જેના કારણે અનેક લોકો ઘાયલ થયા છે. તે જ સમયે, કેટલાક લોકોએ ફટાકડાથી બચવા માટે તળાવમાં કૂદી પડ્યા હતા. એક ડોક્ટરે જણાવ્યું કે ઘાયલ લોકોને જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે અને તેમાંથી ચારની હાલત ગંભીર છે. આ ઘટના પર દુઃખ વ્યક્ત કરતા મુખ્યમંત્રી નવીન પટનાયકે સોશિયલ મીડિયા ઠ પર લખ્યું, પુરી નરેન્દ્ર પૂલ પાસે થયેલા અકસ્માત વિશે સાંભળીને દુઃખ થયું. મુખ્ય વહીવટી સચિવ અને જિલ્લા વહીવટીતંત્રને ઘાયલોની યોગ્ય સારવાર સુનિશ્ચિત કરવા અને વ્યવસ્થા પર દેખરેખ રાખવા સૂચના આપવામાં આવી છે. ઘાયલોનો તમામ તબીબી ખર્ચ મુખ્યમંત્રી રાહત ફંડમાંથી ઉઠાવવામાં આવશે. હું દરેકને સારા સ્વાસ્થ્યની ઈચ્છા કરું છું.આ ઘટના પર દુખ વ્યક્ત કરતા કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું કે, પુરી ચંદન યાત્રા દરમિયાન નરેન્દ્ર પુષ્કરિણી દેવીઘાટ પર થયેલા કમનસીબ અકસ્માતમાં ઘણા લોકો ઘાયલ થયાના સમાચાર સાંભળીને દુઃખ થયું. હું ભગવાનને પ્રાર્થના કરું છું કે જેમની સારવાર ચાલી રહી છે તેઓ જલ્દી સ્વસ્થ થઈને ઘરે પાછા ફરે.

# જૂનાગઢ મસ્જીદે રઝામાં હુઝુર તાજુશરીયાહનો છઠ્ઠો ઉર્ષ શરીફ શાનદાર રીતે ઉજવાયો

**હુઝુર અઝહરીમીયાં સાહેબને જૂનાગઢથી સૌ પ્રથમ હુઝુર મારફાની સાહેબે તાજુલ ઈસ્લામનો ખિતાબ અર્પણ કરેલ હતો**

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩૦

સર્વોચ્ચ સુન્નીઓના વડા વારીસે ઉલુમે આ'લા હઝરત જાનીને હુઝુર સરકાર મુફતીએ આઝમે હિન્દુ હુઝુર તાજુશ્થરીયાહ હઝરત અલ્લામાં મુફતી મોહંમદ અખ્તર રઝાખાન સાહેબ અઝહરીમીયાં અલયહીર્રહમાંનો છઠ્ઠો વાર્ષિક ઉર્ષ શરીફ તા.૨૬-૫-૨૦૨૪ રવિવારના રોજ જૂનાગઢની ધરતી ઉપર અમીરે અહલે સુન્નત, મખ્ખને રૂહાનીયત, હઝરત અલ્લામાં અલ્હાજ પીર નૂરમુહંમદ મારફાની સાહબ ખલીફએ હુઝુર મુફતીએ આઝમે હિન્દુ અલયહીર્રહમાં ની રૂહાની સરપરસ્તીમાં અને શહેઝાદએ ખલીફએ હુઝુર મુફતીએ આઝમે હિન્દુ, પીરે તરીકત હુઝુર ગુલઝારે મિલ્લત હઝરત અલ્લામાં અલ્હાજ ગુલઝાર અહમદ સાહબ નૂરી મઝીલ્લહુલ આલી સજ્જાદાહનશીન ખાનકાહે રઝવિય્યાહ નૂરીય્યાહની ઝેરે સદારતમાં અદબો એહતરામ સાથે મર્કઝે એહલે સુન્નત મસ્જીદે રઝામાં મનાવવામાં આવેલ જેમાં સવારે ૯-૦૦ વાગ્યાથી ખાનકાહે રઝવિય્યાહ નૂરીય્યાહ દ્વારા સંચાલીત નૂરી કલીનીકમાં હિજામા કેમ્પનું આયોજન કરવામાં આવેલ જેમાં જૂનાગઢ તેમજ આજુબાજુના ગામના લોકોએ આ હિજામા કેમ્પનો લાભ લીધો હતો. ત્યાર બાદ સાંજે મગરીબની નમાઝ બાદ દારૂલ ઉલુમ અન્વારે મુસ્તફાના મુદર્રીસ મૌલાના કારી નિયાઝ એહમદ સાહબ મુસ્તફાઈએ બહેતરીન અંદાઝમાં તિલાવતે કુંઆન પઢી જલ્સાની શરૂઆત કરી હતી. ત્યાર બાદ ખાનકાહે રઝવિય્યાહ નૂરીય્યાહ, મસ્જીદે રઝાના મખ્સસ નાતખ્વાં બુલબુલે બાગે મદીના જનાબ મોમદ તૌહીદ રઝા સલ્લમહુએ તેમના અનોખા અંદાઝમાં હુઝુર તાજુશરીયાહની લખેલી નાતે પાક પેશ કરી હતી. ત્યાર બાદ આલેનબી ઔલાદે અલી હઝરત મૌલાના સૈયદ મો. સાજીદ બાપુ સાહબ મુસ્તફાઈએ તેમના બયાનમાં જણાવેલ કે આ એજ મર્કઝે એહલે સુન્નત મસ્જીદે રઝા છે અને આ જ મસ્જીદે રઝાથી હુઝુર અમીરે અહલે સુન્નત હઝરત અલ્લામાં અલ્હાજ પીર નુરમુહંમદ મારફાની સાહબ અલયહીર્રહમાં એ તા.૧૮ ઓગષ્ટ ૧૯૮૪ના રોજ જૂનાગઢના એક ઐતિહાસીક જસ્સામાં ઓલમા તથા મશાએખીનની હાજરીમાં હુઝુર તાજુશ્શરીયાહ હઝરત મુફતી મોહંમદ અખ્તર રઝા સાહેબને સૌ પ્રથમ તાજુલ ઈસ્લામનો ખિતાબ અર્પણ કરેલ હતો. ત્યાર બાદ રાજકોટથી પધારેલા ખલીફએ હુઝુર તાજુશ્શરીયાહ હઝરત મૌલાના અલ્હાજ સૈયદ મોહંમદ સિકંદર બાપુ રઝવી નૂરીએ હુઝુર તાજુશ્શરીયાહની હયાતે ઝિંદગી અને અકાઈદે એહલે સુન્નત તથા ઈલ્મી શખ્સીયત ઉપર બેહતરીન ખિતાબ ફરમાવેલ અંતમાં શેહઝાદએ ખલીફએ હુઝુર મુફતીએ આઝમે હિન્દ પીરે તરીકત હુઝુર ગુલઝારે મિલ્લત હઝરત અલ્લામાં ગુલઝાર અહમદ નૂરી સાહેબ મદઝિલ્લહુઆલીએ હુઝુર સરકાર મુફતીએ આઝમે હિન્દ તથા હુઝુર તાજુશ્શરીયાહના ઈલ્મી મકામ તથા બારગાહે મુસ્તફામાં આપની મહબુબીયત અને મકબુલીયત પર શાનદાર ખિતાબ ફરમાવી હાજર રહેલ તમામના દીલોને મુનવ્વરો મુજલ્લા ફરમાવી દીધા. સલાતો સલામ બાદ ઉસ્તાઝુલ ઓલમા હઝરત મફતી હસીબુર્રહમાન સાહબ નૂરીની દુઆ પર જલ્સો પૂર્ણ થયેલ. રાત્રે ૧૦ વાગ્યે ઈશાંની નમાઝ બાદ જમાઅત અદા કરવામાં આવી હતી. ત્યાર બાદ આમ ન્યાઝ જમાડવામાં આવેલ. આ જલ્સામાં મુરીદો તથા અકીદતમંદોએ બહોળી સંખ્યામાં હાજરી આપી હતી તેમ ખાનકાહે રવિય્યાહ નૂરીય્યાહ - જૂનાગઢની યાદી જણાવે છે.

## દોઢ લાખથી વધુ મુસાફરો પ્રભાવિત

# ગુજરાતથી મુંબઈ રેલ વ્યવહાર ૨૪ કલાકથી

**પાલઘરમાં યાર્ડમાં મંગળવારે સાંજે સ્ટીલ કોઈલ્સ લઇ જતી ગુડ્ઝ ટ્રેનના ગાર્ડ સહિતના ૭ વેગન પાટા પરથી ખડી પડતા સ્થિતિ સર્જાવા પામી છે**



અમદાવાદ તા.૩૦

દેશની લાઈફલાઈન રેલવેનો મુંબઈ-ગુજરાત વચ્ચેનો રેલ વ્યવહાર છેલ્લા ૨૪ કલાકથી ખોરવાઇ ગયો છે. પાલઘરમાં યાર્ડમાં મંગળવારે સાંજે સ્ટીલ કોઈલ્સ લઈ જતી ગુડ્ઝ ટ્રેનના ગાર્ડ સહિતના ૭ વેગન પાટા પરથી ખડી પડતા સ્થિતિ સર્જાવા પામી છે. ગુડ્ઝ ટ્રેન ડીરેઈલ થતા જ રેલવે તંત્રે નંદુરબાર, ઉધના, બાંદ્રા અને વલસાડથી ટ્રેક રિસ્ટોરેશન માટે એકિસડન્ટ રિલીફ ટ્રેનો તાબડતોબ રવાના કરી હતી. બીજી તરફ યાત્રીઓની સુવિધા માટે સુરત, ઉધના અને વાપી સ્ટેશને હેલ્પ ડેસ્ક શરૂ કરી દેવાયા હતા.

સુરતથી મુંબઈ જતા અપલાઈનના ટ્રેક તેમજ ઓવર હેડ લાઇનને ભારે નુકસાન થતા ગુજરાતથી મુંબઈ તરફ જતો ટ્રેન વ્યવહાર ઠપ થઈ ગયો હતો.મંગળવાર સાંજથી જ રેલવે તંત્ર દ્વારા સુરત-મુંબઈ સેકશન વચ્ચે લોકલ ટ્રેન તેમજ સુરતથી મુંબઈ જતી ટ્રેનોને ડાયવર્ટ, શોર્ટ ટર્મિનેટ, રદ, આંશિક રદ અને રિશિડ્યુલ કરવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી. ટ્રેક અને ઓવર હેડ લાઇનને ભારે નુકસાન સાથે પાટા પરથી ખડી પડેલા વેગન સાથે સ્ટીલ કોઈલ્સના રોલ હટાવવા ભારે ભરખમ મશીનરી તેમજ મેન પાવર યુદ્ધના ધોરણે કામે લગાડી દેવાયો હતો. બુધવારે સવારથી સાંજે ૪ વાગ્યા સુધીમાં પશ્ચિમ રેલવેએ ૯૪થી વધુ ટ્રેનો કેન્સલ, ડાયવર્ટ, શોર્ટ ટર્મિનેટ અને રિશિડ્યુલ કરતા દોઢ લાખથી વધુ મુસાફરો વેકેશન તેમજ ચાર ધામ યાત્રા વચ્ચે પ્રભાવિત થયા હતા. અટવાઈ ગયેલા મુસાફરો માટે અંકલેશ્વર, સુરત, વાપી, વલસાડ, ઉધના સ્ટેશને પાણી, નાસ્તા અને બસની વ્યવસ્થા કરાઈ હતી.

આ ઉપરાંત રિફંડ કાઉન્ટરો પણ ધમધમતા કરાયા હતા. અંકલેશ્વર સ્ટેશને બિકાનેરથી દાદર જતી ટ્રેનને ટૂંકાવી દઈ ૧૭૦૦ મુસાફરો માટે ૧૦ એસ.ટી. બસની વ્યવસ્થા કરાઈ હતી. આણંદ રેલવે સ્ટેશન પર અમદાવાદ તરફથી આવતી બિકાનેર એક્સપ્રેસ ટ્રેનને અટકાવી દઈ રેલવે તંત્ર દ્વારા ત્યાંથી મુસાફરોને ચાલુ રૂટ તથા એક્સ્ટ્રા ૨૪ બસ દ્વારા તેમના સ્થળોએ મોકલવાની વ્યવસ્થા કરાઈ હતી. જેના કારણે મોટી સંખ્યામાં મુસાફરો અટવાઈ ગયા હતા અને તેમને બસ માર્ગે જવાની ફરજ પડી હતી. તમામ મુસાફરો માટે રેલવે તંત્ર દ્વારા રિફંડની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.

## પરિવાર રજા માણવા ગયો હતો

# સિંગાપોર: ભારતીય મૂળના વ્યક્તિનું ઝેરી ગેસ શ્વાસમાં લેવાથી મોત

**ઉનાળાની રજાઓ માટે સિંગાપોર પહોંચેલા શિવરામનના પરિવારના સભ્યો તેમના મૃત્યુના સમાચારથી સ્તબ્ધ છે**

નવી દિલ્હી, તા.૩૦

સિંગાપોરમાં ઝેરી ગેસ શ્વાસમાં લેવાથી ભારતીય મૂળના એક વ્યક્તિનું મોત થયું હતું. ૪૦ વષીય શ્રીનિવાસ શિવરામન તમિલનાડુના રહેવાસી હતા. જેઓ સુપરસોનિક મેન્ટેનન્સ સર્વિસમાં ક્લીનિંગ ઓપરેશન મેનેજર તરીકે કામ કરતા હતા. ટાંકી સાફ કરતી વખતે શિવરામન ઝેરી ગેસના સંપર્કમાં આવ્યા હતા, જેના કારણે તેમનું મૃત્યુ થયું હતું. તે જ સમયે, તેમની ૭ અને ૯ વર્ષની પુત્રીઓ, તેમના પિતાના મૃત્યુથી અજાણ, તેમના પિતા વિશે પૂછી રહી છે.પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું છે કે સુપરસોનિક મેન્ટેનન્સ સર્વિસિસના કિલનિંગ ઓપરેશન્સ મેનેજર શિવરામન ૨૩ મેના રોજ પબ્લિક યુટિલિટી બોર્ડના ચોઆ ચુ કાંગ વોટર વર્કર્સમાં ટાંકીની સફાઈ કરી રહ્યા હતા. આ દરમિયાન તેમની સાથે બે મલેશિયન કર્મચારીઓ પણ હાજર હતા. ઝેરી ગેસનો ભોગ બનતા ત્રણેય સ્થળ પર જ બેભાન મળી આવ્યા હતા, ત્યારબાદ તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરોએ શિવરામનને મૃત જાહેર કર્યા હતા. જ્યારે મલેશિયન કામદારો હોસ્પિટલમાં સઘન સંભાળમાં છે. ત્રણેય લોકો હાઈડ્રોજન સલ્ફાઈડ ગેસના સંપર્કમાં આવ્યા હતા.તે જ સમયે, ઉનાળાની રજાઓ માટે સિંગાપોર પહોંચેલા શિવરામનના પરિવારના સભ્યો તેમના મૃત્યુના સમાચારથી સ્તબ્ધ છે. ધ સ્ટ્રેટ્સ ટાઈમ્સ અનુસાર, શિવરામનની પત્ની નમ્રતા, તેમની બે નાની પુત્રીઓ મહાશ્રી, ૯ અને નિશા, ૨ મેના રોજ સિંગાપોર આવી હતી અને મલેશિયા જવાની યોજના બનાવી રહી હતી. શિવરામનના મૃત્યુના સમાચાર મળતા તેઓ બીજા જ દિવસે તમિલનાડુના કમ્બરનાથમ ગામમાં તેમના ઘરે પાછા ફર્યા.

ઉપરાંત, ૨૮ મેના રોજ, તમિલનાડુના તંજાવુરમાં શિવરામનના મૃતદેહના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.દરમિયાન, શિવરામનના સાળા મોહન નવીન કુમાર, જે સિંગાપોરમાં ફૂડ ડિસ્ટ્રિબ્યુશન સેક્ટરમાં કામ કરે છે, તેમણે કહ્યું કે, તેમણે (શિવરામને) તેમના પરિવારને ખાડી દ્વારા ગાર્ડન્સ જોવા માટે સાંજે ૫ વાગ્યે તૈયાર રહેવા કહ્યું હતું. તેની દીકરીઓ ખૂબ જ ઉત્સાહિત હતી. નવીન કુમારે ધ સ્ટ્રેટ ટાઈમ્સને કહ્યું, ‘‘દીકરીઓ પૂછતી હતી કે અમારા પિતા ક્યાં છે, જેમણે સિંગાપોર એરપોર્ટ પર અમારું સ્વાગત કર્યું હતું.’’

# રૂા. ૨૫૦ કરોડની સબમરીન ખોટકાતા ટોમ ક્રૂઝની ફિલ્મ વિલંબમાં મૂકાઈ

મુંબઈ, તા.૩૦

ટોમ ક્રૂઝની ‘મિશન ઈમ્પોસિબલ’ ફ્રેન્ચાઈઝીમાં આઠમી ફિલ્મનું શૂટિંગ શરૂ થયું છે. આ ફિલ્મના પ્રોડકશનમાં અત્યાર સુધી રૂ.૩૦૦૦ કરોડનો ખર્ચ થઈ ચૂક્યો છે ત્યારે વિલંબ સર્જાયો છે. આ વિલંબનું કારણ બની છે, રૂા.૨૫૦ કરોડની સબમરીન. ફિલ્મના શૂટિંગ માટ રૂા.૨૫૦ કરોડની સબમરીન લેવામાં આવી હતી, પરંતુ ચાલુ શૂટિંગે સબમરીન ખોટકાઈ ગઈ. તેના કારણે શૂટિંગ અટકાવવું પડ્યું અને આ વિલંબના કારણે ફિલ્મનું બજેટ વધવાની આશંકા છે. બોલિવૂડમાં રૂ.૩૦૦ કરોડની ફિલ્મ બનાવવામાં મોટાભાગના ફિલ્મ મેકર્સને જોખમ લાગતું હોય છે ત્યારે હોલિવૂડમાં રૂા.૩૦૦૦ કરોડથી વધુના બજેટમાં ટોમ ક્રૂઝની ફિલ્મ બની રહી છે.

ફિલ્મના શૂટિંગ માટે સબમરીનને ૧૨૦ ફૂટ નીચે ઉતારવામાં આવી હતી. ભારે વજનના કારણે આ સબમરીન અચાનક બંધ થઈ હતી અને શૂટિંગ અટકાવવું પડ્યું હતું. રિપોર્ટ્સ મુજબ, સબમરીનના રીપેરિંગમાં લાંબો સમય લાગી શકે છે અને તેના કારણે એકાદ મહિના જેટલો વિલંબ થવાનો છે. શૂટિંગમાં અત્યાર સુધી ૪૦૦ મિલિયન ડોલર (રૂા.૩૩૨૫ કરોડ) વપરાઈ ચૂક્યા છે અને વિલંબના કારણે બજેટમાં વધારો થવાનું નિશ્ચિત છે. એક દિવસના વિલંબમાં કરોડો રૂપિયાનો ખર્ચ વધી રહ્યો છે ત્યારે સબમરીનને ઝડપથી રીપેર કરાવવા પ્રયાસ થઈ રહ્યા છે.

‘મિશન ઈમ્પોસિબલ ૮’ને આ વર્ષે મે-જૂનમાં રિલીઝ કરવાનું આયોજન હતું. જો કે અગાઉ પણ શૂટિંગમાં વિલંબ થયો હતો અને વારંવારના વિલંબના કારણે આ ફિલ્મ મે ૨૦૨૫માં રિલીઝ થાય તેવી શકયતા હતી. દરમ્યાન સબમરીને સમસ્યા ઊભી કરતાં રિલીઝ ડેટ વધુ એક વખત લંબાઈ શકે છે.

‘મિશનઃ ઈમ્પોસિબલ-ડેડ રેકનિંગ પાર્ટ વન’ની સીક્વલ તરીકે આઠમી ફિલ્મ બની રહી છે. તેનું ટાઈટલ હજુ નક્કી થયું નથી. જુલાઈ ૨૦૨૩માં હોલિવૂડ રાઈટર્સની હડતાલે ફિલ્મને અસર કરી હતી. જેના કારણે માર્ચ ૨૦૨૪માં શૂટિંગ ફરી શરૂ થયું હતું.

### શહેરમાં આવેલા વોકળાની સફાઈ કરી નાખવામાં આવી હોવાના તંત્રના દાવા સામે

# જૂનાગઢમાં આલ્ફા સ્કુલ પાસે આવેલા વોકળામાં કચરાના ગંજનાં ખડકલાની બોલતી તસ્વીર





જૂનાગઢ, તા.૩૦

ચોમાસા પહેલા મનપા તંત્ર દ્વારા શહેરના તમામ વોકળાની સફાઈ કરી નાખવામાં આવી હોવાના દાવાઓ કરવામાં આવી રહ્યા છે તો બીજી તરફ શહેરમાં આવેલા વોકળામાં હજી પુરતી સફાઈની કામગીરી થઈ ન હોવાની ફરીયાદો ઉઠવા પામી છે. જૂનાગઢ શહેરમાં રાયજીનગર અને આલ્ફા સ્કુલ પાસેના પુલ નીચેનો જે વોકળો જોવા મળે છે તે વોકળાની આ તસ્વીર છે અને જેમાં કચરાના ઢગલા અને ગંજ ખડકાયેલા જોવા મળે છે. ગત વર્ષે આ વોકળાનું પાણી જ બેકાબુ બન્યું હતું અને મોતીબાગ અને રાયજીનગર સહીતના વિસ્તારોની બેટ જેવી હાલત બનાવી દીધી હતી. ફરી પાછી આવી કોઈ જળ પ્રલયની ઘટના ન બને તે માટે શહેરના વોકળાઓ ઉંડા ઉતારી અને સાફ કરવાની માંગણી ઘણા સમયથી પ્રજાજનોની છે તો તેની સામે તંત્ર દ્વારા વોકળાની સફાઈ કરી નાખી હોવાના દાવા થઈ રહ્યા છે પરંતુ પ્રસ્તુત તસ્વીરમાં વોકળામાં રહેલા કચરાના ગંજ સ્પસ્ટ દર્શાય રહ્યા છે ત્યારે આ અંગે તત્કાલ કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે.

# જૂનાગઢ જીલ્લામાં પ્રી-મોન્સુનની કામગીરીની સમીક્ષા કરતા કલેક્ટર અનિલકુમાર રાણાવસિયા





જૂનાગઢ, તા.૩૦

જિલ્લા સમાહર્તા અનિલ કુમાર રાણાવસિયાએ આગામી ચોમાસાને અનુલક્ષીને પ્રિમોન્સૂન કામગીરીની સમીક્ષા કરી હતી. ખાસ કરીને તેમણે ભારે વરસાદની સ્થિતિમાં પહોંચી વળવા માટે પૂર્વ આયોજન કરવા માટે જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી.

જિલ્લા કલેકટર કચેરી ખાતે મળેલી આ બેઠકમાં કલેકટરે વરસાદના પાણીના કુદરતી વહેણની સાફ સફાઈ સમયસર પૂર્ણ કરવા માટે સુચના આપી હતી. ઉપરાંત કોઝ-વે સહિતના સ્થળોએ લોકોને પાણીના પ્રવાહ વિશે જાણકારી મળી રહે તે માટે જરૂરી સૂચનાઓ સાથેના સાઈન બોર્ડ લગાવવા માટે સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી. સિંચાઈ વિભાગ દ્વારા તા.૧લી જૂનથી ફલડ સેલ કાર્યરત કરવામાં આવશે.

આ બેઠકમાં સંભવિત પૂર કે આપત્તિની સ્થિતિનો સામનો કરવા માટે નગરપાલિકા, ગ્રામ પંચાયત કક્ષાએ જરૂરી પૂર્વ તૈયારીઓ અને આયોજન કરવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપરાંત જર્જરીત મકાનો ખાલી કરવા માટે નોટિસ આપવાથી માંડી અન્ય જરૂરી પગલાઓ લેવા માટે નિર્દેશ આપવામાં આવ્યા હતા.

ઉપરાંત જિલ્લાની સ્કૂલ-કોલેજો, હોટલ, હોસ્પિટલ સહિતના સ્થળોએ ફાયર સેફટી માટે જરૂરી પગલાં લેવા સંબંધિત અધિકારીઓને સૂચનાઓ આપી હતી. આ બેઠકમાં મ્યુનિસિપલ કમિશ્નર ઓમ પ્રકાશ, જિલ્લા વિકાસ અધિકારી નીતિન સાંગવાન, જિલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા, નિવાસી અધિક કલેકટર એન.એફ. ચૌધરી સહિતના સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢમાંમધર ડેરી ખાતે સફળતાપૂર્વક મોકડ્રિલ યોજાઈ

### પૂર્વ નિર્ધારીત એમોનિયા ગેસ લીકેજની મોકડ્રિલમાં ફાયર, પોલિસ, હેલ્થ સહિતની એજન્સીઓની રાહત-બચાવની કામગીરી





જૂનાગઢ, તા.૩૦

તંત્રની સજાગતા અને સતર્કતાના પરીક્ષણ માટે સમયાંતરે મોકડ્રિલ યોજવામાં આવે છે. તેવી એક મોકડ્રિલ જૂનાગઢ ખાતે મધર ડેરીમાં યોજવામાં આવી હતી. જેમાં પુર્વ નિર્ધારીત રીતે એમોનિયા ગેસ લિકેજનો સિનારીયો ઉભો કરવામાં આવ્યો હતો. જેમા ફાયર, પોલિસ, આરોગ્ય સહિતની એજન્સીઓએ સમયસૂચકતા સાથે રાહત બચાવ માટે કાર્યવાહી હાથ ધરી હતી. આમ, વિવિધ વિભાગોના સંકલન સાથે સફળતાપૂર્વક મોકડ્રીલ યોજાઈ હતી. રાહત-બચાવ માટે એજન્સીઓએ જરૂરી સંકલન સાધી અને સુરક્ષા સાધનો સાથે એમોનિયા ગેસ લિકેજને રિકવર કર્યુ હતુ. આ મોકડ્રિલના માધ્યમથી ખાસ વિવિધ ઈમરજન્સી સેવાઓ અને વિભાગનો આપત્તિને રિસ્પોન્ડ કરવાનો સમય અને તેને અનુલક્ષીને કામગીરીને નોંધવામાં આવે છે. આમ, આ ફિડબેકના આધારે આપત્તિના સમયમાં રાહત બચાવની કામગીરીને વધુ સુદ્રઢ કરવામાં આવે છે. જિલ્લા કલેકટર અનિલ કુમાર રાણાવસીયાના માર્ગદર્શન હેઠળ નિવાસી અધિક કલેકટર એન.એફ.ચૌધરીએ માકડ્રિલ માટે જરૂરી તૈયારીઓ સંદર્ભે બેઠક કરી હતી. અંતમાં પ્રાંત અધિકારી ચરણસિંહ ગોહિલે મોકડ્રિલની સમીક્ષા કરી હતી. આ ઓફ સાઈટ મોકડ્રિલ અનુસંધાને સંબંધીત વિભાગના અધિકારીઓ ઘટના સ્થળે પહોચ્યા- ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢ સંગ્રહાલય દ્વારા પર્યાવરણ દિવસની ઉજવણી કરાશે

જૂનાગઢ, તા.૩૦

આગામી તા. ૫ જુનના પર્યાવરણ દિવસ નિમિત્તો પુરાતત્વ નિયામક અને સંગ્રહાલય વિભાગ, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, જૂનાગઢ મ્યુઝિયમ જૂનાગઢ દ્વારા તેની વિશિષ્ટ વિવિધ સ્તરે ઉજવણી કરાશે. જેના પ્રથમ ચરણમાં સવારે ૧૦ વાગ્યે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાશે. આ ઉપરાંત ઈકો ફ્રેન્ડલી કાર્ડ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ છે. આ સિવાય સંગ્રહાલયના પટાંગણમાં આવેલા વૃક્ષની તસવીર સ્પર્ધાનું પણ આયોજન કરાયું છે. આ તસવીર સાથે તે વૃક્ષનું નામ પણ જણાવવાનું રહેશે. આ જ રીતે માટી પાત્ર પર પક્ષી દોરવાની સ્પર્ધા પણ યોજાનાર છે. આ સ્પર્ધાઓમાં તમામ વયના લોકો ભાગ લઈ શકશે. તમામ આયોજન સંગ્રહાલય પરિસર, તાજ મંજીલ, ઓપેરા હાઉસમાં સવારનાં ૧૦ થી સાંજના ૫ દરમ્યાન કરાયું છે. સ્પર્ધા માટેની વિગતો તથા નિયમો અને રજીસ્ટ્રેશન માટે ૮૩૨૦૦ ૮૨૭૪૨ નો સંપર્ક કરવા સંગ્રહાલયનાં ક્યૂરેટર ડો. શેફાલિકા અવસ્થીની યાદીમા જણાવવામાં આવ્યું છે.

### ૬૫ વર્ષના માનસિક અસ્વસ્થ વૃદ્ધા

# જૂનાગઢ સીટી વિસ્તારમાં ભૂલા પડી જતાં ૧૮૧ મહિલા હેલ્પ લાઈન ટીમે પરિવાર સાથે સંપર્ક કરાવેલ

જૂનાગઢ, તા.૩૦

જૂનાગઢ સીટી માં કાર્યરત ૧૮૧ મહીલા હેલ્પ લાઈનમાં એક સીટી વિસ્તાર માંથી કોલ મળતા તુરંત ૧૮૧ મહીલા હેલ્પ લાઈન ટીમ ના ફરજ પરના કાઉન્સેલર અરુણાબેન કોલડીયા તથા મહિલા પોલીસ અસ્મિતાબેન ગોંડલીયા સહિતની ટીમ સ્થળ પર પહોંચી વૃધા ને મળીઅને કાઉંસેલિંગ કર્યુ હતુ. વૃદ્ધા માનસિક અસ્વસ્થ જણાય આવતાં હોય તેમના ઘરનું સરનામું અને વિગત પૂછતાં તેકશું યાદ નથી તેવું જણાવતાં હોવાથી તેમણે પહેરેલા કપડાં કોઈ સંસ્થાનો ડ્રેસ હોય જેથી અનુમાન લગાવી સંસ્થાનો સંપર્ક કરતા બાદમાં આશાદીપ સંસ્થાનો સંપર્ક થતાં જણાય આવેલ કે વૃદ્ધા આશાદીપ સંસ્થામાં દિવસ દરમ્યાન જતાં હતા. ત્યાંથી પરત આવતા બપોરના સમયે ઘર પાસે ઉતરી ઘરે ન ગયેલ હોવાથી પરિવાર બપોરથી શોધતાં હોય પરંતુ મળ્યા નહિ અને જૂનાગઢ શહેરના અન્ય વિસ્તારમાં પહોચી ગયાહોય જેથી સંસ્થા દ્વારા પરિવારને પણ જાણ કરતા બંને મળી સ્થળ પર આવતા ૧૮૧ મહિલા હેલ્પ લાઈન ટીમે વૃદ્ધાને સુરક્ષિત પરિવારને સોંપવામાંઆવ્યા હતા.આમ વૃદ્ધાને પરિવાર સાથે સંપર્ક કરાવતા સંસ્થા તથા પરિવારે ૧૮૧ ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ઉપરકોટમાં મંજુરી વગર બનાવેલી ૧૪ દુકાનોને તાત્કાલીક અસરથી બંધ કરવા માંગ

### સરકારશ્રી દ્વારા તત્કાલ તપાસ કરી અને યોગ્ય કાર્યવાહી કરવી આવશ્યક

જૂનાગઢ, તા.૩૦

જૂનાગઢ મહાનગર-પાલિકાના વોર્ડ નં.૮ના કોર્પોરેટર સેનીલાબેન એ. થઈમ તેમજ જેબુનનીશાબેન કાદરીએ એક અખબારી નિવેદનમાં જણાવેલ છે કે, ઉપરકોટ ખાતે પુરાતત્વ ખાતાની મંજુરી વગર તેમજ મહાનગરપાલિકાની મીઠી નજર હેઠળ કોઈપણ મંજુરી લીધા વગર ગેરકાયદેસર દુકાનો બનાવી દેવામાં આવી છે. તે અંગે સરકારશ્રી દ્વારા તાત્કાલીક તપાસ કરી અને કાર્યવાહી કરવાની માંગણી કરવામાં આવી છે તેમજ વિશેષમાં જણાવેલ છે કે, જૂનાગઢ મહાનગરપાલિકાની હદમાં છેલ્લા ઘણા સમયથી શાસક પક્ષના નેતાઓની મીઠી નજર હેઠળ ઉપરકોટ પાસે ગેરકાયદેસર રીતે ફોરેસ્ટની હદમાં ફોરેસ્ટ અધિકારીઓની સાથે મળીને પુરાતત્વ ખાતાની મંજુરી વગર ૧૪ દુકાનો બનાવી દેવમાં આવી છે અને આ દુકાનોમાં જે પ્રવૃતિઓ ચાલે છે તેને આનુસંગીક એક પણ પ્રકારના લાયન્સ પણ લેવામાં આવ્યા નથી. દરમ્યાન હાલમાં રાજકોટમાં ગેમઝોન અગ્નિકાંડ થયા પછી પણ આવી ગેરકાયદેસરની દુકાનો અને ત્યાં ચાલતી ગેરકાયદેસરની પ્રવૃતિઓની તપાસ પણ કરવામાં આવતી ન હોય તો શું ભવિષ્યમાં આવી જગ્યાએ કોઈ મોટુ કાંડ થાય પછી જ તપાસ કરાશે કે શું ? તેવો સવાલ ઉઠાવેલ છે. વધુમાં ફોરેસ્ટ ડીપાર્ટમેન્ટની હદમાં જો રોડ રીપેરીંગ કરવો હોય તો પણ મંજુરી વગર કરવો અશકય છે તો આ ૧૪ દુકાનોની ફોરેસ્ટ વિભાગે કયા આધારે મંજુરી આપી કે પછી મંજુરી વગર મીઠી નજરે દુકાનોનું બાંધકામ કરવા દેવામાં આવ્યું તેમજ ઉપરકોટ પુરાતત્વ ખાતા હસ્તક હોય તેઓએ પણ આ દુકાનનું બાંધકામ કરવા દીધુ કે પછી ઉપરથી કોઈની ભલામણને કારણે આ બધુ ચાલે છે તેમ જણાવી વિશેષમાં જણાવેલ છે કે, ઉપરકોટ ઉપર સામાન્ય માણસોને જવા માટે ૧૦૦ રૂપિયા ટીકીટ લેવાની તેમજ ફોટોગ્રાફી માટે ૫૦૦ રૂપિયા લેવામાં આવે છે. જાણે કે સરકારે નવાબી સમયના ઉપરકોટને કામાણીનું સાધન બનાવી દીધુ છે પરંતુ ગેરકાયદેસરની પ્રવૃતિ કરનારને આવા કોઈ નિયમ લાગુ પાડવામાં આવતા નથી તેમ જણાવી અખબારી યાદીના અંતમાં વોર્ડ નં.૮ના કોર્પોરેટર સેનીલાબેન એ.થઈમ અને જેબુનનીશાબેન કાદરીએ જણાવેલ છે કે, આવી ગેરકાયદેસરની દુકાનો સરકારશ્રીએ તાત્કાલીક અસરથી તપાસ કરી બંધ કરાવવી જોઈએ અને આ બાબતે કોઈ કાર્યવાહી નહી થાય તો લોકોને સાથે રાખી કલેકટરશ્રીને આવેદનપત્ર આપવામાં આવશે તેમજ ગાંધી ચિંધ્યા રાહે સત્યાગ્રહ કરવામાં આવશે તેવી ચિંમકી પણ આપવામાં આવી છે.

### ઉનામાં ગોંદરા ચોક પાસે ટ્રકમાં પાર્સલ સર્વિસની આડમાં

# વિદેશી દારૂની બોટલોના જથ્થા સાથે એક શખ્સને એલસીબી ટીમે ઝડપી લીધો

(નિરવ ગઢીયા દ્વારા)



ઉના, તા.૩૦

ઉનામાં ગોંદરા ચોક પાસે ટ્રકમાં પાર્સલ સર્વિસની આડમાં વિદેશી દારૂની બોટલોનો જથ્થો હોવાની બાતમી આધારે ગીર સોમનાથ જિલ્લા એલસીબી ટીમ વોચ ગોઠવી આ ટ્રકની અંદર તપાસ કરતા પાર્સલ સર્વિસની આડમાં અલગ અલગ વિદેશી દારૂની બોટલોનો જથ્થો તેમજ મોબાઈલ ટ્રક સહિત મુદામલ પોલીસે ઝડપી પાડ્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર એ.બી.વોરા તથા ટીમના માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.હેડ કોન્સ. રાજુભાઈ ગઢીયા તથા પેરોલ ફર્લો સ્કવોડના એ.એસ.આઈ. સુભાષભાઈ ચાવડા તથા પો.કોન્સ. પ્રવિણભાઈ મોરી નાઓને મળેલ સંયુકત બાતમી આધારે ઉના ગોંદરા ચોક ઓમ માર્ટ મોલ પાસે રેઈડ કરી નીચે જણાવેલ ઈસમોને પકડી પાડી પ્રોહિબિશનનો ગણનાપાત્ર કેસ કરવામાં આવેલ. (૧) રવિભાઈ પરષોતમભાઈ રામાણી, ઉ.વ.૩૪ ધંધો પાર્સલ સર્વિસ રહે.વેરાવળ ડાભોર રોડ જલારામ સોસાયટી ગીતા વિધ્યાલય સ્કુલ પાસે તા વેરાવળ જી. ગીર સોમનાથ (૨) દીપક ઉર્ફે ભુરો બાબરીયા રહે.ઉના (પકડવાનો બાકી) (૧) ભારતિય બનાવટની વિદેશી દારૂની મોટી બોટલો નંગ - ૭૨ કી.રૂા.૩૬,૭૨૦/-(૨) સફેદ કલરની મીની ટ્રક રજી.નં.જીજ.-૩૨-ટી-૫૪૭૨ કી. રૂા.૩,૦૦,૦૦૦/- મોબાઈલ નંગ - ૦૧ કી. રૂ.૫,૦૦૦ કુલ મુદામાલ કી.રૂા.૩,૪૧,૭૨૦ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સોમનાથ સાયન્સ એકેડેમી સ્કુલમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની સફળતા

(નિરવ ગઢીયા દ્વારા)



ઉના, તા.૩૦

કોડીનારની સોમનાથ સાયન્સ એકેડમી સ્કૂલમાં અભ્યાસ કરતી ઊના તાલુકાની ત્રણ દિકરી દિક્ષિકા માવજીભાઈ વાઢેર (દેલવાડા), દિશા દિલીપભાઈ ડાભી (દેલવાડા), નિરાલી હરિભાઈ ડોડીયા (અંજાર), કાજલ હીરાભાઈ વાજા (ચોરવાડ)એ તાજેતરમાં નડિયાદ મુકામે ગુજરાત સરકાર આયોજિત સ્પોર્ટ્સ ઓથોરિટ ઓફ ગુજરાત દ્વારા રાજ્ય કક્ષાનો ખેલ મહાકુભ ૨, ૦ યોજાયો હતો તેમાં એથલેટિક્સ સ્પર્ધામાં અંડર ૧૭ મહિલા વિભાગની ૪×૧૦૦=૪૦૦ મીટર રિલે દોડમાં ભાગ લીધો હતો જેમાં ત્રીજા ક્રમે ચારે દિકરી વિજેતા બની હતી. તમામને બ્રોન્ઝા મેડલ અને સર્ટિ ફિકેટ અને રકમના ચેક આપી બહુમાન કરવામાં આવ્યું હતું. તેમણે સમગ્ર ગીર સોમનાથ જિલ્લા અને ઊના તાલુકાનું ગૌરવ વધાર્યું હતું. આ તમામ સ્પર્ધકોને તેમના કોચ ગજાનદ મિસ્ત્રી, મેનેજર રણજીતભાઈ દાહીંમાં અને સ્કુલ સંચાલક કરશનભાઈ સોલંકીએ અભિનંદન આપ્યા હતા.

# ઔધોગીક તાલીમ સંસ્થા વિસાવદરમાં પ્રવેશ પ્રક્રિયાનો આરંભ

જૂનાગઢ, તા.૩૦

ઔધોગીક તાલીમ સંસ્થા વિસાવદર ખાતે પ્રવેશ સત્ર ૨૦૨૪ માટે એડમિશન અંગેના ફોર્મ ભરવા માટે પ્રક્રિયા ચાલુ છે. જેમા આઈ.ટી.આઈ. માં ઉપલબ્ધ કોમ્પ્યુટર, હેલ્થ સેનેટરી ઈન્પેકટર, ઈલેકટ્રીશિયન, વાયરમેન, ફિટર, મિકેનીક ડિઝલઅને વેલ્ડર જેવા વ્યવસાયો માટે ૧ અને ૨ વર્ષના કોર્ષમાં ધોરણ ૮ થી ૧૦ પાસ ઉમેદવારોએ ઓનલાઈન અરજી કરવાની રહેશે. SC,ST અને PH તેમજ મહિલા ઉમેદવારો માટે સરકારશ્રી દ્વારા ટ્યુશન ફી માફી આપવામાં આવશે. ઔધોગીક તાલીમ સંસ્થા વિસાવદરમાં ઉપલબ્ધ કોર્ષ અને ભરવા પાત્ર બેઠકો – ૧) ઈલેક્ટ્રીશીયન (NCVT) ૨૦ બેઠકો, ૨) ફીટર (NCVT) ૪૦ બેઠકો, ૩) વાયરમેન (NCVT) ૪૦ બેઠકો, ૪) કોમ્પ્યુટર (NCVT)૪૮ બેઠકો, ૫) વેલ્ડર (NCVT) ૬૦ બેઠકો, ૬) મિકેનીક ડિઝલ (GCVT) ૪૮ બેઠકો તેમજ ૭) હેલ્થ એન્ડ સેનેટરી ઈન્સપેક્ટર ૨૪ બેઠકો ભરવા પાત્ર છે. તમામ કોર્ષમાં ધોરણ ૧૦ ૨ ની પધ્ધતીથી એડમિશન આપવામાં આવશે. ઓનલાઈન ફોર્મ ભરવા માટે શાળા છોડ્યાનુ પ્રમામ પત્ર, એસ.એસ.સી અથવા ધો. ૮,૯ પાસ કર્યા અંગેની માર્કશીટ, એસ.એસ.સી પાસ કરી તે અંગેનુ ટ્રાયલ સર્ટિફિકેટ, આવકનુ પ્રમાણ પત્ર, જાતી અંગેનુ પ્રમાણ પત્ર, પાસબુકની પ્રથમ પાનાની ઝેરોક્ષ, આધર કાર્ડ/ચૂંટણી કાર્ડ/ ડ્રાઈવીંગ લાયસન્સ, પાસપોર્ટ સાઈઝનો ફોટો, ઉમેદવારનુ પોતાનું ઈ-મેઈલ આઈડી વગેરે ડોક્યુમેન્ટ જોડવા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

# કોસમોસ બેંકે ઐતિહાસીક ચોખ્ખો નફો રૂા.૩૮૪ કરોડ કરેલ છે

(પ્રતિનિધિ દ્વારા)



અમદાવાદ, તા.૩૦

૩૧મી માર્ચ. ૨૦૨૪ના રોજ પૂરા થતા નાણાકીય વર્ષ દરમિયાન. ધ કોસમોસ કોઓપરેટીવ બેંક લિ. રૂા.૩૮૪ કરોડ નો ઔતિહાસીક ચોખ્ખો નફો મેળવ્યો છે. જે બેંકના ઈતિહાસમાં અત્યાર સુધીનો સૌથી વધુ છે, એમ ચેરમેન સીએ મિલિંદ કાલેએ આજે પ્રેસ કોન્ફરન્સ દરમ્યાન માહિતી આપી હતી. આ પ્રેસ કોન્ફરન્સ રિજીઓનલ ઓફિસ, આશ્રમરોડ, અમદાવાદ ખાતે યોજવામાં આવી હતી.

બેંકના વિકાસ વિશે વિગતવાર માહિતી આપતા. CA કાલેએ જણાવ્યુ હતું કે, માર્ચ ૨૦૨૪ના અંતમાં, બેંકે વિવિધ પોર્ટફોલિયોમાં ઉત્કૃષ્ટ કામગીરી દર્શાવી છે જેમ કે ડિપોઝિટ મોબિલાઈઝેશન, લોન વિતરણ, કર પહેલાંનો નફો, ચોખ્ખો નફો, CRAR, નેટ NPA વગેરે.

માર્ચ ૨૦૨૪ના અંતે બેંકનો કુલ વ્યવસાય રૂા.૩૫,૪૦૮ કરોડ છે જે ગત નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ કરતા રૂા.૪,૬૬૨ કરોડ એટલે કે ૧૫.૧૬% વધેલ છે. બેંકની કુલ થાપણો રૂા. ૨૦,૨૧૬ કરોડ જે ગત વર્ષ દરમ્યાન ૨,૫૮૭ કરોડ, જયારે કુલ એડવાન્સ રૂા. ૧૫,૧૯૨ કરોડ જે ગત નાણાકીય વર્ષ કરતા રૂા. ૨,૦૭૫ કરોડ વધેલ છે. બેંકની ગ્રોસ એનપીએ ૩.૨૨% છે તેમજ બેંકનું નેટ એનપીએ ૧.૫૪% છે. બેંકનો CRAR ૧૫.૪૩% છે. માર્ચ ૨૦૨૪૦.. અંતે બેંકે રૂા. ૪૬૧ કરોડનો કર પહેલાંનો નફો (PBT) જયારે ચોખ્ખો નફો રૂા. ૩૮૪ કરોડ છે.

બેંકના વિસ્તરણ વિશે માહિતી આપતી વખતે, બેંકના મેનેજીંગ ડિરેકટર, શ્રીમતી અપેક્ષિતા ચિપસેએ જણાવ્યુ કે, નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન મુંબઈ સ્થિત મરાઠા સહકારી બેંક (૭ શાખાઓ સાથે) અને સાહેબરાવ દેશમુખ સહકારી બેંક (૧૧ શાખાઓ સાથે) કોસમોસ બેંકમાં વિલીનીકરણ થયેલ છે. આ વિલીનીકરણ સાથે મુંબઈ જેવા મોટા શહેરમાં બેંકની શાખાઓની સંખ્યા વધીને ૫૦ થયેલ છે. હાલમાં કોસમોસ બેંકની ૭ રાજ્યમાં ૧૭૦ શાખાઓ છે. અત્યાર સુધીમાં બેંકે ૧૮ નાની સહકારી બેંકોને પોતાનામાં વિલીનીકરણ કરેલ છે જેથી લાખો ગ્રાહકોની થાપણો સુરક્ષિત છે.

તેમણે વધુમાં જણાવેલ કે, તાજેતરમાં બેંકે પૂણેના માંજરી, તાથવડે અને રાવેત વિસ્તારમાં નવી શાખાઓ ખોલી છે જેન ગ્રાહકો તરફથી ખુબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. તેમણે વધુમાં જણાવ્યુ કે નજીકના ભવિષ્યામાં બેંક પૂણેમાં ધાનોરી અને મુંબઈમા વર્લી, સાયન, ગિરગામ, વિકોલી, કુર્લા ખાતે નવી શાખાઓ ખોલવાની દરખાસ્ત કરેલ છે પ્રેસ કોન્ફરન્ટમાં ધનશ્યામભાઈ અમીન- ચેરમેન, બોર્ડ ઓફ મેનેજમેન્ટ પણ હાજર રહ્યા હતા.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# પ્લાસ્ટીકનાં ઉપયોગ પર રોક નહી લાગે તો લાખો પ્રજાતિ વિમુખ થઈ જશે

સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમ (યુએનઈપી) અનુસાર જો પ્લાસ્ટિકના બેફામ ઉપયોગ પર રોક નહીં લાગે તો આગામી કેટલાક દાયકામાં લાખો પ્રજાતિઓ વિલુપ્ત થઈ જશે. યુએનઈપી અનુસાર દર મિનિટે એક ટ્રક પ્લાસ્ટિ કચરો સમુદ્રમાં ઠલવાય છે. મહાસાગરોમાં જે ઝડપથી પ્લાસ્ટિક કચરો વધી રહ્યો છે, તેનાથી પરવાળાના ખડકો, શેવાળ અને અન્ય અનેક સૂ-મ જીવો વિલુપ્ત થઈ રહ્યા છે. વિશ્વમાં દર વર્ષે ૪૩૦ મિલિયન ટન પ્લાસ્ટિક કચરો પેદા થઈ રહ્યો છે. ગ્રીનહાઉસ ગેસોના ઉત્સર્જનમાં પ્લાસ્ટિક કચરાની હિસ્સેદારી ૩.૪ ટકાથી વધુ છે. ૨૦૧૯માં તેનાથી ૧.૮ બિલિયન મેટ્રિક ટન ગ્રીનહાઉસ ગેસ પેદા થયો હતો. વિશ્વ આર્થિક મંચ અનુસાર દુનિયાભરમાં પેદા થયેલ પ્લાસ્ટિક ચરાના માત્ર ૧૬ ટકા રિસાયકલ થઈ શકે છે. સંયુક્ત રાષ્ટ્રની પહેલ પર પ્લાસ્ટિક પ્રદૂષણ પર રોક લગાવવા માટે આંતરરાષ્ટ્રીય સંધિને અંતિમ રૂપ આપવાનો પ્રયાસ થઈ રહ્યો છે. ગયા મહિને કેનેડાની રાજધાની ઓટ્ટાવામાં પ્લાસ્ટિક સંધિ મુદ્દે ચોથા દોરની મંત્રણા ભલે પરિણામવિહીન રહી, પરંતુ આશા છે કે વર્ષના અંતમાં દક્ષિણ કોરિયાના બુસાન શહેરમાં તેના અંતિમ મુસદ્દા પર મહોર લાગી જશે. ૨૦૧૫ના પેરિસ સમજૂતી બાદ પ્લાસ્ટિ સંધિ પર્યાવરણ સંરક્ષણ માટે સૌથી મહત્ત્વની આંતરરાષ્ટ્રીય પ્રતિબધ્ધતા માનવામાં આવી રહી છે. યુએનના વિશેષજ્ઞ સમૂહે ૨૦૧૭માં પ્લાસ્ટિક પ્રદૂષણથી છૂટકારો મેળવવા માટે આંતરરાષ્ટ્રીય સંધિની ભલામણ કરી હતી.

પ્લાસ્ટિક સંધિની કેટલી જોગવાઈઓ પર વિકસિત અને વિકાસશીલ દેશો સહમત નથી. સંધિમાં તકરારનો સૌથી મોટો મુદ્દો ધરતીને ઝેરી બનાવતા પ્લાસ્ટિકના ઉત્પાદનમાં કપાત સાથે જોડાયેલો છે. એક તરફ હાઈ એમ્બિશન ગઠબંધન (એચએસી) છે, જેણે પ્લાસ્ટિ પ્રદૂષણથી છૂટકારો મેળવવામાં કચરાના નિકાલની સાથે તેના ઉત્પાદનને સીમિત કરવાની વકીલાત કરી છે. બીજી તરફ, ગ્લોબલ કોએલિશન ફોર સસ્ટેનેબલ પ્લાસ્ટિક સમૂહ છે. આ સમૂહમાં ભારત સહિત રશિયા, ઈરાન, સઉદી અરબ, ચીન, ક્યૂબા અને બેહરીન જેવા દેશો સામેલ છે. આ દેશોનું કહેવું છે કે વિકાસશીલ દેશો માટે પ્લાસ્ટિક ઉત્પાદનમાં બાધ્ય થઈને કપાત કરવી વ્યાવહારિક નથી. આ સમૂહ પ્લાસ્ટિ જનિત પ્રદૂષણના નિકાલ માટે સ્વૈચ્છિક લ-યના પક્ષધર છે. તેમાં પ્લાસ્ટિકના વૈજ્ઞાનિક નિકાલ માટે ટેકનિક અને આર્થિક આદન-પ્રદાનને સુગમ બનાવવાની ભલામણ કરવામાં આવી છે. એશિયા-પ્રશાંત દેશોનો સમૂહ મુદ્દે એકમત ધરાવે છે. આફ્રિકી દેશોના સમૂહે પણ બહુપક્ષીય કોષ બનાવવાની માંગની છે. દુનિયામાં સૌથી વધુ પ્લાસ્ટિક ખપત કરનારા અમેરિકાની દલીલ છે કે પ્લાસ્ટિક સંધિ પેરિસ સમજૂતીની જેમ સ્વૈચ્છિક બને. અમેરિકાએ સૂચન કર્યું છે કે દરેક દેશને પ્લાસ્ટિ જનિત કાર્બન પ્રદૂષણ ઓછું રકવાના લ-ય આપવામાં આવે. અમેરિક પાંચ ટકાથી પણ ઓછું પ્લાસ્ટિક ફરીથી ઉપયોગમાં લઈ શકે છે. પ્લાસ્ટિક પર સ્વૈચ્છિક લ-યના તરફદાર અમેરિકાનું પેરિસ સમજૂતીમાં પણ પ્રદર્શન બહુ સારું નથી. પ્લાસ્ટિક ઉત્પાદનનો સીધો સંબંધ તેલ અને ગેસ ઉદ્યોગ સાથે જોડાયેલો છે. તેમાં ઉપયોગ થનારા મહત્ત્વના પદાર્થ ક્રુડ ઓઈલ અને નેચરલ ગેસથી હાંસલ કરવામાં આવે છે. આ જ કારણ છે કે પેટ્રોકેમિકલ કંપનીઓની સાથે જ જીવાશ્મ ઈંધણ પર નિર્ભર દેશ પ્લાસ્ટિક સંધિની કડક જોગવાઈઓના વિરોધમાં છે. વિકાસશીલ દેશોને પણ ધરતીના સ્વાસ્થ્યના દુશ્મન બનેલા પ્લાસ્ટિક કચરાના સ્થાયી સમાધાન માટે વિકલ્પો તરફ વધવું પડશે. એક ઉપયોગ પ્લાસ્ટિક કચરામાં સૌથી મોટી હિસ્સેદારી પેજિંગ સેકટરની છે. વિશ્વમાં તૈયાર થનારા કુલ પ્લાસ્ટિકના ૩૬ ટકા પેકેજિંગમાં ઉપયોગ થાય છે. પેકેજિંગ ઉદ્યોગથી નીકળેલો ૮૫ ટકા પ્લાસ્ટિક કચરો ખુલ્લી સપાટી પર માટી, હવા અને પાણીને પ્રદૂષિત કરે છે. કૃષિ, ફેશન અને ઔદ્યોગિક મત્સ્યપાલન પ્લાસ્ટિક કચરાના મોટા સ્રોત છે. કપડાંમાં ૬૦ ટકા ઘટક પોલિએસ્ટર, નાયલોન અને એક્રેલિક રૂપે હોય છે. પ્લાસ્ટિ કચરાનો એક મોટો અનુપાત અદશ્ય રૂપે આપણી પ્રકૃતિને નુકસાન પહોંચાડી રહ્યો છે. પાંચ મિલિમીટરથી ઓછી જાડાઈના આ માઈક્રોપ્લાસ્ટિક સિંથેટિક કપડાં (૩૫ ટકા)થી માંડીના ટાયર (૨૮ ટકા) અને સૌંદર્ય પ્રસાધનથી લઈને સડક નિર્માણથી પેદા થાય છે. દૈનિક જીવનમાં આપણે કેટલાય પ્રકારના પ્લાસ્ટિકનો ઉપયોગ કરીએ છીએ. જેમ કે કપ-પ્લેટ, પાણીની બોટલ, બિસ્કિટ ટ્રે, શેમ્પૂ બોટલ, ખાદ્યાન્નોના પેકેજિંગમાં પ્લાસ્ટિક મુખ્ય ઘટક હોય છે.

પ્લાસ્ટિક જનિત પ્રદૂષણ હવે જે સ્તરે પહોંચી ચૂક્યું છે, એવી સ્થિતિમાં આકરા નિર્ણયો લેવા પડશે. પ્લાસ્ટિકના ઉત્પાદનમાં કપાત મહત્ત્વનો વિકલ્પ હોઈ શે છે, પરંતુ વિકાસશીલ દેશોના રોજગાર પરિદશ્ય અને તેમની સામાજિક પરિસ્થિતિઓની અવગણના ઠીક નથી. પ્લાસ્ટિક સંધિ જો અસ્તિત્વમાં આવે છે તો દુનિયાભરમાં ચક્રીય અર્થવ્યવસ્થાને ઉત્તેજન મળશે. પ્લાસ્ટિકના ઉત્પાદનમાં કપાત થાય, પરંતુ બહેતર રહેશે કે તે સ્વૈચ્છિક અને સામાન્ય સહમતિથી થાય. વિકાસશીલ દેશ પ્લાસ્ટિકના વિકલ્પો પર રોકાણ વધારી શકે, તેના માટે તેમને ટેકનિક અને આર્થિક સહયોગને ટાળી ન શકાય. તેનાથી ઉત્પાદન અને પૂરવઠા શૃંખલામાં કાગળ અને કમ્પોસ્ટ કરાતા પદાર્થોથી તૈયાર પેકેજિંગને ઉત્તેજન મળશે. જો વિકાસશીલ અને નાના દેશોને આર્થિક મદદ અને પુનઃચક્રણ ટેકનિકથી ઉપલબ્ધ થાય તો પ્લાસ્ટિક સંધિ વ્યાવહારિક બનશે. પ્લાસ્ટિક કચરાના સમાધાન અંતે ગ્રાહકની જાગૃતિ પર નિર્ભર કરે છે. રોજિંદા સામાન ખરીદવાથી માંડીને આપણી જીવનશૈલીમાં આપણે પ્લાસ્ટિકને બદલે પર્યાવરણ અનુકૂળ થેલા અને વસ્તુઓને સામેલ કરવા જોઈએ. કેટલાય અનિવાર્ય ક્ષેત્રોમાં પ્લાસ્ટિકથી બનેલી વસ્તુઓના ઉપયોગ પર ભલે રોક ન લાગી શકે, પરંતુ સ્થાનિક ઉત્પાદનનોને ઉત્તેજન આપીને આપણે પ્લાસ્ટિક કચરાને ઘટાડી શકીએ છીએ. ભારત પ્લાસ્ટિક કચરો પેદા કરનારો દુનિયાનો પાંચમો મોટો દેશ છે. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (સીપીસીબી) અનુસાર ૨૦૧૯-૨૦૨૦માં લગભગ ૩૪.૭ લાખ ટન પ્લાસ્ટિક કચરો પેદા થયો. દેશમાં સૌથી વધુ મહારાષ્ટ્ર (૧૩ ટકા) અને ત્યારબાદ તમિલનાડુ અને ગુજરાત (૧૨ ટકા) પ્લાસ્ટિક કચરો પેદા કરે છે. દેશમાં પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય દ્વારા પ્લાસ્ટિક કચરા પ્રબંધન (સંશોધિત) નિયામવલી, ૨૦૨૧ લાગુ કરાઈ ચૂકી છે. તે અંતર્ગત ૭૫ માઈક્રોનથી પાતળા નવા કે રિસાયકલ પ્લાસ્ટિકથી બનેલ કેરી બેગના ઉત્પાદન, આયાત, સંગ્રહ, વિતરણ, વેચાણ અને વપરાશ પર પ્રતિબંધ છે. તેમ છતાં ઠેર-ઠેર તમને પાતળાં ઝભલાંમાં સામાન ભરાતો જોવા મળી જશે. પ્લાસ્ટિક કચરાની સમસ્યામાં સૌથી મોટો પડકાર એક વખત ઉપયોગ થનારા પ્લાસ્ટિક અને પોલિથિનનો છે. ઓછી કિંમત હોવાને કારણે તે આસાનીથી ઉપલબ્ધ થઈ જાયછે. એક અનુમાન અનુસાર દુનિયાભરમાં પેદા થતા પ્લાસ્ટિક કચરાનો અડધો સિંગલ યુઝ પ્લાસ્ટિક છે. જો આ પ્લાસ્ટિકના ઝેરને સમય રહેતાં આપણે રોકીશું નહીં તો આજે પેદા થયેલ આ કચરો હજારો વર્ષ સુધી સમગ્ર પરિતંત્રને દુષ્પ્રભાવિત કરતો રહેશે.

### જાસૂસીની હદ વટાવી

# અમેરિકામાં પત્નીનું જીવવાનું હરામ કરી અમદાવાદ પરત મોકલી

## અમેરિકામાં રહેતા પતિ તેમજ સાવકી પુત્રી વિરૂદ્ધ ફરિયાદ

અમદાવાદ, તા.૩૦

અમેરિકામાં પત્નીનું જીવવાનું હરામ કરીને તેને અમદાવાદ પરત મોકલી દેનાર પતિ તેમજ સાવકી પુત્રી વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધાઈ છે. પતિએ પત્નીની જાસૂસી કરવા માટે તેના પર્સમાં વોઈસ રેકોર્ડીંગ થાય તેવું ઈક્વીપમેન્ટ મૂકી દીધું હતું અને ઘરમાં ગુપ્ય કેમેરા ગોઠવી દીધા હતા. આ સિવાય પતિએ પત્નીનું ત્રણ વખત ગર્ભપાત પણ કરાવી દીધું હતું.વસ્ત્રાલ વિસ્તારમાં રહેતી પરિણીતાએ ઓઢવ પોલીસ સ્ટેશનમાં પતિ અને પુત્રી વિરૂદ્ધ ઘરેલુ હિંસા તેમજ ધાકધમકીની ફરિયાદ કરી છે. પરિણીતા હાલ તેના પિયરમાં રહે છે. તેણે વર્ષ ૨૦૧૨માં પરિવારની સહમતીથી કોર્ટ મેરેજ કર્યા હતા. જોકે, તેના પતિના પહેલા લગ્ન થઈ ગયા હતા, જેમાં તેના બે બાળકો પણ હતા. લગ્ન બાદ પરિણીતા પતિ અને બે બાળકો સાથે અમેરિકા રહેવા માટે જતી રહી હતી. જ્યારે તેમની દીકરી વર્ષ ૨૦૧૪માં અમેરિકાથી અમદાવાદ પરત આવી હતી અને ભાડાના મકાનમાં રહેતી હતી. ત્યારબાદ વર્ષ ૨૦૧૭માં તે પરત અમેરિકા આવી ગઈ હતી જ્યાં તેણે પરિણીતા સાથે તકરાર કરવાનું શરૂ કરી દીધુ હતું. પુત્રીનું ઉપરાણું લઈને પતિ પણ પરિણીતા સાથે મારઝુડ કરતો હતો. છ મહિના બાદ પુત્રી પરત અમદાવાદ આવી ગઈ હતી. જેથી પરિણીતા ને તેનો પતિ મેણાટોણા મારતો હતો કે તારા કારણે દીકરી ભારત પરત જતી રહી. પુત્રીના કારણે પતિ પરિણીતા સાથે મારઝુડ કરતો હતો. હદ ત્યારે થઈ કે જ્યારે પરિણીતાના પતિએ તેની જાસૂસી કરવાની શરૂ કરી દીધી. પરિણીતા નોકરી પર જાય ત્યારે તેનો પતિ તેના પર્સમાં રેકોર્ડીંગ થાય તેવું ઈક્વીપમેન્ટ મુકી દેતો હતો. આ સિવાય ઘરમાં પણ ગુપ્ત કેમેરા ગોઠવી દીધા હતા. વર્ષ ૨૦૧૬થી ૨૦૨૦ સુધી ત્રણ વખત ગર્ભવતી થઈ હતી પરંતુ તેના પતિએ તેનું ગર્ભપાત કરાવી દીધુ હતું. વર્ષ ૨૦૨૦માં અમેરિકામાં ગ્રીનકાર્ડની કામગીરી ચાલતી હોવાથી પરિણીતાને તેના પતિએ અમદાવાદ પરત મોકલી દીધી હતી. પરિણીતાને તેના પતિએ કહ્યુ હતું કે, મારી ફાઈલમાં કોઈ પ્રોબ્લેમ ન આવે માટે તું અમદાવાદ જતી રહે. જેથી તે વર્ષ ૨૦૨૦માં અમદાવાદ આવી ગઈ હતી અને પિયરમાં રહેવા લાગી હતી. પરિણીતા હંમેશા તેના પતિને અમેરિકા આવવા માટેનું પૂછતી હતી ત્યારે તે જવાબ આપતો હતો કે હું ભારત આવું ત્યારે તને અમેરિકા લઈ જઈશ. ઘરખર્ચ માંગતા તેનો પતિ તેને આપવાનો ઈક્રાર કરી દીધો હતો અને હુ અમદાવાદ આવુ એટલે પૈસા આપીશ તેવી વાત કરી હતી. જોકે, પુત્રીના લગ્ન લેવાના હોવાથી પરિણીતાનો પતિ જાન્યુઆરી મહિનામાં અમદાવાદ આવ્યો હતો. પરિણીતા તેની પુત્રીને શાંતિથી રહેવા માટે સલાહ આપતી હતી ત્યારે તેનો પતિ તેને કહેતો હતો કે, તારા પિતાના ઘરેથી મામેરું લાવવું પડશે નહીં તો તારા પિયર પક્ષનો વ્યવહાર રહેશે નહીં. લગ્ન બાદ તેનો પતિ અમેરિકા પરત જતો રહ્યો હતો. જે અંગેની જાણ પરિણીતાએ પોલીસને જાણ કરતા ઓઢવ પોલીસે ફરિયાદ નોંધીને સમગ્ર મામલે વધુ તપાસ શરૂ કરી છે.

### દીકરીને કિડની અને લીવરની તકલીફ થઈ હતી

# રાજકોટના કોન્સ્ટેબલએ નાનકડી બાળકીનું ચક્ષુદાન કરી સમાજને નવી રાહ ચીંધી

## કન્યાદાન કરવાનું સપનું રહ્યું અધુરૂં, પિતાએ દીકરી આયલબાની યાદમાં કર્યું અનમોલ દાન

રાજકોટ, તા.૩૦

રાજકોટના રહેવાસી રઘુવીરદાન ગઢવીના ઘરે આજથી છ માસ પહેલા દીકરી આયલબા રઘુવીરદાન ઈશરાણી નો જન્મ થયો હતો. દીકરી આયલબાને અઠવાડિયા પહેલાં કિડની અને લીવરની તકલીફ થઈ હતી. તેને અમદાવાદ કિડની હોસ્પિટલ સારવાર માટે દાખલ કરવામાં આવી હતી.સારવાર દરમિયાન ડૉક્ટરો દ્વારા જરૂરી રિપોર્ટ કરી, નિદાન કરવામાં આવતા, દીકરી આયલબાની બંને કિડની કામ કરતી ન હોય અને આગળ વધુ સારવાર કારગર નીવડે એમ ન હોય, જેથી હોસ્પિટલ ખાતેથી રજા આપી દેવામાં આવી હતી. પરંતુ પરીવાર દ્વારા આયલબાને રાજકોટ કોઠારીયા નાકા ખાતે આવેલ દશા શ્રીમાળી હોસ્પિટલ ખાતે દાખલ કરી તેની વધુ સારવાર ચાલુ રાખવામાં આવી હતી. જ્યાં સારવાર દરમિયાન તારીખ ૨૭ મે ના રોજ વહેલી સવારે ડોક્ટર દ્વારા દીકરીને મૃત જાહેર કરવામાં આવી હતી.

ગઢવી પરિવારની વ્હાલસોયી દીકરી આયલબાનું અવસાન થતા પરીવાર દ્વારા આયલબાના અંગોનું દાન કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. ડોક્ટર પાસે ઈચ્છા વ્યક્ત કરતા, ડોકટર દ્વારા દીકરીની બંને આંખો ડોનેટ કરી શકાય તેવું ટીમ દ્વારા જણાવવામાં આવ્યું હતું. જે બાદ કોઈ પણ પ્રકારનો વિલંબ કર્યા વગર પરીવાર દ્વારા દીકરીની બંને આંખ ડોનેટ કરવામાં આવી હતી.આ બાબતે જી.ટી.શેઠ આંખની સિવિલ હોસ્પિટલ નો સંપર્ક કરી, રાત્રિ દરમિયાન ડોક્ટર ની ટીમ દ્વારા આંખની જરૂરી કાર્યવાહી કરી.માત્ર છ માસની દીકરી આયલબાની બંને આંખ ડોનેટ કરવામાં આવી હતી. આયલબાના પિતા રઘુવીર દાન ગઢવી રાજકોટ શહેર પોલીસ ખાતે ફરજ બજાવે છે. પોતાની પુત્રીની આંખ ડોનેટ કરી, ખરા અર્થમાં સમાજ સેવક અને પ્રજા સેવક તરીકે સમાજ ને એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.બીજાને કોઈ બાળકને અંધાપો દૂર કરી, સુરક્ષા સાથે સેવાનું ઉત્તરદાયિત્વ નિભાવી, પોલીસ પ્રજાનો મિત્ર છે, એ સૂત્રને સાર્થક કરી ઉત્તમ ઉદાહરણ પણ પૂરું પાડ્યું છે. પોલીસ કોન્સ. રઘુવીર દાન ગઢવીની સેવાકીય ભાવનાની પોલીસ અધિકારીઓ દ્વારા બિરદાવવામાં આવી હતી. અને દીકરીના આત્માને માં ભગવતી શાંતિ આપે તેવી પ્રાર્થના કરવામાં આવી હતી.

### હવામાન વિભાગની આગાહી

# ગુજરાતમાં આવશે આંધી વંટોળ, ૩૦ કિમીની ઝડપે પવન ફૂંકાશે

## આગામી ૩ દિવસ કચ્છ, બનાસકાંઠા, પાટણ, સુરેન્દ્રનગરમાં આંધી વંટોળની આગાહી છે આંધી વંટોળના કારણે વિઝિબિલિટીમાં ઘટાડો થશે

અમદાવાદ,તા.૩૦

રાજયમાં હાલ ગરમીથી થોડી રાહત મળી છે. આ દરમિયાન હવામાન વિભાગે રાજયમાં આગામી દિવસોમાં સૂકું વાતાવરણ રહેવાના આગાહી કરી છે. દક્ષિણ પશ્ચિમના પવન ફૂંકાતા ગરમીમાં આંશિક ઘટાડો થશે. હવામાં ભેજનું પ્રમાણ વધ્યું છે, આગામી ૩ દિવસ કચ્છ, બનાસકાંઠા, પાટણ, સુરેન્દ્રનગરમાં આંધી વંટોળની આગાહી છે. આંધી વંટોળના કારણે વિઝિબિલિટીમાં ઘટાડો થશે. આ દરમિયાન ૨૫ થી ૩૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાશે.

ગુજરાતભરમાં આકરી ગરમી પડી રહી છે લોકો હવે વરસાદની રાહ જોઈ રહ્યા છે જેથી આ ગરમીમાંથી છૂટકારો મળે ત્યારે વરસાદને લઈને હવામાન નિષ્ણાંત અંબાલાલે મોટી આગાહી કરી છે જેમા જણાવ્યું છે કે ચોમાચાની શરૂઆતમાંજ સારો વરસાદ પડશે અને વરસાદ પણ વહેલો આવશે. હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે આગાહી કરી છે કે ૪ જૂન સુધીમાં વરસાદ પડશે જેમાં ઉત્તર ગુજરાત મધ્ય ગુજરાત સૌરાષ્ટ્રના મોટાભાગના વિસ્તારો આવી જશે તેમના જણાવ્યા મુજબ આંધી-વંટોળ સાથે પ્રી-મોનસૂનનો વરસાદ પડવાની શક્યતા રહેશે.

અંબાલાલ પટેલના જણાવ્યા મુજબ વડોદરા, નડિયાદ, આણંદ, ધંધુકા, ભાવનગર, સૌરાષ્ટ્રના કેટલાંક વિસ્તારો ઉપરાંત જંબુસર, પંચમહાલ, સાબરકાંઠા, અમદાવાદ, ગાંધીનગર, ધોળકા કચ્છમાં ગાજવીજ સાથે પ્રી-મોનસૂનની એક્ટિવિટી જોવા મળશે.

ભારતના હવામાન વિભાગે આ વખતે ખેડૂતો ને સારા સમાચાર આપ્યા છે તેઓના કહેવા મુજબ આ વર્ષે ચોમાસું ૩૧ મેના રોજ કેરળમાં આવી શકે છે આમ એક દિવસ વહેલું ચોમાસું કેરળમાં આવશે સામાન્ય રીતે ૧ જૂને કેરળમાં ચોમાસું આવતું હોય છે.

### પંજાબમાં રાહુલ ગાંધીની મોટી જાહેરાત

# ઈન્ડિયા ગંઠબંધનની સરકાર બનતા જ ખેડૂતોનું દેવુ થશે માફ

ચંદીગઢ, તા.૩૦

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના સાતમા અને છેલ્લા તબક્કા માટે તમામ રાજકીય પક્ષોએ તેમની તાકાત લગાવી દીધી છે. આ દરમિયાન, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ બુધવારે (૨૯ મે) પંજાબના લુધિયાણામાં એક રેલીને સંબોધિત કરી હતી. આ દરમિયાન રાહુલ ગાંધીએ ખેડૂતોને મોટા વચનો આપ્યા હતા. તેમણે ઈન્ડિયા ગઠબંધન સરકારની રચના પછી તરત જ ખેડૂત લોન માફી આયોગની રચના કરવાની વાત કરી હતી. ખેડૂતોની લોન માફીની જાહેરાત કરતા રાહુલ ગાંધીએ કહ્યું કે ઈ ગઠબંધન સરકાર બનતાની સાથે જ અમે ખેડૂતોની લોન માફ કરીશું. તેમણે કહ્યું કે જેમ તેઓ (ભાજપ) અબજોપતિઓની લોન માફ કરે છે. કોંગ્રેસ સાંસદે કહ્યું કે અમે ખેડૂતોની લોન માત્ર એક જ વાર માફ નહીં કરીએ, આ માટે અમે એક કમિશન બનાવીશું, જેને ખેડૂત લોન માફી કમિશન કહેવામાં આવશે. તેમણે કહ્યું કે જ્યારે પણ ખેડૂતોને લોન માફીની જરૂર પડશે ત્યારે કમિશન સરકારને જાણ કરશે અને અમે લોન માફ કરીશું. તેમણે આગળ કહ્યું, ''એકવાર, બે વાર, ત્રણ વાર, જેટલી વાર ખેડૂતને જરૂર પડશે, અમે તેની લોન માફ કરીશું. તેમણે કહ્યું કે ખેડૂતો દેશની કરોડરજ્જુ છે અને તેમની સુરક્ષા થવી જોઈએ. આ દરમિયાન રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પણ નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે પીએમ મોદી કહે છે કે ખેડૂતોને કાયદેસર સ્જ઼ૅ આપી શકાય નહીં. કોંગ્રેસ સાંસદે કહ્યું કે ચૂંટણી બાદ ઈન્ડિયા ગઠબંધન સરકાર ૪ જૂને આવશે અને અમે પહેલીવાર ખેડૂતોને ગેરંટી સાથે કાયદેસર MSP આપીશું.

## આપની આવતીકાલ કેવી જશો...?

**:: રત્નકણીકા ::**

સત્વગુણ, રજોગુણ અને તમોગુણ પ્રકૃત્તિમાંથી ઉદભવેલા
આ ત્રણેય ગુણો અવિનાશી જીવાત્માને બાંધે છે.

- શ્રીમદ્ ભગવદ ગીતા

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.દએ-૧૩૯૩, મુ. જિલ્કાદ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, વૈશાખ વદ-૭ કાલાષ્ટમી, પંચક તા.૩૦ મે ૨૦૨૪, ગુરૂવાર, પારસી તા.૧૯, મુસ્લિમ તા.૨૧, ધનિષ્ઠા નક્ષત્ર, વૈધૃતિ યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૬:૦૬, સૂ.અ.૭:૩૦

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: ઉત્સાહભર્યું વાતાવરણ સર્જાય. યશમાં વધારો થાય.
વૃષભ:મનની મુરાદ મનમાં રહે. ગૃહવિવાદ.
મિથુન:ભૌતિક મનોકામના પૂર્ણ થાય. વડીલોથી વાણી ઘર્ષણ થાય.
કર્ક: મોસાળ પક્ષ તરફથી લાભ મળે. નાણાંકીય સમસ્યાઓ દૂર થાય.
સિંહ: હિતશત્રુઓથી સાવધ રહેવું. કૌટુંબિક સમસ્યાનો સામનો કરવો પડે.
કન્યા: મહત્વના કાર્યો અટકી પડે. મનમાં ઉદ્વેગ રહે.
તુલા: જૂની ઓળખાણથી લાભ મળી જાય. આર્થિક બાબતે શ્રેષ્ઠ દિવસ.
વૃશ્ચિક:આર્થિક લાભ મેળવી શકશો. શુભ સમાચાર મળે.
ધન: અણધાર્યો બનાવ બને. ચિંતા ભર્યો દિવસ વિતે.
મકર: પ્રાવસથી લાભ મળે. અટકેલા કાર્યો પૂર્ણ થાય.
કુંભ: વડીલોથી લાગણી રહે. વાહન-મિલ્કતથી લાભ થાય.
મીન: આનંદમય દિવસ પસાર થાય. આવક-જાવક સરભર રહે.

### અનુરાગ ઠાકુરે કેજરીવાલ પર કર્યો કટાક્ષ

# ૪૭ ડિગ્રીમાં રોડ શો અને કેજરીવાલ તબિયતના બહાને જામીન માંગે છે

## અરવિંદ કેજરીવાલે સુપ્રીમ કોર્ટને સ્વાસ્થ્યના કારણોના આધારે તેમના જામીન વધુ સાત દિવસ વધારવાની વિનંતી કરી હતી

નવીદિલ્હી,તા.૩૦

કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે અરવિંદ કેજરીવાલ પર કટાક્ષ કર્યો અને કહ્યું કે તેઓ ૪૭ ડિગ્રીની આકરી ગરમીમાં રોડ શો કરે છે પરંતુ બીમારીના બહાને સુપ્રીમ કોર્ટમાંથી જામીન માંગે છે.

કેન્દ્રીય મંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા અનુરાગ ઠાકુરે આજે અરવિંદ કેજરીવાલ પર આકરા પ્રહારો કર્યા હતા. તેણે કહ્યું કે ફરી એકવાર તેનો ચહેરો બધાની સામે આવી ગયો. તેઓ ૪૭ ડિગ્રી સેલ્સિયસ તાપમાનમાં રોડ શો કરે છે અને જામીન મેળવવા માટે અસ્વસ્થ હોવાનો ડોળ કરે છે.અનુરાગ ઠાકુરે અરવિંદ કેજરીવાલને લઈને મીડિયાકર્મીઓના સવાલોના જવાબ આપતા કહ્યું કે તેમનો ચહેરો ફરી એક વખત ખુલ્લો થઈ ગયો છે. તે જૂઠું બોલવામાં માહેર છે અને તે સ્પષ્ટ દેખાઈ રહ્યું છે કે તે ૪૭ ડિગ્રી તાપમાનમાં રોડ શો કરી શકે છે પરંતુ તે અસ્વસ્થ હોવાનું બહાનું કરીને જામીન માંગે છે. આ વાત મીડિયાએ બતાવી અને કોર્ટમાં પણ જાહેર કરી.

હકીકતમાં, અરવિંદ કેજરીવાલે સુપ્રીમ કોર્ટને સ્વાસ્થ્યના કારણોના આધારે તેમના જામીન વધુ સાત દિવસ વધારવાની વિનંતી કરી હતી. પરંતુ સુપ્રીમ કોર્ટની રજિસ્ટ્રીએ તેમના વચગાળાના જામીન લંબાવવાનો ઈનકાર કર્યો હતો. સુપ્રીમ કોર્ટની રજિસ્ટ્રીનું કહેવું છે કે કેજરીવાલને ટ્રાયલ કોર્ટમાં જામીન અરજી દાખલ કરવાની સ્વતંત્રતા છે. આનો અર્થ સ્પષ્ટ છે કે કેજરીવાલે ૨ જૂન સુધીમાં આત્મસમર્પણ કરવું પડશે.

કેજરીવાલે દાખલ કરેલી અરજીમાં કહેવામાં આવ્યું હતું કે તેમનું વજન અચાનક ઘટી ગયું છે અને તેમનું કીટોન લેવલ ''અત્યંત ઊંચુ'' છે, જે ગંભીર કિડની, હૃદય રોગ અને કેન્સરનું પણ સંભવિત સૂચક છે. આને ધ્યાનમાં રાખીને, તેણે 'પીએટી-સીટી સ્કેન' સહિત કેટલાક તબીબી પરીક્ષણોમાંથી પસાર થવા માટે તેના વચગાળાના જામીન સાત દિવસ સુધી વધારવાની વિનંતી કરી હતી. કેજરીવાલે ૨૬ મેના રોજ દાખલ કરેલી તેમની અરજીમાં કહ્યું છે કે તે ૨ જૂનને બદલે ૯ જૂને આત્મસમર્પણ કરવા માંગે છે, જે કોર્ટ દ્વારા જેલમાં પરત ફરવાની તારીખ નક્કી કરવામાં આવી છે.૧૦ મેના રોજ સુપ્રીમ કોર્ટે કેજરીવાલને લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને પ્રચાર કરવા માટે ૧ જૂન સુધી ૨૧ દિવસ માટે વચગાળાના જામીન આપ્યા હતા. સર્વોચ્ચ અદાલતે નિર્દેશ આપ્યો હતો કે કેજરીવાલ ૨ જૂને આત્મસમર્પણ કરશે. આના એક દિવસ પહેલા એટલે કે ૧ જૂને લોકસભા ચૂંટણીના સાતમા અને અંતિમ તબક્કા માટે મતદાન થવાનું છે. અરવિંદ કેજરીવાલની દિલ્હી દારૂ કૌભાંડ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં ED દ્વારા ધરપકડ કરવામાં આવી હતી.

## વડોદરાની વિબગ્યોર સ્કૂલને વધુ ફી લેવા બદલ બે લાખનો દંડ

વડોદરા,તા.૩૦

વાલીઓ પાસેથી એફઆરસી(ફી રેગ્યુલેશન કમિટિ)એ નક્કી કરેલી ફી કરતા વધુ ફી વસૂલવા બદલ વડોદરાના ભાયલી વિસ્તારમાં આવેલી વિબગ્યોર સ્કૂલને મધ્ય ગુજરાત ઝોનની એફઆરસી દ્વારા બે લાખ રૂપિયા દંડ ફટકારવામાં આવ્યો છે. વિબગ્યોર હાઈ ઈન્ટરનેશનલ સ્કૂલમાં અભ્યાસ કરતા ૧૫ જેટલા વિદ્યાર્થીઓના વાલીઓએ એફઆરસી સમક્ષ સ્કૂલ દ્વારા ૨૦૧૭-૧૮થી એફઆરસી દ્વારા જે પણ ફી નક્કી કરવામાં આવે તેના કરતા વધારે ફી વૈકલ્પિક ફીના નામે વસૂલવામાં આવતી હોવાની ફરિયાદ કરી હતી. સાથે સાથે બે વાલીઓનુ એવુ પણ કહેવું હતું કે, સ્કૂલ દ્વારા પ્રાઈમરી સેકશનમાં કેમ્બ્રિજ ઈન્ટરનેશનલ એજ્યુકેશનના નામે વાલીઓ પાસેથી ફી લેવામાં આવી હતી.

### સ્માર્ટ મીટરને લઈ લોકોમાં ઉગ્ર અસંતોષ બાદ મુખ્ય સચિવને રજૂઆત

# જીઈબીના નિર્ણય ઉપર સ્ટે આપી જૂના મીટર જ ચાલુ રહે તેવો આદેશ આપો



અમદાવાદ, તા.૩૦

રાજ્યમાં સ્માર્ટ મીટર સામે ઠેર-ઠેર વિરોધ થઈ રહ્યો છે. સ્માર્ટ મીટરનો વધારે બિલ એ લોકોના જીવન ધોરણ ઉપર અસર કરી રહ્યો છે. ત્યારે આ અંગે ડો. જયનારાયણ વ્યાસ દ્વારા જૂના મીટરો જ ચાલુ રહે સહિતની અપીલો સાથે રાજ્યના મુખ્ય સચિવને રજૂઆત કરતો પત્ર લખવામાં આવ્યો છે. પત્રમાં જણાવાયું છે કે, વડોદરામાં ગુજરાત ઈલેક્ટ્રિસિટી બોર્ડ દ્વારા બળજબરીથી ગ્રાહકોને ફીટ કરવામાં આવી રહેલ સ્માર્ટ મીટર બાબતે જે કાર્યવાહી કરવામાં આવી રહી છે તેના સામે વ્યાપક અસંતોષ ફાટી નીકળ્યો છે. ગ્રાહકના માથે વધારાનો કમરતોડ બોજ પડે એ કેવો હોય એ સમજવાની જરૂર છે. ગરીબ માણસ છેલ્લા કેટલાક વર્ષોમાં વધુ ને વધુ ગરીબ બનતો ગયો છે. બેરોજગારી અને મોંઘવારીએ માઝા મૂકી છે ત્યારે નાના નાના માણસો અને બહેનો અસહ્ય ગરમીમાં જીઈબીના અધિકારી સામે રજૂઆત કરવા ભેગા થાય એ પરિસ્થિતિ દયનીય છે. એક બહેનનું બાળક હોસ્પિટલમાં દાખલ કર્યું હોય, ઘર બંધ હોય અને તેઓ પાછા આવે ત્યારે મીટર ખાલી થઈ ગયું હોય. ઉપરથી ખાસી એવી રકમનું રિચાર્જ કરવા માટે માંગણી કરવામાં આવતી હોય છે. તે સંજોગો તંત્રની સંવેદનહીનતા બતાવે છે. છેલ્લા દસ વર્ષમાં ટોરેન્ટ વીજ વિતરણ અને ડિસ્ટ્રીબ્યૂશનના ક્ષેત્રે વિવિધ પક્ષોને પોતાની પાંખમાં લઈ જોરદાર કામગીરી કરી છે. કદાચ ગુજરાત વિદ્યુત બોર્ડે પણ ટોરેન્ટ પાસેથી જ આ પ્રેરણા લીધી હશે. એમને ટોરેન્ટની માફક 'ફૂંકો અને કરડો' નહીં આવડ્યું હોય એટલે સરકારની આ અણઘડ સંસ્થા અત્યારે ભર ઉનાળે લોકોનું લોહી પીવા મેદાને પડી છે. આ પત્ર થકી તમને મારી અરજ છે કે, 'આ તમે રોકો.' આ એ જ પ્રજા છે, જેણે તમને પુષ્કળ માન અને હૂંફ આપી છે. ખરા અર્થમાં તો એ તમારી માલિક છે, નોકર નહીં. અત્યારે ચૂંટણીની આચારસંહિતા ચાલે છે. પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓને જો રાજકોટના ગોઝારા અગ્નિકાંડ માટે સમય ન હોય તો વડોદરાના છેલ્લા એક મહિના જેટલા સમયથી ટળવળતા આ ગરીબ અને મધ્યમ વર્ગ માટે ક્યાંથી સમય હોય ? ડો.જયનારાયણ વ્યાસની મુખ્ય સચિવને જ્યાં સુધી ગ્રાહક સ્માર્ટ મીટર સ્વીકારે નહીં ત્યાં સુધી એને માથે આવો અન્યાયી વિકલ્પ ઠોકી ન બેસાડવા વિનંતી છે. હાલ પૂરતું જીઈબીના આ તઘલખી નિર્ણય ઉપર સ્ટે અપાય અને ગ્રાહકોને વિશ્વાસમાં લીધા સિવાય જૂના મીટરો જ ચાલુ રહે એવા તાત્કાલિક હુકમો આપવા રજૂઆત કરવામાં આવી છે.

# નમો લક્ષ્મી યોજનામાં માતાના બદલે દીકરીઓના ખાતામાં સહાય આપવા માંગ

### ખાનગી સ્કૂલમાં ભણીને આવેલી દીકરીઓને પણ આ યોજનાનો લાભ આપવા માટે રજૂઆત

અમદાવાદ, તા.૩૦

રાજ્યના સંચાલક મંડળ દ્વારા નમો લક્ષ્મી યોજનાને લઈને બે સુધારા શિક્ષણ વિભાગને સુચવ્યા છે. જેમાં સૌપ્રથમ તો દિકરીઓના બદલે તેમની માતાના બેંક ખાતામાં સહાયની રકમ જમા કરવાના નિર્ણયની ફેરવિચારણા કરી દિકરીઓના બેંક એકાઉન્ટમાં જ રકમ જમા થાય તેવો સુધારો કરવા માટે ભલામણ કરવામાં આવી છે. આ ઉપરાંત ખાનગી પ્રાથમિક સ્કૂલમાં અભ્યાસ કરીને ધોરણ૯માં આવેલી દિકરીઓને પણ આ યોજનાનો લાભ આપવામાં આવે તેવી પણ માગણી કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્ય શાળા સંચાલક મહામંડળ -ગુજરાત પ્રદેશને સમગ્ર રાજ્યના વિવિધ જિલ્લા ઘટક સંઘો તરફથી મળેલી વિવિધ રજૂઆતો અને સૂચનોને સંકલિત કરીને રાજ્યના શિક્ષણ સચિવને રજૂઆત કરવામાં આવી છે. જેમાં દીકરીઓ માટે જાહેર કરેલી નમો લક્ષ્મી યોજનાને સંચાલક મંડળ દ્વારા આવકારવામાં આવી છે. ગુજરાત બોર્ડ અને સેન્ટ્રલ બોર્ડમાં અભ્યાસ કરતી તમામ દીકરીઓને ધોરણ-૯થી ૧૨ના અભ્યાસમાં લાભ મળશે. દીકરીઓ સાથે ભેદભાવ ન હોય તે બાબત આપ પણ સમજો છો. જેથી કરીને સંચાલક મંડળે રજૂઆત કરી છે કે, ગુજરાતની કોઈપણ સ્વનિર્ભર પ્રાથમિક શાળામાં દિકરીએ અભ્યાસ કર્યો હોય અને ધોરણ૯માં આવે એટલે તેને આ લાભ મેળવવો જોઈએ. સહાયની રકમની ચુકવણીની પ્રક્રિયામાં પણ સંચાલક મંડળ દ્વારા ફેરફાર સુચવવામાં આવ્યો છે. રાજ્યમાં શિક્ષણ સહાય માટે SC, ST અને SEBCનાં બાળકોને સરકારના વિવિધ વિભાગો દ્વારા ચૂકવવામાં આવતી સ્કોલરશીપ માટે વિદ્યાર્થીઓના નામજોગ બેંન્કનાં ખાતા ચાલુ છે. નમો લક્ષ્મી યોજનામાં માતાનું બેંન્ક ખાતું ખોલાવવાની બાબત છે તે વર્તમાન સમયમાં યોગ્ય જણાતું નથી. કારણ કે, હવે સંયુક્ત કુટુંબો રહ્યા નથી અને વિભક્ત કુટુંબમાં નાની-નાની બાબતોમાં માતા-પિતાના ઝઘડા, છૂટાછેડા અને સામાજિક પ્રશ્નો ખૂબ વધી ગયા છે. તેવા સંજોગોમાં નામજોગ બેંક ખાતા ખોલાવીને તે ખાતામાં DBT રકમ ટ્રાન્સફર કરવી જોઈએ. દીકરીઓનો જ્યાં સુધી સવાલ છે ત્યાં ધોરણ-૯માં લગભગ ૧૫ વર્ષની ઉંમર પૂર્ણ થઈ જતી હોય છે. જેથી બેંક ખાતુ દીકરીના નામે અને તેના નોમીની તરીકે માતાનું નામ રાખવાની જોગવાઈ કરવી જોઈએ.

# જૈન સંતો સાથે ગેરવર્તન કરનાર યુટ્યુબર સામે ફરિયાદ નોંધાઈ

નવી દિલ્હી, તા.૩૦

ઉત્તરાખંડમાં જૈન સંતો સાથે દુર્વ્યવહાર કરનાર યુટ્યુબર વિરૂધ્ધ FIR નોંધવામાં આવી છે. સૂરજસિંહે સોશિયલ મીડિયા ઉપર જૈન સંતોને લઈને વાંધાજનક વીડિયો અપલોડ કર્યો હતો. ૨૭મી મેના રોજ દેવપ્રયાગ પોલીસ સ્ટેશનમાં કલમ ૧૫૩(એ)/૨૯૫(એ)૫૦૫(૨) IPC અને ૬૭(એ) IT ACT નોંધીને સૂરજસિંહ વિરૂધ્ધ આગોતરી કાનૂની કાર્યવાહી કરવામાં આવી રહી છે. તેમજ મામલો વધતો જોઈને યુટ્યુબરે એક વીડિયો જાહેર કર્યો છે અને માફી માંગી છે. વાંધાજનક વીડિયો ટોટા વેલી પાસે NH-07 ઋષિકેશ રોડ ઉપર બનાવવામાં આવ્યો હતો. વાસ્તવમાં સૂરજસિંહે દિગંબર જૈન સંપ્રદાયના કેટલાક સંતોને રસ્તામાં રોક્યા હતા અને કપડા ન પહેરવાની ટિપ્પણી કરી હતી. સૂરજસિંહે આનો વીડિયો પણ બનાવીને સોશિયલ મીડિયા ઉપર વાયરલ કર્યો હતો. આનાથી જૈન સમાજની ભાવનાઓને ઠેસ પહોંચી છે. મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીના કાર્યાલયે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X ઉપર એક પોસ્ટ કરી છે. તેમણે લખ્યું, જૈન સાધુઓ સાથે ગેરવર્તણૂકનો એક વીડિયો સોશિયલ મીડિયા ઉપર ફરતો થઈ રહ્યો છે, જેને ધ્યાનમાં લઈને માનનીય મુખ્યમંત્રી @pushkardhamiએ ઉત્તરાખંડના પોલીસ મહાનિર્દેશકને તમામ તથ્યોની સંપૂર્ણ તપાસ કરવા અને યોગ્ય પગલાં લેવાનો નિર્દેશ આપ્યો છે. તે જ સમયે ઉત્તરાખંડ પોલીસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X ઉપર એક પોસ્ટ કરી છે. તેમણે લખ્યું કે, સોશિયલ મીડિયા ઉપર ફરતા થયેલા વીડિયોને ધ્યાનમાં લઈને જેમાં એક યુવકે કેટલાક દિગંબર સંતો સાથે દુર્વ્યવહાર કર્યો છે, આ યુવક વિરૂધ્ધ કલમ ૧૫૩-એ, ૨૯૫-એ IPC અને ૬૭-એ IT એક્ટ હેઠળ કેસ નોંધીને આગોતરી કાનૂની કાર્યવાહી કરવામાં આવી રહી છે. મામલો વધતો જોઈને યુટ્યુબરે એક વીડિયો જાહેર કર્યો છે અને માફી માંગી છે. તેણે વીડિયોમાં કહ્યું કે, હું મારી ભૂલ સ્વીકારું છું. મારાથી ભૂલ થઈ. કદાચ લોકો કે જૈન સમુદાયને મારું વર્તન કે મારી વાત કરવાની રીત પસંદ ન હતી. હું તે જૈન સાધુઓ અને જૈન સમાજની માફી માંગુ છું. મારે આવું વર્તન ન કરવું જોઈતું હતું. હું દરેકને અપીલ કરૂં છું કે, મને માફ કરો. કોઈપણ સમાજને કંઈ કહેવાનો કે તેમને હેરાન કરવાનો મારો કોઈ ઈરાદો નહોતો. હું જ્ઞાન મેળવવાનો પ્રયત્ન કરી રહ્યો હતો, કદાચ મારી પદ્ધતિ ખોટી હતી. આ વીડિયો ઘણા સમય પહેલા બનાવવામાં આવ્યો હતો, પરંતુ આ વીડિયોને પછી અપલોડ કરવામાં આવ્યો છે. હું એ ઋષિઓને મળી શકું કે ન પણ મળી શકું, નહીં તો હું એ ઋષિઓને મળીને માફી માંગી લેત. આવી ભૂલ ભવિષ્યમાં ક્યારેય નહીં થાય.


# રાજ્યમાં પીએસઆઈ અને એલઆરડીની પરીક્ષા અંગેના નિયમોમાં ફેરફાર સામે વ્યાપક વિરોધ




ગાંધીનગર, તા.૩૦

રાજય સરકારના ગૃહ વિભાગમાં પીએસઆઇ અને ગ્રામરક્ષક દળના જવાનોની ખાલી જગ્યા સ્પર્ધાત્મક પરીક્ષાના માધ્યમથી ભરવા માટેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. મર્યાદિત સંખ્યા સામે લાખોની સંખ્યામાં અરજી આવી છે અને ત્યારે મારી પ્રથમ તબક્કામાં જ મોટાભાગના ઉમેદવારોને જાણે બહાર કાઢી નાખવાના હોય તેમ પરીક્ષાના નિયમોમાં અને પેપર સ્ટાઈલમાં એટલા મોટા ફેરફારો કરવામાં આવ્યા છે કે તેની સામે વિરોધ વ્યાપક બન્યો છે. હજુ પરીક્ષાની તારીખ જાહેર થઈ નથી પરંતુ નજીકના ભવિષ્યમાં તારીખ જાહેર થશે અને તે વચ્ચેના સમયગાળામાં આ મામલે વ્યાપક વિરોધ થવાની શકયતા નકારાતી નથી. અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને તેની પેપર સ્ટાઈલની વાત કરીએ તો જીપીએસસી વર્ગ એક, બેની પરીક્ષામાં અને નાયબ મામલતદાર તથા ડેપ્યુટી સેકશન ઓફિસરોની પરીક્ષામાં મેથસ રીઝનીંગના ગુણ માત્ર ૧૨.૫% હોય છે. ત્યારે પીએસઆઈની પરીક્ષામાં તે ૧૦૦% અને એલઆરડીની પરીક્ષામાં ૭૫% રાખવામાં આવ્યા છે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવાતી પરીક્ષામાં ગણિતનું વેઈટેજ ૧૫થી ૨૦ ટકા હોય છે. મહાનગરપાલિકા અને નગરપાલિકાઓની ભરતી પરીક્ષામાં આ પ્રમાણ ૧૦ થી ૧૫ ટકા જેટલું હોય છે. નાયબ મામલતદારોનું ફાઈનલ મેરીટ લિસ્ટ વર્ણનાત્મક પેપરના કુલ મળેલા માર્કથી નક્કી થતું હોય છે. કોઈ પેપરમાં ઓછામાં ઓછા ૪૦ ટકા માર્કસ લાવવા તેવી કોઈ જોગવાઈ નથી. પબ્લિક સર્વિસ કમિશન દ્વારા લેવાતી વર્ગ એક અને બેની પરીક્ષામાં આવું મેરીટ લીસ્ટ ૬ વર્ણનાત્મક પેપરના અને મૌખિકના કુલ માર્કના આધારે નક્કી થતું હોય છે અને ત્યાં પણ ૪૦ ટકા મિનિમમ માર્ક કોઈ પેપરમાં લાવવાની જોગવાઈ નથી. ત્યારે આગામી દિવસોમાં લેવાનારી એલઆરડીની પરીક્ષામાં એક જ પેપરના પાર્ટ એ અને પાર્ટ બીમાં ૪૦ – ૪૦ માર્ક લેવાનું ફરજિયાત બનાવાયું છે. પીએસઆઇ ની પરીક્ષામાં પેપર એકમાં પાર્ટ એ બી માં ૪૦% માર્ક લેવાનું ફરજિયાત બનાવાયું છે. પોલીસ જેવી નોકરીમાં અરજી કરનાર ઉમેદવાર શારીરિક રીતે સક્ષમ અને મજબૂત હોવો અનિવાર્યપણે આવશ્યક છે. પરંતુ આ વખતની પરીક્ષામાં દોડના કોઈ માર્ક રાખવામાં આવ્યા નથી. પોલીસ સબ ઈન્સ્પેકટર અને લોકરક્ષકદળની ભરતી પ્રક્રિયા માટે જાહેર કરવામાં આવેલ અભ્યાસક્રમોમાં અનેક વિસંગતતા જોવા મળે છે. પીએસઆઈની પ્રાથમિક કસોટીમાં પાર્ટ 'એ' માં જ ૧૦૦ માકર્સનું ગણિત અને રિઝનીગ રાખવામાં આવ્યું છે. જેમાં પાસ થવા માટે ૪૦ ટકા ગુણ લાવવા ફરજીયાત છે. એલઆરડીની પ્રાથમિક કસોટીમાં પાર્ટ 'એ' માં જ ૬૦ માકર્સનું ગણિત અને રિઝનીગ રાખવામાં આવ્યું છે. જેમાં પાસ થવા માટે ૪૦ ટકા ગુણ લાવવા ફરજીયાત છે. કોન્સ્ટેબલ અને પીએસઆઈની પરીક્ષામાં ૪૦% ફરજિયાત લાવવાની જોગવાઈ બિલકુલ અન્યાયી અને અયોગ્ય છે. પીએસઆઇ વર્ણનાત્મક (ગુજરાતી–અંગ્રેજી)પેપરમાં ટોપિકને ફાળવેલ માકર્સની બાબત સામે પ્રશ્નાર્થ છે. ગુજરાતીમાં નિબધં માટે ૩૦ માકર્સ, પરીક્ષક તેની મરજી મુજબ વધારે કે ઓછા માકર્સ આપીને વિધાર્થીઓને અન્યાયકર્તા બની શકે. ભાષાનાં બધાં જ પેપરો તે પછી નાયબ મામલતદાર હોય, જીપીએસસી ૧–૨નાં હોય કે યુપીએસસીનાં હોય, તેમાં વ્યાકરણનાં હેતુલક્ષી પ્રશ્નો હોય છે જે, પીએસઆઈ પરીક્ષામાંથી કાઢી નાખવામાં આવ્યા છે. કોઈનેય અન્યાય ન થાય તેવા તટસ્થ મૂલ્યાંકન માટે ૭૦ માકર્સના ગુજરાતીના પેપરમાં નિબંધના ૧૦ થી વધુ માકર્સ ન હોવા જોઈએ. તેમજ તટસ્થ હેતુલક્ષી મૂલ્યાંકન માટે ભાષાના પેપરમાં વ્યાકરણના હેતુલક્ષી પ્રશ્નો હોવા જ જોઈએ. પોલીસ કોન્સ્ટેબલ અને પીએસઆઈની ભરતીના નવા નિયમો રાજ્યના વિધાર્થીઓને અન્યાયકર્તા છે. દોડના માકર્સ કાઢી નાખવાથી પોલીસ દળમાં મજબૂત અને સશકત ઉમેદવારોની સંખ્યા ઘટશે. શહેરી અને ગ્રામીણ વિસ્તારો વચ્ચે અસમાનતા ઊભા કરનારા છે. રાજયના લાખો યુવાનો માટે સ્પર્ધાત્મક પરિક્ષામાં વિસંગતતા દુર કરીને દરેકને સમાન તક મળે તેવી માંગ કરવામાં આવી રહી છે.

# જમ્મુ-કાશ્મીરમાં ૩૫ વર્ષમાં સૌથી વધુ મતદાન નોંધાયું ટૂંક સમયમાં વિધાનસભા ચૂંટણી : મુખ્ય ચૂંટણી કમિશ્નર




નવી દિલ્હી, તા.૩૦

ચૂંટણી પંચે જણાવ્યું હતું કે, જમ્મુ અને કાશ્મીરમાં આ વખતે મતદાન છેલ્લા ૩૫ વર્ષમાં લોકસભાની ચૂંટણીમાં સૌથી વધુ હતું અને કાશ્મીર ખીણમાં ૨૦૧૯ની સરખામણીમાં મતદાનમાં ૩૦ ટકાનો જંગી ઉછાળો જોવા મળ્યો હતો. મુખ્ય ચૂંટણી કમિશ્નર રાજીવકુમારે જણાવ્યું હતું કે, આ ઉપરાંત ૨૦૧૯થી લડી રહેલા ઉમેદવારોની સંખ્યામાં ૨૫ ટકાનો વધારો નોંધાયો છે. તેમણે કહ્યું કે, 'આ સક્રિય ભાગીદારી ટૂંક સમયમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીઓ માટે એક મોટો સકારાત્મક સંકેત છે જેથી કરીને કેન્દ્રશાસિત પ્રદેશમાં લોકશાહી પ્રક્રિયા આગળ વધે.' મતદાન પેનલે એમ પણ જણાવ્યું હતું કે, પાંચ લોકસભા બેઠકો સાથે સમગ્ર કેન્દ્રશાસિત પ્રદેશના મતદાન મથકો ઉપર સંયુક્ત મતદાન ૫૮.૪૬ ટકા હતું. સીઈસી કુમારે મીડિયાને જણાવ્યું હતું કે, આ લોકસભા ચૂંટણીમાં જમ્મુ અને કાશ્મીરમાં મતદારોના મતદાનથી પ્રોત્સાહિત, ચૂંટણી પંચ 'ખૂબ જ જલ્દી' કેન્દ્રશાસિત પ્રદેશમાં વિધાનસભા ચૂંટણીઓ હાથ ધરવાની પ્રક્રિયા શરૂ કરશે. કાશ્મીર ખીણની ત્રણ સંસદીય મતક્ષેત્રોમાંથી ૫૦.૮૬ ટકાનું મતદાન લોકશાહી પ્રક્રિયામાં લોકોના વિશ્વાસને પ્રતિબિંબિત કરે છે, ચૂંટણી પંચે જણાવ્યું હતું કે, મતદાનમાં ભાગીદારીની ટકાવારીમાં ૨૦૧૯ની સામાન્ય ચૂંટણીના ૧૯.૧૬ ટકાની સરખામણીમાં ૩૦ પોઈન્ટનો ઉછાળો જોવા મળ્યો હતો. ખીણની ત્રણ બેઠકો - શ્રીનગર, બારામુલ્લા અને અનંતનાગ-રાજૌરી ઉપર અનુક્રમે ૩૮.૪૯ ટકા, ૫૯.૧ ટકા અને ૫૪.૮૪ ટકા મતદાન નોંધાયું છે, જે તમામ છેલ્લા ત્રણ દાયકામાં સૌથી વધુ છે. કેન્દ્રશાસિત પ્રદેશની અન્ય બે બેઠકો -ઉધમપુર અને જમ્મુ - જે જમ્મુ ક્ષેત્રમાં આવે છે, ત્યાં અનુક્રમે ૬૮.૨૭ ટકા અને ૭૨.૨૨ ટકા મતદાન નોંધાયું હોવાનું તેમણે જણાવ્યું હતું. ચૂંટણી પંચે કહ્યું કે, યુવાનોની વધતી જતી સંખ્યાએ તેમનો વિશ્વાસ દર્શાવ્યો છે અને લોકશાહીને મોટાપાયે અપનાવી છે. તેમણે એ બાબત પ્રત્યે પણ ધ્યાન દોર્યું હતું કે, અન્ય રસપ્રદ પરિપ્રેક્ષ્ય ૧૮-૫૯ વર્ષની વયજૂથના લોકો છે જેઓ કેન્દ્રશાસિત પ્રદેશની પાંચ લોકસભા બેઠકોમાંથી દરેકમાં ૮૦ ટકાથી વધુ મતદારો ધરાવે છે. મતદાન પેનલે જણાવ્યું હતું કે, ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં મતદાનની ઊંચી ટકાવારી એ લોકશાહીમાં તેમની શ્રદ્ધાને પ્રતિબિંબિત કરે છે, જે એક સકારાત્મક અને આનંદદાયક બદલાવ છે. જ્યારે પણ જમ્મુ અને કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી યોજાશે, તે ઓગસ્ટ ૨૦૧૯માં બંધારણની કલમ ૩૭૦ નાબૂદ કર્યા પછી અને જમ્મુ અને કાશ્મીરને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિભાજિત કર્યા પછીની પ્રથમ ચૂંટણી હશે અને બીજો લદાખ છે જેમાં એક લોકસભા બેઠક છે અને વિધાનસભા માટે કોઈ જોગવાઈ નથી. સીમાંકન કવાયત્ બાદ જમ્મુ અને કાશ્મીરમાં એસેમ્બલી સીટોની સંખ્યા પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરને ફાળવવામાં આવેલી બેઠકોને બાદ કરતાં ૮૩થી વધીને ૯૦ થઈ ગઈ છે. ડિસેમ્બરમાં સુપ્રીમ કોર્ટે પોલ પેનલને જમ્મુ અને કાશ્મીરમાં ૩૦ સપ્ટેમ્બર સુધીમાં વિધાનસભા ચૂંટણી કરાવવાનો નિર્દેશ આપ્યો હતો.

# ૨૦૧૯ના પાંચ તબક્કાની સરખામણીએ ૨૦૨૪માં લગભગ ૧૯.૪ કરોડ મત ઓછા પડ્યા છે : સર્વે

નવી દિલ્હી, તા.૩૦

દેશમાં પાત્ર મતદારોની કુલ સંખ્યા ૨૦૧૯માં ૮૯.૬ કરોડ હતી અને ૨૦૨૪માં તે વધીને ૯૬.૮ કરોડ થઈ છે. પરંતુ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીની સરખામણીમાં ચાલી રહેલી ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં ભારતના ચૂંટણી પંચ દ્વારા ઉપલબ્ધ કરાયેલ ડેટા જણાવે છે કેૅ મતદાનના પ્રથમ પાંચ તબક્કામાં ૧૯.૪ કરોડ (૧૯,૩૭,૭૨,૪૬૯) મતોનો ઘટાડો નોંધાયો હતો.

૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં પ્રથમ પાંચ તબક્કામાં કુલ ૪૨૬ બેઠકો ઉપર મતદાન થયું હતું જ્યારે ૨૦૨૪ની ચૂંટણીમાં કુલ ૪૨૮ મતવિસ્તારો માટે મતદાન થયું હતું, જે ૨૦૧૯ની સરખામણીમાં બે બેઠકો વધુ છે. ૨૦૧૯માં પ્રથમ પાંચ તબક્કામાં ૭૦.૧ કરોડ (૭૦,૧૬,૬૯,૭૫૭) મત નોંધાયા હતા, જ્યારે ૨૦૨૪માં કુલ ૫૦.૭ કરોડ (૫૦,૭૮,૯૭,૨૮૮) મત નોંધાયા હતા. ભારતના ચૂંટણી પંચે અભૂતપૂર્વ અને સતત જાહેર દબાણ પછી ૨૦ મે સોમવારના રોજ પૂર્ણ થયેલા પાંચ તબક્કા માટે મતદારોની સંપૂર્ણ સંખ્યા જાહેર કર્યા પછી આ સરખામણી શક્ય બની છે.

**તબક્કો એક** :- ચૂંટણી પંચ દ્વારા ઉપલબ્ધ કરાયેલા ડેટા અનુસાર ૨૦૨૪ની લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં ૧૦૨ બેઠકો ઉપર કુલ ૧૧,૦૦,૫૨,૧૦૩ મત નોંધાયા હતા. તેની સરખામણીમાં ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં પ્રથમ તબક્કામાં ૧૪,૨૦,૫૪,૯૭૮ મતદાન નોંધાયું હતું જેમાં ૯૧ બેઠકો પર મતદાન કરવામાં આવ્યું હતું. પ્રથમ તબક્કામાં ૨૦૧૯ની સરખામણીમાં ૨૦૨૪માં ૩.૨ કરોડ ઓછા મત છે.

**તબક્કો બે** :- ૨૦૨૪ની લોકસભા ચૂંટણીના બીજા તબક્કામાં પ્રથમ તબક્કાની સરખામણીએ ૪.૯ કરોડ (૪,૯૪,૧૮,૯૦૦)નો ઘટાડો રહ્યો છે. જ્યારે બીજા તબક્કામાં ૨૦૨૪માં ચૂંટણીમાં સીટોની સંખ્યા ૨૦૧૯ કરતા વધુ હતી. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીની સરખામણીમાં ૨૦૨૪માં બીજા તબક્કામાં ૮૮ બેઠકો પર કુલ ૧૦,૫૮,૩૦,૫૭૨ મત નોંધાયા હતા જ્યારે ૨૦૧૯માં ૯૫ બેઠકો ઉપર મતદાન થયા પછી કુલ ૧૫,૫૨,૪૯,૪૭૨ મત નોંધાયા હતા.

**તબક્કો ત્રણ** :- ૨૦૨૪ની લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કામાં અગાઉની ચૂંટણીની સરખામણીમાં ૭.૫ કરોડ (૭,૫૨,૭૪,૪૮૦) મતોનો ઘટાડો નોંધાયો છે. ૨૦૧૯ના ત્રીજા તબક્કામાં ૧૧૭ બેઠકો ઉપર થયેલા મતદાન પછી કુલ ૧૮,૮૫,૦૯,૧૫૬ મત નોંધાયા હતા જ્યારે ૨૦૨૪ના ત્રીજા તબક્કામાં ૯૩ બેઠકો ઉપર થયેલા મતદાન પછી નોંધાયેલા કુલ મત ૧૧,૩૨,૩૪,૬૭૬ હતા. અલબત્ત ત્રીજા તબક્કામાં જે બેઠકો ઉપર મતદાન થયું હતું, તે ૨૦૨૪ની સરખામણીમાં ૨૦૧૯માં નોંધપાત્ર રીતે વધુ હતી.

**તબક્કો ચાર** :- ચોથા તબક્કામાં બંને ચૂંટણી વચ્ચેનો તફાવત ૫૭.૯ લાખ (૫૭,૯૮,૧૧૦) છે. ૨૦૧૯માં ૭૨ બેઠકો ઉપર કુલ ૧૨,૮૨,૬૭,૪૨૯ મત નોંધાયા હતા અને ૨૦૨૪માં કુલ ૯૬ બેઠકો ઉપર ૧૨,૨૪,૬૯,૩૧૯ મત નોંધાયા હતા.

**તબક્કો પાંચ** :- પાંચમાં તબક્કામાં આ તફાવત ૩.૧ કરોડ (૩,૧૮,૭૮,૧૦૪) છે. ૨૦૧૯માં પાંચમા તબક્કામાં ૫૧ બેઠકો ઉપર થયેલા મતદાન બાદ કુલ ૮,૭૫,૮૮,૭૨૨ મત નોંધાયા હતા જ્યારે ૨૦૨૪માં ૪૯ બેઠકો પર થયેલા મતદાનમાં કુલ ૫,૫૭,૧૦,૬૧૮ મત નોંધાયા હતા. મતદાનના પાંચમાં તબક્કામાં ૨૦૨૪માં ૨૦૧૯માં પાંચમા તબક્કાની તુલનામાં બે ઓછી બેઠકો ઉપર મતદાન થયું હતું.

ફેબ્રુઆરીમાં ભારતના ચૂંટણી પંચ દ્વારા એક અખબારી યાદી અનુસાર ૨૦૧૯માં કુલ પાત્ર મતદારોની સંખ્યા કુલ ૮૯.૬ કરોડ હતી, જે ૨૦૨૪માં વધીને ૯૬.૮ કરોડ થઈ ગઈ છે. ચૂંટણી પંચે સર્વોચ્ચ અદાલતને જણાવ્યું હતું કે, ફોર્મ ૧૭ઞના આધારે મતદાનનો ડેટા અથવા દરેક મતદાન મથક ઉપર થયેલા મતોના રેકોર્ડને જાહેર કરવાનો કોઈ કાનૂની આદેશ નથી, તેના બે દિવસ બાદ શનિવારે આ ડેટા જાહેર કરવામાં આવ્યો હતો. ચૂંટણીનું સંચાલન કરતી સંસ્થાએ એસોસિયેશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (એડીઆર) અને કોમન કોઝ દ્વારા દાખલ કરાયેલી અરજીના જવાબમાં સોગંદનામું દાખલ કર્યું છે જેમાં ચાલી રહેલી લોકસભા ચૂંટણીમાં મતદારોના મતદાનના ડેટાને તાત્કાલિક જાહેર કરવાની માંગ કરવામાં આવી છે.

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીમાં નરસિંહ જીવનકવન પર અંગ્રેજીમાં રજૂ થયો પ્રથમ શોધ નિબંધ



જૂનાગઢ તા.૩૦

નરસિંહ મહેતા ૧૫મી સદીમાં ગુજરાતી ભાષાના પ્રથમ આદ્યકવિ અર્થા આદિ કવિ કહેવાય છે. ભક્ત તરીકે ખ્યાતિ મેળવનાર નરસિંહ મહેતાએ વૈષ્ણવ કવિતાઓનું આખ્યાન કર્યું હતું. તેમણે લખેલી રચનાઓમાં ભજન વૈષ્ણવ જન તો ખૂબ જાણીતુ છે, જે મહાત્મા ગાંધીનું ખૂબ પ્રિય હતું અને તેમના જીવનનો પર્યાય બની રહ્યું. આ ભજનમાં સારા માનવીના ગુણો (મૂલ્યો)નું સરસ રીતે વર્ણન કરેલું છે. તેમનાં પદો, આખ્યાનો અને પ્રભાતિયાં માટે પ્રખ્યાત છે. નરસિંહ મહેતાનાં કાર્યોનું એક અગત્યનું અંગ એ છે કે તેઓ તે ભાષામાં નથી સચવાયાં જેમાં તે લખાયાં હતાં. સાથે જ, તેઓ મોટા ભાગે મૌખિક રીતે સચવાયાં છે. નરસિંહ મહેતાની કૃતિની સૌથી જૂની હસ્તપ્રત લગભગ ઈસવીસન ૧૬૧૨ની આસપાસ રચાયેલી છે જેને ગુજરાત વિદ્યા સભાના કે.કા. શાસ્ત્રીએ શોધી કાઢી હતી. ભક્ત નરસિંહનાં જીવનની આત્મકથાત્મક સર્જનો: જેમાં શામળદાસનો વિવાહ, કુંવરબાઈનું માસિરૂં, હુંડી, ઝારીનાં પદ વગેરે જેવાં સર્જનો અને હરિજનોનો સ્વીકાર કરતી કૃતિઓનો સમાવેશ થાય છે. આ કૃતિઓમાં મહેતાના જીવનના પ્રસંગો અને વર્ણવેલ 'ચમત્કારો' જેમાં ભગવાન ભક્તને મદદ કરે તેનો સમાવેશ થાય છે. અવર્ગીકૃત સર્જનોમાં સુદામા ચરિત, ચતુરી, દાનલીલા, ગોવિંદ ગમન, સૂરત સંગ્રામ અને શ્રીમદ્ ભાગવદના અમુક પ્રસંગોને વર્ણવતાં પદો. શૃંગારનાં ગીતોમાં રાધા અને કૃષ્ણની લીલા અને પ્રેમનું નિરૂપણ કરતાં કેટલાંય પદોની તેમણે રચના કરી છે.

ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી-જૂનાગઢનાં કુલપતિ પ્રો. ડો. ચેતન ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ અંગ્રેજી ભવનના સંશોધાર્થી દિશિતા મનોજકુમાર ભટ્ટ દ્વારા નરસિંહ મહેતા પર "નેગોશ્યેટિંગ કલ્ચરલ હિસ્ટરી ઈન ધ પોએમ્સ ઓફ નરસિંહ મહેતા" શીર્ષક અંતર્ગત અંગ્રેજીમાં પ્રથમ શોધ નિબંધ કરાયો હતો. આ સંશોધન ગુજરાતમાં અંગ્રેજી ભાષામાં થયેલું નરસિંહ મહેતાની અંગ્રેજીમાં ભાષાંતર થયેલી કવિતાઓનો ઐતિહાસિક - સાંસ્કૃતિક દ્રષ્ટિએ અભ્યાસ કરતું પ્રથમ સંશોધન છે. દિશિતા ભટ્ટે પોતાના સંશોધનમાં નરસિંહની ૯૦થી વધારે કવિતાઓનો અભ્યાસ કરીને તારવ્યા મુજબ નરસિંહ મહેતાએ કાવ્ય દ્વારા પ્રાચીનતા અને આધુનિકતા વચ્ચેના સેતુ તરીકે કામ કર્યું છે. વેદ - ઉપનિષદ અને ભારતીય તત્વદર્શન, ભાગવત અને ભક્તિયોગ સરળ લોકબોલીમાં લોકો સુધી પહોંચાડવામાં અને એ રીતે ભારતીય પ્રાચીન સંસ્કૃતિના સંરક્ષણ - સંવર્ધનમાં અપૂર્વ ફાળો આપ્યો છે. સાથે - સાથે લગ્નપ્રથાના કુરિવાજો, જાતપાત તથા દલિત-શોષણ સામે પ્રતિકારક વલણ દાખવ્યું છે.

પ્રેઝન્ટેશનમાં સંશોધકે તજજ્ઞ તરીકે સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ કાશ્મીરના અંગ્રેજીના પ્રો. સંધ્યા તિવારી જોડાયાં હતાં. તેઓએ ભારતીય ભાષાઓમાં થઈ ગયેલા આપણાં ભક્ત - કવિઓના યોગદાનને અંગ્રેજી વાચકો સમક્ષ ઉજાગર કરવાની દિશીતા ભટ્ટની પહેલને બિરદાવી જણાવ્યું હતુ કે હાલ આ પ્રકારના વધારે સંશોધકોનું સ્વાગત છે. ઉલ્લેખનીય છે કે હાલમાં જ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા આ જ હેતુસર આંતરરાષ્ટ્રીય નરસિંહ મહેતા રિસર્ચ સેન્ટરની સ્થાપના કરવામાં આવી હતી જેથી વધુ સંશોધકોને નરસિંહ મહેતા પર કામ કરવા માટે તક અને પ્રોત્સાહન આપી શકાશે.

દિશીતાબેન ભટ્ટે જણાવ્યુ હતું કે ગુજરાતી સાહિત્યનાં 'આદિકવિ' તરીકે ખ્યાત નરસિંહ મહેતા રસ કવિ. ભક્ત કવિ, જ્ઞાનમાર્ગી કવિ અને શૃંગારરસની સાથોસાથ સિધ્ધરસનાં કવિ છે. ઈ.સ.૧૪૧૪થી ૧૪૮૦નાં સમયખંડનાં આ કવિ વિષે દીશીતા વાતને આગળ પ્રસ્તુત કરતા કહે છે કે નરસિંહની કવિતામાં પંદરમાં શતકથી પ્રવહમાન થયેલી ભક્તિની ગુજરાતી કાવ્યગંગાની ગંગોત્રી છે'. હાર, હૂંડી, મામેરૂં, પિતાનું શ્રાધ્ધ અને શામળશાનો વિવાહ એ એમની પાંચ આત્મલક્ષી રચનાઓ છે, આ ઉપરાંત, બીજા અનેક પદો એમણે રચ્યાં છે.

'નરસિંહ મહેતાનાં પદોમાં'આત્મવૃત્તનાં પદો', 'કૃષ્ણ-બાળલીલાનાં પદો', 'રાસ-લીલાનાં પદો', 'ગોપી-ભક્તિનાં પદો, 'ભક્તિબોધનાં પદો' અને 'તત્વદર્શનનાં પદો' એમ કુલ છ વિભાગ છે.

'આત્મવૃત્તનું પદ 'મરમ-વચન કહ્યાં ભાભીએ હુંને...', 'ઉમિયા-ઈશની મુજને કિરપા હવી.', 'શરદ પૂનમતણો દિવસ આવ્યો તિહાં..., 'ધન્ય, ભાભી તમોધન્ય માતા-પિતા.', 'ગિરિતળેટી ને કૂંડ દામોદર' તેમજ 'એવા રે અમે એવા રે એવા....''કૃષ્ણ-બાળલીલામાં 'ધન્ય રે ધન્ય મહા પુણ્ય જશોદા તણું 'ઓ પેલો ચાંદલિયો, મા મને રમવાને આલો.', જશોદા તારા કાનૂડાને સાદ કરીને વાર રે 'જાગને જાદવા! કૃષ્ણ ગોવાળિયા !', 'જળકમળ છાંડી જા રે, બાળા !, સ્વામી મારો જાગશે..કૃષ્ણ-રાસલીલામાં 'વ્હાલા મારા ! વૃંદાવનને ચોક કે વહેલા પધારજો રે લોલ....', 'જાદવે જમુના કાંઠડે રે, વાયો વેણું રસાળ 'શરદ નિશાએ મહારાજ કે વનમાં આવિયા રે લોલ...', 'વૃંદાવનમાં રચ્યો અખાડો નાચે ગોપી ને ગોપાળ.', 'આજ વૃંદાવન આનંદસાગર, શામળિયો રંગે રાસ રમે...','મેહુલો ગાજે ને માધવ નાચે રે.', 'વૃંદાવનમાં રાધા-માધવ થનક થનક થૈં સારી રે...' અને 'થેઈથેઈકાર કરે છે કામા વૃંદાવન મોઝાર રે...' રસસભર છે 'ભક્તિબોધનાં પદોમાં 'ભૂતળ ભક્તિ પદારથ મોટું, બ્રહ્મલોકમાં નાંહી રે..', 'પ્રેમરસ પાને તું મોરનાં પિચ્છધર' 'ધ્યાન ધર ધ્યાન ધર હરિ તણું, અલ્પમતિ આળસું.', 'શા સુખે સૂતો? સંભાર શ્રીનાથને...', 'ઘડપણ કોણે મોકલ્યું રે? 'વૈષણવજન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે. 'જે ગમે જગતગુરુ દેવ જગદીશને...', 'સમરને શ્રીહરિ, મેલ મમતા પરી...' વગેરે આઠ પદો સમજવા જેવા છે. 'તત્વદર્શનનાં પદો જોઈએ તો 'નામ પામ્યો, પણ રામને નવ લહ્યા...', 'જ્યાં લગી આત્માતત્વ ચિન્યો નહીં....', 'ધ્યાન ધર, ધ્યાન ધર, નેત્રમાં નાથ છે...', 'હું ખરે તું ખરો, હું વિના તું નહીં...', 'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ, 'જાગીને જોઉં તો જગત દિશે નહીં..' અને 'નિરખને ગગનમાં હોણ ઘૂમી રહ્યો?' આ પદોનો રસીક છે.'ગોપી-ભક્તિનાં પદોમાંતું મારે ચાંદલિયો ચોંટ્યો શા રે મહૂરતમાં, શામળિયા ?', 'ભોળી રે ભરવાડણ હરિને વેચવા હાલી રે..',

'ચાલ રમીએ સહિ, મેલ મથવું મહો....', 'કેસર ભીનાં કહાનજી, કસુંબે ભીની નાર', 'આજ, સખી શ્રીવૃંદાવનમાં...', 'સખીઆજની ઘડી તે રળિયામણી રે...', 'ઓધવજીકહેજો રે વહાલાજીને વિનતી રે...' અને 'કારતક મહિને કૃષ્ણજી, મેલી ગયા રે મહારાજ...'નો વિશેષ ભાર રહ્યો છે.

કાવ્યોમાં આત્મકેન્દ્રી, બાળ-કૃષ્ણલીલા, ગોપી-રાસલીલા, ભક્તિબોધ, ગોપીભક્તિ અને તત્વદર્શનની આ કવિતાઓમાં વિષય સ્પષ્ટ જ છે, એ જ રીતે, સગુણ, નિર્ગુણ, પ્રેમલક્ષણાભક્તિ, શૃંગાર તેમ જ નરસિંહનાં જીવનમાં બનેલાં ચમત્કારોની કવિતાઓ, જ્યાં ચમત્કાર હોય ત્યાં અદભૂત રસ ગણાય, તોફાન કરતો કૃષ્ણ કે ભાભીનું મહેણું સાંભળી ગૃહત્યાગ કરતો નરસિંહ ક્યાંક જ્ઞાનમાર્ગી, ક્યાંક ભક્તિમાર્ગી, ક્યાંક ઉપદેશક તો વળી ક્યાંક વૈરાગ્યની કવિતાઓ રચે છે. પદોમાં શૃંગાર, શાંત, અદભૂત, વીર, હાસ્ય અને ક્યાંક કરૂણ રસ જોવા મળે છે. જેવો કાવ્યનો વિષય, પ્રસંગ, ઘટના કે બનાવ એવી એની રસસૃષ્ટિ જોવા મળે છે. શૃંગાર અને શાંત એ નરસિંહનાં કાવ્યમાં પ્રધાન રસ તરીકે ઉપસતા જોઈ શકાય છે, પાંચેક જેટલી રચનાઓમાં ચમત્કારનાં બનાવોનો નિર્દેશ એ અદભૂત રસ છે, આકાશમાંથી ચાંદલિયો તોડી લાવવો અને કૃષ્ણનાં તોફાનો જેવા બીજા પ્રસંગોમાં વીરરસ છે, ગૃહત્યાગથી માંડીને કૃષ્ણ કે શિવ-શંકર-પાર્વતીનાં દર્શન દુર્લભ થતાં ભક્તનાં મનોભાવ વ્યથિત થાય, એની વ્યથા યા વિષાદ યા વિરહ એ વિપ્રલંભ શૃંગારનાં તો ઈશ્વરનાં મિલનયોગ જોવા મળે છે.


આમ, જો 'નરસિંહ મહેતાનાં પદો'માં એનાં ભાવવિશ્વને સમગ્ર રીતે જોઈએ તો; એનાં વિષય, એનાં ભાવ, પ્રસંગો, રસકલા કે રસબોધ અને કવિ યા એમનાં પદોમાંનાં આત્મકથાત્મક, રાસલીલા, દ્રઢ ઈશ્વર શ્રધ્ધા, કૃષ્ણપ્રીતિનાં કાવ્યો, જ્ઞાન-ભક્તિ-વૈરાગ્યની કવિતાઓ, વાત્સલ્યપ્રીતિ યા શૃંગારપ્રીતિનાં કાવ્યો, આત્માથી માંડીને અધ્યાત્મનાં નિર્દેશ કરતાં પદોમાં ભાવાનુરૂપ પક્ષ જોવા મળતા કાવ્યોનું અંગ્રેજીમાં શોધનિંધ લેખન કાર્યમાં પ્રો. ડો. ચેતનત્રિવેદી દ્વારા મહામુલું માર્ગદર્શન મળવાથી કાવ્યોની એ મહત્વની લાક્ષણિકતા અંગ્રેજીમાં સમાવી શકાય છે. નરસિંહનાં પદોમાં સુંદર અને સબલ ભાવપક્ષ છે, તેવો જ સુંદર કલાપક્ષ પણ રહ્યો છે.

આ કવિતાઓ અનુભવની અભિવ્યક્તિ છે, તેથી નક્કર અભિવ્યક્તિની સહજ અભિવ્યિક્તિની આ કવિતાઓ કહી શકાય. એની સુંદર અભિવ્યક્તિને કારણે એ સફળ કાવ્ય પણ બને છે, અર્થાત એનો કાવ્યપક્ષ યા કલાપક્ષ જોઈએ તો, જીભલડી જપમાળા ન જપે તો જીભલડી નહિં ખાસડીઆં.. જાગીને જોઉં તો જગત દિશે નહીં, ઉંઘમાં અટપટા ભોગ ભાસે.. પ્રેમરસ પા ને તું, મોરનાં પિચ્છધર, તત્વનું ટૂંપણું તૂચ્છ લાગે..ડી હુતો તે કુંજર થઈ ઉઠિયો.. તમને જે વલ્લભ, હોય કાંઈ સુલભ, આપો પ્રભુજી ! હુંને દયા રે આણી. અચેતન ચેતન થયો, ભવતણો અધ્ય ગયો, સૂતી ઉઠી મારી આદ્ય વાણી.. વાજે-તાલ પખાજ ને ઝાંઝ, કે વીણા વાંસળી રે લોલ..મટુકી ઉતારી માંહે મોરલી વાગી રે..વૈષ્ણવજન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે.. જે ગમે જગતગુરુ દેવ જગદીશને, તે તણો ખરખરો ફોક કરવો..જેવા અનેક કાવ્યોભાવ પક્ષ અને કલાપક્ષ એમ બંન્નેની લાક્ષણિકતાઓથી એ સમૃધ્ધ લાગે છે. ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિ.નાં કુલપતિનાં માર્ગદર્શન તળે કુ. દિશીતા મનોજકુમાર ભટ્ટ લીખીત શોધ નિબંધમાં નરસિંહ મહેતા જીવન ઉજાગર થયું.

# કલા પ્રેરણા અને સંસ્કાર ભારતી જૂનાગઢનાં ઉપક્રમે ચિત્ર પ્રદર્શન યોજાયું

## ૬૪ આર્ટીસ્ટોએ ભાગ લીધો : ૧૪૪ કૃતિ રજુ થઈ







જૂનાગઢ તા. ૩૦

કલાપ્રેરણા અને સંસ્કાર ભારતી જૂનાગઢના સંયુકત ઉપક્રમે યોજાયેલ ચિત્ર પ્રદર્શન ગ્રુપ શો -૨૪ માં જૂનાગઢ જીલ્લાના ૬૪ આર્ટીસ્ટોએ ભાગ લીધો હતો. જેમાં ૧૪૪ કલાકૃતિ રજુ કરવામાં આવી હતી. ચાર દિવસ ચાલનારા આ પ્રદર્શનમાં જૂનાગઢની કલારસીક જનતાએ ખુબજ સારો લાભ લીધો તેમજ આંતરરાષ્ટ્રીય ચિત્રકારો દ્વારા લાઈવ ડેમોસ્ટ્રેશન પણ આપવામાં આવેલ હતા. આ ચિત્ર પ્રદર્શનમાં બેસ્ટ આર્ટ અને બેસ્ટ આર્ટીસ્ટ એવોર્ડ અને રોકડ પુરસ્કાર પણ આપવામાં આવેલ જેમાં જૂનાગઢના સિનીયર અને જાણીતા વર્લ્ડ હોલ્ડર ચિત્રકારથી રજનીકાંત અગ્રાવતને બેસ્ટ આર્ટીસ્ટ એવોર્ડ મળ્યો હતો. અને નિરૂચા સોઢાતરને બેસ્ટ આર્ટ પ્રોટ્રેઈટ એવોર્ડ પ્રાપ્ત થયો હતો જેમાં શિલ્ડ અને રેકોર્ડ પુરસ્કાર પ્રાપ્ત થયો તેમજ બધાજ કલાકારને એક આકર્ષક કલર મટીરીયલ કીટ અને શિલ્ડ સર્ટીફીકેટ પણ આપવામાં આવેલ હતા તેમ કલા પ્રેરણાના પ્રમુખ રજનીકાંત અગ્રાવતે એક વાતચીતમાં જણાવેલ હતું.

આ પ્રસંગે શ્રી ભકત કવિ નરસિંહ મહેતા યુનિ.ના ચાન્સેલર ચેતનભાઈ ત્રિવેદી તેમજ જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા, અગ્રણી ભાવેશભાઈ વેકરીયા અને બહાઉદીન કોલેજના પ્રિન્સીપાલ શ્રી ભટ્ટ પણ ઉપસ્થિત રહયા હતા. સંસ્કાર ભારતી જૂનાગઢના રાજુ ભટ્ટ અને વિપુલભાઈ ત્રિવેદીએ કલાકારોને શુભેચ્છા પાઠવેલ હતી.

# ખંભાળિયા : બેહ ગામના સરપંચે પોતાની વાડીએ ઉનાળુ પાક વાવવાના બદલે ગામમાં પાણી વિતરણ કર્યુ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૩૦

ખંભાળિયા પંથકના અનેક ગામોના સ્થાનિક જળ સ્ત્રોતોમાં પાણી તળિયાઝાટક થઈ ગયા છે. હાલ ઉનાળાના કપરા દિવસોમાં મોટાભાગના બોર કુવા તળાવ ડેમોમાં પાણી સુકાઈ રહ્યા છે કે ખલાસ છે. જિલ્લાના અનેક ગામો હાલ નર્મદાના નિર આશ્રિત બન્યા છે.

હાલ જિલ્લાના અનેક ગામોમાં પાણીની વિકટ પરિસ્થિતિથી ગ્રામજનો પરેશાન છે. આવી જ પાણીની જરૂરિયાતની મુશ્કેલી ખંભાળિયા તાલુકાના બેહ ગામમાં સર્જાઈ છે. આ અંગે બેહ ગામના અગ્રણી અને જુંગીવારા ધામ અન્નક્ષેત્ર ટ્રસ્ટના ચેરમેન વેરશીભાઈ માયાણીએ જણાવ્યું હતું કે ચાર હાજરની વસ્તી ધરાવતા બેહ ગામમાં સુપ્રસિદ્ધ જુંગીવારા ધામ આવેલું છે. ત્યારે મોટી સંખ્યામાં લોકો ત્યાં દર્શનાર્થે આવતા હોય ત્યાં અન્નક્ષેત્રનું કાર્ય પણ ચાલુ છે તેમજ ગામની ગૌશાળા તેમજ પશુ ઢોર અને લોકોને પીવાના પાણીની જરૂરિયાત ઊભી થતી જોવા મળી રહે છે. ત્યારે હાલ ગામમાં પાણીના જળસ્તર ઘટતા નર્મદા પાણી આધારિત ગામ થયું છે. પરંતુ ૧૦ થી ૧૫ દિવસે એકવાર પાણી મળી રહ્યું છે, અને મુશ્કેલીની સ્થિતિ સર્જાઈ છે. ત્યારે બેહ ગામના યુવા સરપંચ પ્રવીણભાઈ મોમૈયાભાઈ ગઢવીએ ગામથી ચાર કિલોમીટર દૂર પોતાની વાડીએથી ઉનાળુ પાકની પિયત કરવાના બદલે ગામમાં પાણીની જરૂરિયાત પૂરી થાય તે સંદર્ભે પોતાના ખર્ચે બોર-કુવામાંથી પાણી પૂરું કરવાની વ્યવસ્થા હાથ ધરી છે. આ ઉમદા કાર્ય કરવા બદલ સરપંચ પ્રવિણભાઈએ માનવતાવાદી અભિગમ અપનાવી, આ ઉમદા કાર્ય કરતા ગ્રામજનોએ આભાર વ્યક્ત કર્યો હતો.

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીનાં વિવિધ અનુસ્નાતક ભવનોમાં ઉચ્ચ અભ્યાસ માટે પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ

## આ વર્ષે વન્યપ્રાણી સંરક્ષણ, પ્રવાસન મેનેજમેન્ટ, સ્પોકન સંસ્કૃત સર્ટીફીકેટ કોર્ષસહિત નવા અભ્યાસક્રમોનો પ્રારંભ

જૂનાગઢ તા.૩૦

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. દ્વારા યુનિ. અનુસ્નાતક ભવનોમાં ચલાવાતા અભ્યાસક્રમોમાં એમ.એસસી. કેમેસ્ટ્રી(ઓર્ગેનિક, ઈન ઓર્ગેનિક, ફીજીકલ, એનેલીટીકલ), એમ.એસસી ફોરેન્સીક સાયન્સમાં ફોરેન્સીક કેમેસ્ટ્રી એન્ડ ટેકનોલોજી, એમ.એસસી લાઈફ સાયન્સમાં બોટની, માઈક્રો બાયોલોજી, ઝુઓલોજી, એન્વાયરમેન્ટ સાયન્સ, એમ.કોમ કોમર્સ એન્ડ મેનેજમેન્ટમાં એકાઉન્ટન્સી, કોમર્સ, બેંકીંગ, માસ્ટર ઓફ આર્ટસમાં સોશ્યોલોજી, ઈતિહાસ, અંગ્રેજી, ગુજરાતી, સંસ્કૃત જેવા અનુસ્નાતક કક્ષાનાં અભ્યાસક્રમોની પ્રવેશ પ્રક્રિયાનો GCAS પોર્ટલ પર રજીસ્ટ્રેશનનો પ્રારંભ થયો છે. અત્રે ઉલ્લેખનિય છે કે યુનિ.નાં વિદ્યાભવનો દ્વારા વાઈલ્ડ લાઈફ સાયન્સ, કન્ઝર્વેશન જીનેટીકસ, જીઓગ્રાફીકસ ઈન્ફોર્મેશન સીસ્ટમ, સ્પોકન સંસ્કૃત, ડ્રામા એન્ડ ડાન્સ, ઈંગ્લીશ લેંગ્વેઝ લર્નીંગ જેવા છ માસનાં સર્ટીફીકેટ કોર્ષ શરૂ થયા છે. આ સાથે પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમાં ઈન વાઈલ્ડ લાઈફ બાયોલોજી, પોસ્ટ ગ્રેજ્યુએશન ડીપ્લોમાં ઈન વાઈલ્ડ લાઈફ હેલ્થનાં એક વર્ષિય અભ્યાસક્રમ તદઉપરાંત જૂનાગઢ જિલ્લો જ્યારે પ્રવાસન ક્ષેત્રે આગવું સ્થાન મેળવી ચુક્યો છે ત્યારે ઈતિહાસ ભવન દ્વારા સર્ટીફીકેટ કોર્ષ ઈન ટુરીઝમ મેનેજમેન્ટનો છ માસની અવધી વાળો કોર્ષ પણ શરૂ થયેલ હોય ઉકત અભ્યાસક્રમોમાં હવે પ્રવેશ પ્રક્રિયા GCAS પોર્ટલ પર રજીસ્ટ્રેશનથી થઈ રહી હોય વિદ્યાર્થીઓમાં જીવનઘડત્તરનાં આયામો સર કરવા મનપસંદ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા હોડ લાગી છે. માત્ર ગણતરીનાં દિવસો જ GCAS પોર્ટલ પર પ્રવેશ રજીસ્ટ્રેશન પ્રકિયા થનાર હોય પ્રવેશોત્સુક છાત્રોએ વિનાવિલંબ વિના રજીસ્ટ્રેશન કરાવી લેવા યુનિ.નાં કુલપતિ પ્રો.ડો. ચેતન ત્રિવેદીએ વિદ્યાર્થીઓને અનુરોધ કર્યો છે.

# વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી નિમિત્તે રિજીયોનલ સાયન્સ સેન્ટર રાજકોટ ખાતે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન

રાજકોટ તા. ૩૦

રીજીયોનલ સાયન્સ સેન્ટર રાજકોટ દ્વારા આગામી તા.૫ જૂન એટલે 'વિશ્વ પર્યાવરણ દિવસ' નિમિત્તે એક દિવસીય ઉજવણીનું આયોજન કરવામાં આવેલ છે. વિશ્વ પર્યાવરણ દિવસ જનમાનસમાં પર્યાવરણ અંગે જાગૃતતા વધે અને લોકો પર્યાવરણની સુરક્ષા કાર્યમાં સહભાગી બને તે હેતુથી પ્રતિવર્ષ આ દિવસ ઉજવવામાં આવે છે. વિશ્વ પર્યાવરણ દિવસની વર્ષ ૨૦૨૪ની થીમ 'જમીન પુનઃસ્થાપન, જમીનનું ધોવાણ અને વારંવાર દુકાળની સ્થિતિ' છે અને તેનું સ્લોગન 'આપણી જમીન, આપણું ભવિષ્ય' છે. આ દિવસની ઉજવણીની શરૂઆત વર્ષ ૧૯૭૨ માં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા કરવામાં આવી હતી. આ દિવસ ઉજવવા પાછળનો હેતુ પૃથ્વી સંબંધિત પર્યાવરણના પડકારો જેમ કે પ્રદૂષણ, ગ્રીનહાઉસ, ઈફેકટ ગ્લોબલ વોર્મિંગ, ક્લાઈમેટ ચેન્જ જેવી બાબતે જાગૃત કરવાનો છે.

રીજીયોનલ સાયન્સ સેન્ટર, રાજકોટ દ્વારા 'લોકો માટે, લોકો દ્વારા' પહેલ હેઠળ વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવેલ છે, આ પ્રવૃત્તિઓ નીચે મુજબ છે:૧. ઈકો ફ્રેન્ડલી પ્રોડક્ટ એક્ઝીબીશન, જેમાં ઈકોફ્રેન્ડલી પ્રોડક્ટ બનાવતા કોઈપણ ભાગ લઈ શકે છે. સમય બોપોરે ૦૩ કલાકે – સાંજે ૭.૩૦ કલાકે ૨. ઓપન સ્ટેજ પરફોર્મન્સ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવેલ છે, જેમાં કોઈપણ રસ ધરાવતી વ્યક્તિ ભાગ લઈ શકે છે, આ પ્રવૃત્તિઓમાં નીચે મુજબની પ્રવૃત્તિઓ સામેલ છે.

૧૫ વર્ષ સુધીના બાળકો માટે પર્યાવરણની થીમ ઉપરનો ફેન્સી ડ્રેસ શો, સમય બોપોરે ૦૪:૦૦ કલાકે – સાંજે ૦૭:૩૦ કલાકે, પર્યાવરણ થીમ પર કવિ સંમેલન, સમય બોપોરે ૦૫:૦૦ કલાકે – સાંજે ૦૭:૩૦ કલાકે, પર્યાવરણ પર આધારિત કોઈ પણ કળા જેવીકે નાટકો, નૃત્ય, સિંગિંગ, એક પાત્રી અભિનય, વકૃત્વ, સંગીત વાધ્યો દ્વારા સંગીત વિગેરે જેવી કલાઓ મારફત લોકો સુધી પર્યાવરણના જતનનો સંદેશ પહોચાડવાનો અભિગમ હાથ ધરાયેલ છે. સમય બોપોરે ૦૫:૦૦ કલાકે – સાંજે ૦૭:૩૦ કલાકે આ ઉપરાંત સેન્ટરની મુલાકાતે આવનાર મુલાકાતીઓ માટે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવેલ છે, જેમાં ફ્લાવર મેકિંગ ફ્રોમ પ્લાસ્ટિક બોટલ્સ એન્ડ બેગ્સ, પોટ ઓફ લાઈફ તથા બીજ વિતરણનું આયોજન કરવમાં આવેલ છે.

ઉપર્યુક્ત પ્રવૃત્તિઓમાં ભાગ લેવા અને પોતાની કલા રજુ કરવા માટે ઈચ્છુક કોઈપણ વ્યક્તિ સેન્ટરની રજીસ્ટ્રેશન https://bit.ly/3VhIFGT લીંક પર રજીસ્ટ્રેશન કરાવી શકે છે. તમામ પ્રવૃતિઓમાં ભાગ લેવા માટે કોઈપણ પ્રકારની રજીસ્ટ્રેશન ફી રાખવામાં આવેલ નથી. ફક્ત ભાગ લેનારાઓએ સેન્ટરની એન્ટ્રી ટીકીટ / પાર્કિંગ ટીકીટ લેવાની રહે છે અને જે તે દિવસના ટીકીટ દરો લાગુ પડે છે. રજીસ્ટ્રેશનની અંતિમ તારીખ ૦૩ / ૦૬ / ૨૦૨૪ રાત્રે ૧૧:૫૯ કલાક સુધીની છે. વધુ માહિતી માટે રીજીયોનલ સાયન્સ સેન્ટર ના ટેલીફોન નંબર ૦૨૮૧-૨૯૯૨૦૨૫ પર સંપર્ક કરી શકાય છે.

# ખંભાળિયામાં લાખો રૂપિયાના ખર્ચે નિર્માણ પામેલો સ્વિમિંગ પૂલ શોભાના ગાંઠીયા જેવો

## નગરપાલિકાની લાખો રૂપિયાની વધુ એક મિલ્કત ધુળ ખાય છે




(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૯

ખંભાળિયા શહેર કે છે દેવભૂમિ દ્વારકા જિલ્લાનું મુખ્ય મથક છે, અહીં જિલ્લાની મોટા ભાગની તમામ વડી કચેરીઓ આવી કાર્યરત છે. પરંતુ અનેક સુવિધાઓ હજુ પણ ખૂટે છે. ત્યારે શહેરને મધ્યમાં લાખો રૂપિયાના ખર્ચે નિર્માણ પામેલો સ્વિમિંગ પૂલ ખુલ્લો ન મુકવામાં આવતા નગરજનોમાં કચવાટની લાગણી જોવા મળી રહી છે. આ સ્વિમિંગ પુલના સંચાલન માટે બહાર પાડવામાં આવેલા ટેન્ડરમાં અગાઉની બે પ્રક્રિયા દરમિયાન કોઈ એજન્સી કે પાર્ટી તૈયાર ન થતા આ સ્વિમિંગ પૂલ લોકો માટે ખુલ્લો મુકવામાં આવ્યો ન હોવાનું સૂત્રો દ્વારા જણાવ્યું છે.

શહેરની મધ્યમાં આવેલા સ્ટેશન રોડ વિસ્તાર નજીક નગર પાલિકાના દ્વારા આશરે રૂપિયા એંસી લાખ જેટલી માતબર રકમના ખર્ચે બનાવવામાં આવેલો સ્વિમિંગ પુલ હજુ સુધી ખુલ્લો મુકવામાં આવ્યો નથી. હાલ અહીં લટકતા તાળા જોવા મળ્યા છે. ભર ઉનાળે સ્વિમિંગ પુલ લોકો માટે ખુલ્લો મુકવાના બદલે તે બંધ હાલતમાં છે. !! ત્યારે કાળઝાળ ગરમીમાં રાહત મેળવવા શહેરીજનોને આ સ્વિમિંગ પુલની સુવિધા પ્રાપ્ત ન થતાં લાખોના રૂપિયાના ખર્ચે બનાવેલો સ્વિમિંગ પુલ છેલ્લા છએક માસથી ધુળ ખાતો નજરે પડી રહ્યો છે. વર્ષ ૨૦૨૦-૨૧ ના સમયગાળા દરમિયાન નગરપાલિકાને સાંપળેલી ચોક્કસ ગ્રાન્ટમાંથી આ સ્વિમિંગ પુલનું નિર્માણ કરવામાં આવ્યું છે. નવેમ્બર ૨૦૨૩ માં સંપૂર્ણપણે નિર્માણ પામેલા આ સ્વિમિંગ પૂલ માટે નગરપાલિકા દ્વારા સંચાલન અર્થે એજન્સીની નિમણૂક કરવા માટેના ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હતા. પરંતુ એકપણ આસામીએ આ ટેન્ડર ભર્યું ન હતું. ત્યાર બાદ હાથ ધરાયેલા બીજા પ્રયાસમાં માત્ર એક જ ટેન્ડર આવતા આ પ્રક્રિયા પણ નિષ્ફળ બની રહી હતી. છેલ્લે ત્રીજા પ્રયત્નમાં કેટલાક ટેન્ડર આવ્યા છે. જે હાલ ચૂંટણી આચાર સંહિતાના કારણે ખોલવામાં આવ્યા નથી અને આગામી તારીખ ૪ જૂન પછી જ્યારે આચારસંહિતા પૂર્ણ થશે ત્યારે આ ટેન્ડર ખોલી, અને સ્વિમિંગ પૂલના સંચાલન માટે એજન્સીની નિમણૂક કરાશે તેમ નગરપાલિકાના ઈજનેર એન.આર. નંદાણીયા દ્વારા જણાવાયું છે. પાલિકા તંત્ર દ્વારા નિર્માણ પામેલો આ સ્વિમિંગ પૂલ હાલ ધુળ ખાતો હોય, જે વહેલી તકે નગરજનો તેમજ આસપાસના વિસ્તારોના લોકોની સુવિધાનો અર્થે તાકીદે ખુલ્લો મુકવામાં આવે એવી લોકોને લાગણી અને માંગણી છે. શહેરની મધ્યમાં જોધપુર ગેઈટ વિસ્તારમાં આવેલા એક શોપિંગ કોમ્પ્લેક્સ તેમજ નવી બનેલી શાક માર્કેટ કાયદાકીય પ્રક્રિયાઓની ગુંચવણમાં હાલ વર્ષોથી ધૂળ થાય છે. ત્યારે શહેર માટે નવલું નજરાણું કહી શકાય તેવો સ્વીમીંગ પુલ લોકો માટે વહેલી તકે ખુલ્લો મુકવામાં આવશે કે કેમ તે પણ ચર્ચાનો વિષય બન્યો છે.

# વિસાવદર ખાતે ફેમિલી કોર્ટનું શનિવારે ઓપનિંગ : તડામાર તૈયારીઓ

(વિનુ પુરોહિત દ્વારા)

વિસાવદર તા.૩૦

વિસાવદર સહિત ભેસાણ તથા મેંદરડા તાલુકા વચ્ચે નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા વિસાવદરમાં ફેમિલી કોર્ટ મંજુર કરેલ છે અને ગુજરાત સરકારે આ અંગેનું જાહેરનામું બહાર પાડી આ ત્રણેય તાલુકાની કોર્ટમાં ચાલતા ભરણપોષણના કેસો, ચડત ભરણપોષણના કેસો, બાળકોની કસ્ટડી મેળવવાના કેસો, ત્રણેય તાલુકાના લગ્ન હક્ક પુરા કરવાના દાવા, છૂટાછેડાના દાવા, જ્યુડિશિયલ સેપ્રેશનનાના દાવા સહિતની પારિવારિક તકરારો અંગેના કેસો માટે તથા અગાઉથી હુકમો થયેલ હોય તેવી તમામ અપીલો તારીખ ૧ લી જૂનથી વિસાવદર કોર્ટમાં ટ્રાન્સફર કરવા હુકમ કરેલ છે અને સતાવાર રીતે જાહેર થયા મુજબ જુનાગઢ જિલ્લામાં નવી ત્રણ સહિત ગુજરાતમાં કુલ નવી ૮૦ ફેમિલી કોર્ટનું તા.૦૧.૦૬.૨૦૨૪ના રોજ ઓપનિંગ થશે વિસાવદરમાં ફેમિલી કોર્ટ મંજુર થતા વકીલોમાં તથા ત્રણેય તાલુકાની જનતામાં આનંદ ફેલાયો છે અને આ ઓપનિંગ ભવ્ય રીતે થાય તે માટે નામદાર ડિસ્ટ્રીકટ કોર્ટ જૂનાગઢના માર્ગદર્શન હેઠળ વિસાવદર કોર્ટના મુખ્ય ન્યાયાધીશ શ્રી એસ.એસ. ત્રિવેદી સાહેબ દ્વારા સતત અને ઝડપી કામગીરી બાબતે દેખરેખ રાખવામાં આવી રહેલ છે અને આર.એન્ડ. બી.ના અધિકારીઓને સમયમર્યાદામાં કામ પૂર્ણ કરવા જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ છે, વિસાવદર બાર એસોસિએશન દ્વારા પણ વિસાવદરમાં ફેમિલી કોર્ટ સમયસર ચાલુ થાય તે માટે ખુબજ સહકાર આપવામાં આવી રહેલ છે, આ ઓપનિંગને લઈને વિસાવદર બાર એસોસિએશન તથા કોર્ટ સ્ટાફ તડામાર તૈયારીઓ કરી રહયા છે.

# રાજકોટમાં પરિજન ગેમ ઝોન ઘટનાના રોજથી કોઈના પરીવારનો સભ્ય ગુમ હોય અને ઘટનાસ્થળે ગયેલા હોવાની શંકા હોય તો પોલીસને જાણ કરવા અનુરોધ

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા. ૩૦

રાજકોટ શહેર, રાજકોટ તાલુકા પોલીસ મથક વિસ્તારમાં ગત તા. ૨૫ મે, ૨૦૨૪ના રોજ ટી.આર.પી. ગેમ ઝોન, સયાજી હોટલ પાછળ, મોકાજી સર્કલ પાસે, કાલાવડ રોડ, રાજકોટ ખાતે આગ લાગવાથી માણસો દાઝી જતા અવસાન પામ્યા છે. જેથી, પ્રજાજનમાં કોઈના પરીવારનો સભ્ય ગત તા. ૨૫થી ગુમ થયેલા હોય તેમજ આ ગેમ ઝોનમાં ગયેલા હોવાની શંકા હોય તો પોલીસ વિભાગને જાણ કરવા અનુરોધ છે.

જે સંદર્ભે આ ઘટનાની તપાસ કરનારા તથા એસ.આઈ.ટી.ના અધ્યક્ષશ્રી અને રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચ મદદનીશ પોલીસ કમીશ્નરશ્રી ભરત બી. બસીયા મો.નં. ૯૦૩૩૬ ૯૦૯૯૦, એસ.આઈ.ટી.ના સભ્ય અને ડી.સી.બી. પો.સ્ટે. પો.ઈન્સ.શ્રી એમ. આર. ગોંડલીયા મો.નં. ૯૬૮૭૬ ૫૪૯૮૯, બી ડીવીઝન પો.સ્ટે. પો.ઈન્સ.શ્રી એસ. એમ. જાડેજા મો.નં. ૯૭૧૪૯ ૦૦૯૯૭, એલ.સી.બી. ઝોન-૨ પો.સબ.ઈન્સ.શ્રી આર. એચ. ઝાલા મો.નં. ૯૮૨૫૮ ૫૫૩૫૦, ડી.સી.બી. પો.સ્ટે. પો.સબ.ઈન્સ.શ્રી ડી. સી. સાકરીયા મો.નં. ૮૦૦૦૦ ૪૦૦૫૦, ડી.સી.બી. પો.સ્ટે.ના નં. ૦૨૮૧ ૨૪૪૪૧૬૫, રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનના નં. ૦૨૮૧ ૨૫૬૩૩૪૦ તથા રાજકોટ શહેર પોલીસ કંટ્રોલ રૂમના નં. ૦૨૮૧ ૨૪૫૭૭૭૭ (૧૦૦) નો સંપર્ક કરી શકાશે, તેમ રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ભરત બી. બસીયાની યાદીમાં જણાવાયું છે.

# રાજકોટમાં ટી.આર.પી. ગેમઝોન આગ દુર્ઘટનામાં ડી.એન.એ. મેચિંગના આધારે ૨૭ મૃતકોની ઓળખ કરાઈ;પોલીસ દ્વારા સગાઓનો સંપર્ક કરીને પાર્થિવદેહ સોંપાયા

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા. ૩૦

રાજકોટમાં ટી.આર.પી. ગેમઝોનમાં લાગેલી આગની દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોના મૃતદેહ પોસ્ટમોર્ટમ અને ડી.એન.એ. મેચિંગ બાદ તેમના સગાઓને સોંપવામાં આવ્યા છે. બુધવારે બપોર સુધીમાં કુલ મળીને ૨૭ મૃતદેહની ડી.એન.એ. મેચિંગના આધારે ઓળખ કરવામાં આવી છે. આ સાથે અત્યાર સુધી કુલ ૨૬ મૃતદેહ તેમના સ્વજનોને સોંપવામાં આવ્યા છે.

જેમાં ૧. જીજ્ઞેશ કાળુભાઈ ગઢવી (ઉ.૩૪), ૨. સ્મિત મનીષભાઈ વાળા (ઉ.૨૨), ૩. સત્યપાલસિંહ છત્રપાલસિંહ જાડેજા (ઉ.૨૧), ૪. સુનીલ હસમુખભાઈ સિદ્ધપુરા (ઉ.૩૦), ૫. આશાબેન ચંદુભાઈ કાથડ (ઉ.૧૯) ૬. હિમાંશુ દયાળજીભાઈ પરમાર (ઉ.૨૦), ૭. ઓમદેવસિંહ ગજેન્દ્રસિંહ ગોહિલ (ઉ.૩૬), ૮. વિશ્વરાજસિંહ જશુભા જાડેજા (ઉ.૨૪), ૯. સુરપાલસિંહ અનિરુદ્ધસિંહ જાડેજા (ઉ.૨૨), ૧૦. નમ્રદીપસિંહ જયપાલસિંહ જાડેજા (ઉ.૧૯), ૧૧. જયંત અનિલભાઈ ઘોરેચા (ઉ.૪૫), ૧૨. ધર્મરાજસિંહ વિરેન્દ્રસિંહ જાડેજા (ઉ.૧૨), ૧૩. વિરેન્દ્રસિંહ નિર્મળસિંહ જાડેજા (ઉ.૪૦), ૧૪. દેવાંશી (દેવશ્રી) હિતેન્દ્રસિંહ જાડેજા (ઉ.૧૨), ૧૫. રાજભા પ્રદીપસિંહ ચૌહાણ (ઉ.૧૫), ૧૬. નિરવ રસીકભાઈ વેકરીયા (ઉ.૨૦-૨૫) ૧૭. શત્રુઘ્નસિંહ શક્તિસિંહ ચુડાસમા (ઉ.૨૫), ૧૮. વિવેક અશોકભાઈ દુસારા (ઉ.૨૮), ૧૯. ટીશા અશોકભાઈ મોડાસિયા (ઉ.૨૪), ૨૦. કલ્પેશ પ્રવીણભાઈ બગડા (ઉ.૨૨), ૨૧. ખ્યાતિ રતિભાઈ સાવલિયા (ઉ.૨૮), ૨૨. ખુશાલી વિવેકભાઈ દુસારા (ઉ.૨૪), ૨૩. હરિતા રતિભાઈ સાવલિયા (ઉ.૨૫), ૨૪. મિતેશ બાબુભાઈ જાદવ (ઉ.૩૦), ૨૫. પ્રકાશચંદ કનૈયાલાલ હિરણ (ઉ.૪૫), ૨૬. મોનુ કેશવ ગૌંડ (ઉ.૨૧)નો સમાવેશ થાય છે.

**આગ દુર્ઘટનાના મૃતકોના ૧૦ પરિવારોને ૪૦ લાખની સહાય અપાઇ**

મુખ્યમંત્રીશ્રીએ કરેલી જાહેરાત અનુસાર રાજકોટ ટી.આર.પી. ગેમઝોન દુર્ઘટનાના મૃતકોના પરિવારજનોને સરકાર દ્વારા રૂ ૪ લાખ સહાય ચૂકવવામાં આવી રહી છે. જેમાં આજરોજ બપોરે ૨ વાગ્યા સુધીમાં ૧૦ પરિવારોને રૂ ૪૦ લાખની સહાય ચૂકવી દેવાઈ છે.

# વાહનો ભાડે રાખીને બારોબાર વેચી મારતા બે શખ્સોને દ્વારકા જિલ્લા પોલીસે ઝડપી પાડ્યા



(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૯

દેવભૂમિ દ્વારકા જિલ્લા એસ.ઓ.જી. પોલીસે સલાયા તથા જેતપુર તાલુકામાં રહેતા બે શખ્સો દ્વારા વાહન ભાડે ચલાવવા માટે રાખીને બારોબાર વેચી નાખી, છેતરપિંડી કરવાના આરોપમાં ઝડપી લીધા હતા. આ શખ્સો પાસેથી પોલીસે રૂપિયા ૧૮ લાખની કિંમતની બે મોટરકાર કબજે લીધી છે.

આ સમગ્ર પ્રકરણની પોલીસ સૂત્રો દ્વારા જાહેર કરવામાં આવેલી વિગત મુજબ દેવભૂમિ દ્વારકા જિલ્લા એસ.ઓ.જી. વિભાગના ઈન્ચાર્જ પી.આઈ. પી.સી. સિંગરખીયાના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટાફ દ્વારા હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન એ.એસ.આઈ. રાજેન્દ્રસિંહ જાડેજા, હેડ કોન્સ્ટેબલ કિશોરસિંહ જાડેજા તથા હરદીપસિંહ જાડેજાને મળેલી ચોક્કસ બાતમીના આધારે સલાયા પંથકમાં વોચ દરમિયાન સલાયાના અહેમદનગર વિસ્તારમાં રહેતા અને ડ્રાઈવિંગ કામ કરતા સાહિલ ઉર્ફે નાસીર કાસમ ગજણ (ઉ.વ. ૨૫) અને રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના નવાગઢ ગામે રહેતા ઉમેદ ઉર્ફે બાવ બાઉદ્દીન જુણેજા (ઉ.વ. ૨૮) નામના બે શખ્સોને ઝડપી લઈ અને તેઓની આગવી ઢબે પૂછપરછ કરતા આ શખ્સો દ્વારા લોકો પાસેથી વાહનો મેળવી અને છેતરપિંડી કરવા અંગેના ગુનાઓની કબુલાત આપી હતી.

પોલીસ દ્વારા પૂછતાછમાં સલાયાના આરોપી સાહિલ ગજણ દ્વારા જાહેર કરવામાં આવેલી વિગત મુજબ તેના દ્વારા અલગ અલગ વાહન માલિકોને માસિક મોટી રકમનું ભાડું આપવાની લાલચ આપી, ચાર મારુતિ સુઝુકી ઈક્કો કાર તેમજ એક અર્ટીગા મોટરકાર મળી કુલ પાંચ વાહનો મેળવ્યા હતા. ત્યાર બાદ આ વાહનો તેને જેતપુર - નવાગઢ ખાતે આરોપી ઉમેદ ઉર્ફે બાવ જુણેજાને ઓછી કિંમતમાં વેચી નાખી હોવાનું ખુલવા પામ્યું છે. આ પ્રકરણમાં પોલીસે રૂપિયા ૮ લાખની કિંમતની ચાર ઈક્કો કાર તેમજ રૂ. ૧૦ લાખની કિંમતની એક અર્ટિગા મોટરકાર મળી કુલ રૂપિયા ૧૮ લાખનો મુદ્દામાલ કબજે કરી આગળની કાર્યવાહી કરી હતી.

આ કાર્યવાહી ઈન્ચાર્જ પી.આઈ પ્રશાંત સિંગરખીયા, રાજભા જાડેજા, રણમલભાઈ પરમાર, કિશોરસિંહ જાડેજા વગેરેએ કરી હતી.

# ટી.આર.પી.ઝોન દુર્ઘટનાના હતભાગીઓનાં સ્વજનોને મળીને મંત્રી ભાનુબેન બાબરિયાએ સાંત્વના પાઠવી

## ગિરિરાજ હોસ્પિટલ, સિવિલ હોસ્પિટલ, એઈમ્સ, ખરેડા જઈને મૃતકોનાં પરિવારજનોને મળી દુખમાં સહભાગી થયા



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા. ૩૦

રાજ્યના મહિલા અને બાળવિકાસ કેબિનેટ મંત્રીશ્રી ભાનુબેન બાબરિયાએ રાજકોટનાં ટી.આર.પી. ગેમ ઝોન આગ દુર્ઘટનાનો ભોગ બનેલા હતભાગીઓનાં સ્વજનોને મળી તેમને સાંત્વના પાઠવી હતી.

કેબિનેટ મંત્રીશ્રી ભાનુબેન બાબરિયાએ આ દુર્ઘટનામાં જીવ ગુમાવનારા વોર્ડ નં -૧૨નાં સ્વ. નીરવ વેકરિયાના પરિવારને અને ખરેડા ગામ ખાતે સ્વ. સત્યપાલસિંહ છત્રપાલસિંહ જાડેજાના પરિવારજનોને મળીને તેમનાં દુખમાં સહભાગી થયા હતા. સ્થાનિક પ્રતિનિધિ તરીકે રાજકોટમાં બનેલી આ આગ દુર્ઘટના માટે દુખની ઊંડી લાગણી વ્યક્ત કરતા સદગતોની આત્માને પ્રભુ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરી હતી.

આ અગાઉ મંત્રીશ્રી બાબરિયાએ સિવિલ હોસ્પિટલ, એઈમ્સ અને ગિરિરાજ હોસ્પિટલની મુલાકાત લઈને ઈજાગ્રસ્તો અને ભોગ બનેલા મૃતકોનાં પરિવારને મળી દુખની આ પળે સરકાર તેમની પડખે હોવાનું જણાવતા સંવેદના વ્યક્ત કરી હતી.


# રૂા.૮,૦૦,૦૦૦ના ખોવાયેલ દાગીના મુળ માલીકને પરત કરાવી માનવતાની મહેક પ્રસરાવતી ગીર સોમનાથ એલ.સી.બી.



(પ્રતિનિધી દ્વારા) પ્રભાસ પાટણ તા.૩૦

ગઈકાલે તા.૨૯/૦૫/૨૦૨૪ ના રોજ રીક્ષાચાલક ગફારભાઈ કાસમભાઈ મલેક ઉ.વ.૫૦ રહે. બહારકોટ, વેરાવળ વાળાઓને એક થેલી મળેલ જે થેલીમાં જોતા કીમતી દાગીનાઓ હોય જેથી તુરત જ પોતાના મિત્ર વિશાલભાઈ હરેશભાઈ પરમાર ને જાણ કરતા આ વિશાલભાઈએ ગીર સોમનાથ એલ.સી.બી. ઈ.ચા.પોલીસ ઈન્સ. એ.બી.જાડેજા નાઓને જાણ કરતા તેઓએ આ દાગીનાના મુળ માલીકને શોધી કાઢવા સ્ટાફના એ.એસ.આઈ. નરવણસિંહ ગોહીલ તથા અજીતસિંહ પરમારને સુચના કરતા તેઓએ આ દાગીનાના મુળ માલીક ગણતરીની કલાકોમાં શોધી કાઢેલ અને આ દાગીના સોની વેપારી પરેશકુમાર જમનાદાસ રહે.તાલાલા વાળાના હોય અને આ સોની વેપારી પોતાની તાલાલા ખાતે આવેલ શીંગાર જવેલર્સ નામની દુકાનેથી ૧૨૦ ગ્રામ સોનાના અલગ અલગ દાગીના જેની કી.રૂ. ૮,૦૦,૦૦૦/- ના પોતાની કારમાં લઈને વેરાવળ ખાતે હોલમાર્ક કરવા માટે આવેલ અને હોલમાર્ક કરાવી પરત તાલાલા ખાતે જતી વખતે રેલ્વે સ્ટેશનથી રામભરોસા જતા રોડ ઉપર વી-માર્ટ સ્ટોરની સામે ઉપરોકત દાગીના ભરેલ થેલી પડી ગયેલ હોય જે સોનાના દાગીના ભરેલ થેલી રીક્ષાચાલક ગફારભાઈ કાસમભાઈ મલેક તથા વિશાલભાઈ હરેશભાઈ પરમારની રૂબરૂમાં મુળ માલીક પરેશકુમાર જમનાદાસ પાસે દાગીનાની ખરાઈ કરાવી પરત કરવામાં આવેલ હતી.

# દ્વારકાની જાણીતી હોટલ સહિતની બનાવટી વેબસાઈટ મારફતે થતી છેતરપિંડી પ્રકરણમાં દિલ્હીનો શખ્સ ઝડપાયો



(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૯

દેવભૂમિ દ્વારકા સહિતના વિવિધ પર્યટન તેમજ ધાર્મિક સ્થળોએ આવેલી જાણીતી હોટલો તેમજ રિસોર્ટની બનાવટી વેબસાઈટ બનાવી અને ગૂગલ એડ તૈયાર કરનારા દિલ્હીના શખ્સને દેવભૂમિ દ્વારકા જિલ્લા સાયબર ક્રાઈમ પોલીસે દબોચી લીધો હતો.

દ્વારકામાં આવેલી જાણીતી જીંજર હોટલના નામનો ઉપયોગ કરી અને ઓરીજનલ વેબસાઈટ જેવી અન્ય એક વેબસાઈટ બનાવી અને તેને ગૂગલ એડ્સ મૂકી તેમાં પોતાનો મોબાઈલ નંબર રાખી અને અહીં આવતા પ્રવાસીઓ તેમજ દર્શનાર્થીઓ પાસેથી એડવાન્સ પેમેન્ટ ઓનલાઈન ટ્રાન્સફર કરાવીને આવા અનેક આસામીઓ સાથે થયેલી વિશ્વાસઘાત અને છેતરપિંડી અંગેની ફરિયાદ દેવભૂમિ દ્વારકા જિલ્લા સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં નોંધાવવામાં આવી હતી. જેને અનુલક્ષીને પોલીસે કલમ ૪૨૦ વિગેરે તેમજ આઈ.ટી. એક્ટની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો.

દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા દેવભૂમિ દ્વારકા જિલ્લાની હોટલો તેમજ રિસોર્ટના નામે થતી ઓનલાઈન છેતરપિંડી સંદર્ભે કડક હાથે કાર્યવાહી કરવા માટે જિલ્લા સાયબર ક્રાઈમ સેલ વિભાગના પી.આઈ. પી.પી. બ્રહ્મભટ્ટને આપેલી સુચના અન્વયે સાયબર સેલ વિભાગ દ્વારા ઊંડાણપૂર્વકની તપાસ આદરી અને આ પ્રકારના સમગ્ર નેટવર્કનો પર્દાફાસ કરવામાં સફળતા મેળવી છે.

આ પ્રકરણમાં સાયબર ક્રાઈમ પોલીસની ટેકનિકલ એનાલિસિસ ટીમ દ્વારા ચોક્કસ વર્કઆઉટ કરી અને દિલ્હીથી ફેક વેબસાઈટ બનાવનારા રોનીત અજીતકુમાર સિંઘ (ઉ.વ. ૨૧, રહે. કેવલ પાર્ક, આઝાદપુર, ન્યુ દિલ્હી) ને ઝડપી લીધો હતો. પોલીસની પૂછતાછમાં ઉપરોક્ત શખ્સ દ્વારા ૩૦ થી વધુ અલગ અલગ વિસ્તારની જુદી જુદી હોટલો તેમજ રિસોર્ટની બુકિંગ વેબસાઈટ તેણે બનાવી હતી. આ વેબસાઈટનું કામ આપનારા વ્યક્તિઓ પાસેથી તેના દ્વારા એક વેબસાઈટના રૂપિયા છ થી સાત હજારની રકમ ઓનલાઈન મેળવવામાં આવતી હતી. તેણે ૪૦ જેટલી ફેક ગૂગલ એડ્સ બનાવી હોવાની કબૂલાત પણ પોલીસ સમક્ષ આપી હતી. જેથી પોલીસે તેની વિધિવત રીતે અટકાયત કરી, આગળની કાર્યવાહી કરી હતી.

આ સમગ્ર કામગીરી જિલ્લા સાયબર સેલ વિભાગના પી.આઈ. પી.પી. બ્રહ્મભટ્ટ, પી.એસ.આઈ. એન.એસ. ગોહિલ, પી.જે. ખાંટ, એસ.વી. કાંબલીયા, ધરણાંતભાઈ બંધીયા, પબુભાઈ ગઢવી, હેમંતભાઈ કરમુર, અજયભાઈ વાઘેલા, હેભાભાઈ ચાવડા તેમજ કલ્પનાબેન બાંભણિયા દ્વારા કરવામાં આવી હતી.

ધર્મસ્થળ કે કોઈપણ પ્રકારના હરવા ફરવાના સ્થળે જતા લોકોએ પોતાના મોબાઈલ કે કોમ્પ્યુટર મારફતે ઓનલાઈન હોટેલ, ફ્લાઈટ, બસ કે રિસોર્ટનું બુકિંગ કરતા પહેલા બુકિંગ પ્લેટફોર્મની સચોટતા અવશ્ય ચકાસી લેવી તેમજ આ પ્રકારની સેવા કે વસ્તુના બુકિંગ સંદર્ભે જરૂર જણાય તો જે-તે ઓફિસ ખાતે રૂબરૂ જઈ અને ચોક્કસ માહિતી મેળવી લેવા તેમજ કોઈપણ કસ્ટમર કેરના નંબર ઉપર સંપૂર્ણપણે વિશ્વાસ ન કેળવવા દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા દ્વારા આમ જનતાને અપીલ કરવામાં આવી છે.

**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ**

PGVCL રજી. અને કોર્પોરેટ ઓફિસ, ''પશ્ચિમ ગુજરાત વીજ સેવા સદન''
નાના મવા મેઈન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908; ફોનઃ (૦૨૮૧) ૨૩૮૦૪૨૫/૨૭
Email: info.pgvcl@gebmail.com; Web site: www.pgvcl.com

**જાહેર નિવેદા**

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ (PGVCL)ના માનવંતા વીજ ગ્રાહકોને જણાવાનું કે જે વીજ થાંભલા પરથી વીજ જોડાણ આપવામાં આવેલ હોય તે સિવાયના PGVCL ના વીજ માળખાં/ અન્યના વીજ જોડાણ માંથી પોતાની રીતે અથવા અન્ય કોઈ રીતે બિનઅધિકૃત વીજ જોડાણ કરવું ગેરકાયદેસર છે. આ રીતે બિનઅધિકૃત વીજ જોડાણ કરવાથી વીજ માળખાંમાં કામગીરી કરતા PGVCLના કર્મચારી અને ઠેકેદાર દ્વારા લાઈન બંધ કરેલી હોવા છતાં રીટર્ન પાવર આવવા ની શક્યતા રહેલી છે અને આથી વીજ કર્મચારી/ ઠેકેદારો ના માણસોને પ્રાણઘાતક અકસ્માત થઈ શકે છે, તેમજ તાજેતરમાં બિનઅધિકૃત વીજ જોડાણના લીધે વીજ કર્મચારીના પ્રાણઘાતક અકસ્માતના દુઃખદ કિસ્સાઓ બનેલ છે જેથી ગ્રાહક/આસામી સામે પોલીસ ફરીયાદ કરવામાં આવેલ છે. આ ગેરકાયદેસર કામ કરનારને જેલની સજા થઈ શકે છે. જિંદગી અમુલ્ય છે તેને જોખમમાં ન મુકો – સલામતી અપનાવો જિંદગી બચાવો.

તા.૩૦/૦૫/૨૦૨

મુખ્ય ઈજનેર (ટેક), પીજીવીસીએલ, રાજકોટ

# ૨૦ દુકાનો સહિત ૨૫ સ્થળો સીલ : ફાયર એનઓસી, બીયુ સર્ટિફિકેટ મામલે તપાસ બાદ જૂનાગઢ મનપાની કાર્યવાહી

## સુરજ સિનેપ્લેક્સ, પેન્ટલુન્સ, બેબીહગ શોરૂમ,આકાશ બાયઝુસ, પાવર જીમ સીલ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩૦

રાજકોટના અગ્નિકાંડ બાદ જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા ફાયર એનઓસી અને બીયુ સર્ટિફિકેટ સહિતના મુદ્દે તપાસ કરવામાં આવી રહી છે. ત્યારે જે સ્થળોએ આવા ડોક્યુમેન્ટસ ન હોય ત્યાં સીલ મારી દેવાની કાર્યવાહી કરાઈ રહી છે. દરમ્યાન બુધવારે ૨૦ દુકાનો સહિત કુલ ૨૫ સ્થળોએ સીલ મારી દેવામાં આવ્યા છે. મનપાના કમિશ્નર ડો. ઓમપ્રકાશની સૂચના અને ડીએમસી એ.એસ. ઝાપડાના માર્ગદર્શનમાં મનપાની વિવિધ ટીમો દ્વારા ૨૬ મેથી ચેકીંગ હાથ ધરાઈ રહ્યું છે. ચેકીંગ દરમ્યાન ફાયર એનઓસી, બીયુ સર્ટિફિકેટ ન હોય તો સીલ મારી દેવાય છે. દરમ્યાન લોકોની અવર-જવર રહેતી હોય તેવા મોલ, સિનેમા ગૃહોમાં બુધવારે પણ ટીમ દ્વારા ચેકીંગ કામગીરી કરાઈ હતી. ત્યારે કોલેજ રોડ સ્થિત સુરજ સિનેપ્લેક્સ અને ટીંબાવાડીમાં આવેલ વેસ્ટર્ન સ્ક્વેર બિલ્ડીંગના પેન્ટાલુન્સ શો રૂમ, બેબીહગ શો રૂમ, આકાશ બાયઝુસ અને પાવર જીમમાં ફાયર એનઓસીની મુદત પૂર્ણ થઈ ગઈ હતી અને બીયુ સર્ટિફિકેટ ન હતા. જેથી ફાયર એનઓસી તેમજ બીયુ સર્ટિફિકેટ ન ધરાવતા આ વ્યાવસાયિક સંકુલોને સીલ મારી દેવાયા છે. જ્યારે શહેરના કાળવા ચોક સ્થિત વિશાલ ટાવરમાં ૨૦ દુકાનો જર્જરિત હોવાથી તેને પણ સીલ મારી દેવાયું છે. આમ, બુધવારે કુલ ૨૫ સ્થળોએ મનપાએ સીલ મારી દીધા છે.

# બાંટવામાં સ્ટેટ મોનીટરીંગ સેલ ગાંધીનગરનો સફળ જુગાર દરોડો

## રૂા. ૩.૧૧ લાખનાં મુદામાલ સાથે ૭ ઝડપાયા : ૮ નાશી ગયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩૦

બાંટવા ઝાપા વિસ્તારમાં આવેલ ખંઢેરમાં આવેલ ખુલ્લી જગ્યામાં સ્ટેટ મોનીટરીંગ સેલ ગાંધીનગરે જુગાર અંગે દરોડો પાડતાં સબીર ગરાણા (ધોરાજી), મેરામણ ગળચર (જૂનાગઢ), અજય મોરવાણી (બાંટવા), હારૂન ગુજરાતી (માંગરોળ), ગૌરવ માંડલીયા (નેત્રગ-ભરૂચ), કિશન પેથાણી (પાટણવાવા)અને જીવાભાઈ વદર (મૈયારી)ને રોકડ રૂા. ૮૬,૫૫૦, મોબાઈલ-૭, મોટર સાયકલ-૪, ફોરવ્હીલ-૧, કુલ રૂા. ૩,૧૧,૫૫૦નાં મુદામાલ સાથે ઝડપી લઈ બાંટવા પોલીસમાં ફરીયાદ નોંધાવેલ છે. જયારે રેડ દરમ્યાન અમીન ગરાણા (ધોરાજી), નગાભાઈ મોરી (બાંટવા), યાસીન (ધોરાજી), મેહુલ રબારી (બાંટવા), કારાભાઈ મેમણ (ધોરાજી), રીઝવાન ઘાંચી (માંગરોળ) અને મોટર સાયકલ નં. જીજે-બીએલ-૧૮૭૯નો માલીક તેમજ મોટર સાયકલ નં. જીજે-૧૪-એએફ ૧૫૪૬નાં માલીકને પોલીસે ઝડપી લેવા ચક્રો ગતીમાન કરેલ છે. આમ બાંટવા પોલીસને અંધારામાં રાખી ગાંધીનગરથી સ્ટેટ મોનીટરીંગ સેલનો દરોડો પડતાં ભારે ચકચાર મચી જવા પામી છે.

# જૂનાગઢ, કેશોદ, માંગરોળમાં ચાલતા ૭ ગેમઝોનના સંચાલકો સામે ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩૦

રાજકોટની ઘટના પછી જૂનાગઢ શહેર અને જીલ્લામાં તંત્ર દ્વારા તમામ ગેમઝોનમાં તપાસનો ધમધમાટ શરૂ કરીને ફાયર એનઓસી સહિતના લાયસન્સ અંગે ચકાસણી કરવામાં આવી છે. જેમાં ગઈકાલે એક જ દિવસમાં પોલીસ વિભાગે જૂનાગઢ, કેશોદ, માંગરોળમાં આવેલા આવા ૭ ગેમઝોનના સંચાલકો સામે ફરિયાદો દાખલ કરીને કાર્યવાહી કરી છે. જૂનાગઢ જીલ્લામાં પોલીસ વિભાગ દ્વારા આવા ગેમઝોનમાં તપાસ કરીને અહીં સ્થળ ઉપર પોલીસ વિભાગનું સાર્વજનીક આનંદ પ્રમોદનું સ્થળોનું લાયસન્સ નહી મેળવેલા ગેમઝોનના સંચાલકો સામે ફરિયાદો દાખલ કરી છે. જેમાં એ ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં જૂનાગઢ શહેરમાં ઉપરકોટ કિલ્લામાં સવાણી હેરીટેજ કન્ઝર્વેશન પ્રા.લી. દ્વારા ગેમઝોન બનાવેલ તે ગેમઝોનના સંચાલક પ્રફુલદુદા મહીડા, બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં આવતા સ્નુક સીટી ગેમઝોનના સંચાલક જયદેવસિંહ નિર્મલસિંહ વાઘેલા, સી ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ સુરજ સિનેપ્લેક્ષના ગ્રાઉન્ડ ફલોરમાં આવેલ રોયલ ગેમ ઝોનના માલિક-સંચાલક શબ્બીરભાઈ નુરમહમદભાઈ સુમરા અને ભવનાથ વિસ્તારમાં આવેલ વાસુ સુંદર ઓર્ગોનાઈઝર ધ ફન લીયો રિસોર્ટ એન્ડ કલબના માલિક-સંચાલક યતનીભાઈ નરેન્દ્રભાઈ કોટેચા સામે ગુનો નોંધવામાં આવ્યો છે. જયારે કેશોદમાં લાયન્સ સ્નુકર ગેમઝોનના સંચાલક પરબત નાથા ઉલવા, આનંદ મનસુખ વાજા, માંગરોળમાં લાયન સ્નુકર હબના સંચાલક આનંદ મનસુખ વાજા અને માંગરોળમાં શુભ ગેમઝોનના સંચાલક વિશાલ ચંદ્રપ્રકાશ કુબાવત સામે પોલીસે ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી કરી છે.

ગેમઝોન દુર્ઘટનાનાં મૃતાત્માઓને

# જૂનાગઢમાં સત્યમ સેવા યુવક મંડળ તથા સમસ્ત હિન્દુ ધોબી સમાજ યુવક મંડળ દ્વારા શ્રધ્ધાંજલી અપાઈ



જૂનાગઢ, તા.૩૦

જૂનાગઢ સત્યમ સેવા યુવક મંડળ તથા સમસ્ત હિંદુ ધોબી સમાજ યુવક મંડળ દ્વારા અંધ કન્યા છાત્રાલયના હોલમાં રાજકોટ ગેમ ઝોનમાં બનેલ અગ્નિકાંડ દુર્ઘટનામાં મૃતાત્માઓને કેન્ડલ દ્વારા અશ્રુભીની શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. તાજેતરમાં રાજકોટ ખાતે તા. ૨૫ને શનિવારના રોજ ગેમ ઝોનમાં બની ગયેલ ગોઝારી અગ્નિકાંડ દુર્ઘટનામાં નાના મોટા ૨૮ વ્યક્તિઓ લાપતા થયેલ, જેની ઓચિંતા પ્રાણની આહુતિ અપાઈ અને તેમણે આ જગતમાંથી ચીર વિદાય લીધી.આ ગોઝારી દુર્ઘટનામાં ધોબી સમાજના પાંચ યુવાઓ એ પણ પ્રાણ ગુમાવ્યા છે. જે ખરેખર દુઃખદ ઘટના કહી શકાય અને તેમના પરિવાર પર વજ્રઘાત સમો કારમો ઘાવ લાગતા દુઃખના વાદળ ઘેરાઈ ગયા, આવી વિપતની વેળાએ દુઃખમાં ભાગ લેવાનો તેમજ મૃતાત્માઓની શાંતિ અર્થે કેન્ડલ સાથે શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ રાખેલ. જેમાં મૃત્યુ પામેલ જીવાત્માઓને શાંતિ મળે અને સ્વર્ગમાં વાસ થાય તેમજ તેમના પરિવારજનોને આવી દુઃખદ વેળાને સહન કરવાની પ્રભુ શક્તિ આપે એ પ્રકારે શ્રદ્ધા સુમન અર્પણ કરેલા. આ શ્રદ્ધાંજલિ કાર્યક્રમ માં સંસ્થાના પ્રમુખ મનસુખભાઈ વાજા, બટુકબાપુ, કમલેશભાઈ પંડ્યા, શાંતાબેન બેસ, અલ્પેશભાઈ પરમાર, પ્રજ્ઞા ચક્ષુ ચેરી. ટ્રસ્ટના મેને. ટ્રસ્ટી મુકેશભાઈ મેઘનાથી, પ્રવીણભાઈ જોશી, પરમાર સાહેબ, મનહરસિંહ ઝાલા, કે.કે. ગોસાઈ, ચંપકભાઈ જેઠવા, વર્ષાબેન બોરીચાગર, સુશીલાબેન શાહ, રાજુભાઈ નાગર, મનોજભાઈ સાવલિયા, પ્રજ્ઞેશભાઈ વાજા તથા છોટુભાઈ વાજા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢ જેસીઆઈ દ્વારા ફુલસ્કેપ નોટબુકનું વિતરણ કરાયું






જૂનાગઢ તા. ૩૦

જેસીઆઈ જૂનાગઢની ટીમ દ્વારા તા.૨૮ મેનારોજ આઝાદ ચોક ખાતે બજારભાવ કરતા ૫૦% નીચા ભાવથી રાહત દરે ઊંચામાં ઊંચી કોલેટી નીચામાં નીચા ભાવે ફુલસ્કેપ નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં અરવિંદભાઈ સોની, કિશોરભાલ ચોટલીયાના માર્ગદર્શન મુજબ ટીમનાં ચિરાગ કડેચા, અભિષેક શિશાંગિયા, પાર્થ પરમાર, વિરલ કડેચા, રાજેશ પુરોહિત, મનીષ લોઢીયા, જગદીશ મદનાની, કિશન હુંમર અને પરસોત્તમભાઈ ટાંક દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જ્ઞાનબાગ ગુરૂકુળના સંચાલક શ્રી પૂ.પ્રીતમદાસજી સ્વામીજી તથા પૂ.વિવેકસ્વરૂપ દાસજી સ્વામીજી ઉપસ્થિત રહી જેસીઆઈની સમગ્ર ટીમને આવી સારી સેવાકીય પ્રવૃત્તિ કરવા બદલ અભિનંદન સાથે આશીર્વાદ પાઠવેલા હતા. તા. ૬-૬-૨૪ને ગુરૂવારના રોજ આઝાદ ચોક ખાતે બીજા રાઉન્ડમાં ફુલસ્કેપ નોટબુકનું વિતરણ કરવામાં આવશે તેમ એક યાદીમાં જણાવેલ છે.

# સાસરીયાનાં ત્રાસથી મહિલાએ ગળાફાંસો ખાતા ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩૦

માણાવદર ગામે રહેતા હેતલકુમાર પરસોતમભાઈ કડીવારએ તેનાં પતિ અમીત રમેશભાઈ ભડાલીયા, સાસુ વનીતાબેન, નણંદ સેજલબેન, નણંદોયા જયેશભાઈ બાબુલાલ લાલકીયા સામે ફરીયાદ નોંધાવતાં જણાવેલ છે કે આ કામનાં આરોપીઓએ મરણ જનારને શારીરીક માનસીક દુઃખત્રાસ આપી ફરીયાદીની બહેન મરણજનારને મેણા ટોણા બોલી તેમજ મરણજનારના પતિ આરોપી નં. ૧એ મરણજનારના ચારીત્ર ઉપર શંકા કુશંકા કરી તેમજ આરોપી નં. ૧નાએ મરણજનારને નં. ૨, ૩, ૪ની ચડામણીથી ઢીકાપાટુનો માર મારી દુઃખત્સ આપી મરવા મજબુર કરતા આરોપીઓનાં દુઃખત્રાસના લીધે ફરીયાદીની બહેન મરણજનારે પોતાની મેળે ગળાફાંસો ખાઈ ગયાની ફરીયાદ નોંધાવતાં માણાવદરનાં પીએસઆઈ સી.વાય. બારોટે વધુ તપાસ હાથ ધરી છે.

# સાસણ નજીક અકસ્માતમાં મહિલાને ઈજા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩૦

શીખાબેન અનુરાગભાઈ ટંડન (ઉ.વ. ૩૪) રહે. ચીત્રાવાડ તા. તાલાળા (મુળ જયપુર રાજસ્થાન)એ એક ફોરવ્હીલ જીપ્સી ગાડીનાં ચાલક સામે ફરીયાદ નોંધાવતાં જણાવેલ છે કે ભાલછેલથી હરીપુર જતા અનંતમ હોટલ સામે, સાસણ ખાતે આ કામનાં ફરીયાદી પોતાની નોકરી પુરી કરી આ કામનાં સાહેદ રવીભાઈનાં હીરો હોન્ડા મોટર સાયકલ નં. જીજે-૩૨-એફ ૬૭૯૬ની પાછળ બેસીને ફરીયાદી જતા હતાં આ વખતે સામેથી એક જીપ્સી ફોરવ્હીલ ગાડી પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી ફરીયાદી બહેન બેઠેલ મોટર સાયકલને હડફેટમાં લઈ આ ફોરવ્હીલ જીપ્સીનાં ડ્રાઈવરે એકસ્માત કરતા ફરીયાદીને મોઢામાં ઈજા કરેલ તથા બે દાંત તુટી ગયેલ અને અકસ્માત કરી આ અજાણ્યા જીપ્સી ચાલક ગાડી લઈ નાશી ગયાની ફરીયાદ નોંધાવતા મેંદરડા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢમાં જીએમઈઆરએસ હોસ્પિટલ અને મેડિકલ કોલેજમાં ફાયર NOC જ નથી !

**દરરોજના હજારો દર્દીઓ સારવાર માટે આવે છે તેવા જ સરકારી ઈમારતમાં ફાયર સેફટીનો અભાવ જોવા મળ્યો**

જૂનાગઢ,તા.૩૦

જૂનાગઢમાં કરોડોના ખર્ચે બનાવવામાં આવેલ સિવિલ હોસ્પિટલ અને મેડિકલ કોલેજમાં ફાયર સેફટીના સાધનો જ ન હોવાનો ઘટસ્ફોટ થયો છે મહાનગરપાલિકા ફાયર વિભાગ દ્વારા ૮ વાર નોટિસ આપવા છતાં સિવિલ હોસ્પિટલ અને મેડિકલ કોલેજના તંત્રના પેટનું પાણી પણ ન હાલ્યું અને જે સાથેની સ્થિતિ જોવા મળી છે.

રાજકોટની ઘટનાનું જૂનાગઢના સિવિલ હોસ્પિટલ અને મેડિકલ કોલેજમાં પુનરાવર્તન થાય તો નવાઈ નહીં. સિવિલ હોસ્પિટલમાં જૂનાગઢ સહિત જુદા જુદા જિલ્લાઓના દર્દીઓ સારવાર અર્થે આવતા હોય છે. સૌથી મોટી અને નજીક પડતી ૧૦૦૦ બેડની જૂનાગઢની સિવિલ હોસ્પિટલ અને મેડીકલ કોલેજ પાસે ફાયર એનઓસી જ ન હોવાનું સામે આવ્યું છે તેમાય મેડીકલ કોલેજમાં તો હજુ સુધી ફાયર સેફટીના એકપણ સાધન ફીટ કરવામાં નથી આવ્યા તો અત્યાર સુધી તંત્ર શું કરતું હતું, તે એક સવાલ સર્જાઈ રહ્યો છેપ આવી બિલ્ડીંગમાં અચાનક આગ ભભૂકે તો હજારો દર્દીઓને રેસ્ક્યુ કરવા અઘરા પડે તેવી સ્થિતિ સર્જાય શકે છે.

અગાઉ મહાપાલિકાની ફાયર શાખા દ્વારા એનઓસી માટે સિવિલ હોસ્પિટલમાં તપાસ કરવામાં આવી હતી, જે તે સમયે સિવિલ હોસ્પિટલ બનેલી ત્યારે NOC આપવામાં આવ્યું હતું, પરંતુ તે હાલ આઉટ ઓફ ડેટ થયેલ છે અને તેને રિન્યુ કરવા માટે તેમના દ્વારા ફાયલ રજુ થયેલ તે સમયે નિયમ મુજબ એનબીસી અને સીજીબીસીઆર વખતો વખતની સરકારની ગાઈડ લાઈન મુજબ હાઈરાઈઝ બિલ્ડીંગ, હોસ્પિટલ અંગેની આઈસીયુ માટેની તપાસ કરતા અહી નિયમનું પાલન ન થયા હોવાનું સામે આવ્યું હતું.

હોસ્પિટલમાં એક્ટીવ ફાયર મેજર્સ અને એક્ટીવ ફાયર સિસ્ટમ પૂર્ણ સ્વરૂપે ના હોય અને કાર્યરતના હોવાનું સામે આવ્યું છે. આ અંગે મનપા દ્વારા સિવિલ હોસ્પિટલને અત્યાર સુધીમાં ૮ જેટલી નોટીસ આપવામાં આવી છે, ત્યારે છેલ્લે સિવિલ હોસ્પિટલ તરફથી છેલ્લા પાચ દિવસ પહેલાની સ્થિતિએ એવો જવાબ આપ્યો હતો કે, ફાયર સિસ્ટમનું ઈંસ્ટોલેશન હતું ત્યાં કામ ચાલુ છે અને વર્ક ઓર્ડર પણ અપાઈ ગયેલ છે જે કામ એક મહિનામાં પૂર્ણ થશે તેવી બાહેધરી આપી છે. હવે વાત રહી મેડીકલ કોલેજની તો કોઈપણ પ્રકારના ફાયર સિસ્ટમ જ નથી, જેથી તેને NOC અપાયેલ નથી, તેના ટેન્ડરનું કામ ચાલુ હોય તેનું કામ પણ એક મહિનામાં પૂર્ણ થવાનું કહેવામાં આવી રહ્યું છે.

પરંતુ આઠ વર્ષથી કાર્યરત જૂનાગઢની જીએમઆરએસ હોસ્પિટલ અને મેડિકલ કોલેજમાં ફાયર સાધનો અને ફાયર એનર્જી ન હોવાનું સામે આવતા હોબાળો મચ્યો છે. જો આઠ વર્ષની અંદર કોઈ મોટી જાનહાની કે દુર્ઘટના બની હોય તો પછી જવાબદાર કોણ તેવા પણ સવાલો ઉઠી રહ્યા છે.

# વંથલી નજીક હુન્ડાઈ કારે બોલેરોને હડફેટ લીધાની ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩૦

માળીયા હાટીના તાલુકાનાં જુથળ ગામનાં હરેશભાઈ નથુભાઈ વાઢીયા (ઉ.વ. ૨૪)એ હુન્ડાઈ વર્ની કારનાં ચાલક સામે ફરીયાદ નોંધાવતાં જણાવેલ છે કે આ કામનાં ફરીયાદ વંથલી ત્રિકોણીયા પાસે હાઈવે રોડ ઉપર પોતાની બોલેરો પીકઅપ નં. જીજે-૧૧-ડબલ્યુ ૪૬૧૬ લઈને જતા હોય તેવામાં હુન્ડાઈ વર્ના કાર નં. જીજે-૦૧-કેએચ ૧૦૮૯નાં ડ્રાઈવરે પોતાના હવાલાની કાર પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી હાઈવે રોડ ઉપર જોયા વગર હાઈવે રોડ ચડાવી દીધેલ જેથી ફરીયાદીની બોલેરો પેકઅપ ફોરવ્હીલ કારમાં ભટકાઈ ગયેલ અને બાજુમાં આવેલ જેઠવા પાનની કેબીનમાં ઘુસી ગયાની ફરીયાદ નોંધાવતાં વંથલી પોલીસે તપાસ હાથ ધરી છે.

# માળીયાના અવાણીયામાંથી સગીર વયની બાળાને ભગાડી જતાં ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩૦

માળીયા હાટીના તાલુાનાં અવાણીયા ગામની સગીર વયની દિકરીને મહીપત રાજુભાઈ મકકા રહે. રંગપુર તા. કેશોદવાળો લલચાવી ફોસલાવી લગ્ન કરવાનાં ઈરાદે ભગાડી ગયાની ફરીયાદ નોંધાતાં માળીયાનાં ઈન્ચાર્જ પીએસઆઈ કે.એમ. ગઢવીએ વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢમાં બે યુવાન છરી સાથે ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩૦

જૂનાગઢના અલગ-અલગ વિસ્તારમાંથી પોલીસે બે યુવાનને છરી સાથે ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. એ ડીવીઝન પોલીસ સ્ટેશનનો સ્ટાફ શહેરમાં પેટ્રોલિંગમાં હતો તે દરમ્યાન નીચલા દાતાર નજીક બનેલા નવા પુલ પાસેથી દોલતપરામાં ૬૬ કેવી પાસે રહેતો પ્રહલાદ રતિલાલ સોલંકી અને સુખનાથ ચોકના કુંભાર વાડાનો હસન ઉર્ફે ટકો ઈબ્રાહીમભાઈ ભટ્ટી છરી સાથે મળી આવતા બંનેની અટક કરી હથિયારબંધી જાહેરનામા ભંગનો ગુનો

# ચોબારી ગામે યુવાનને બે શખ્સે માર માર્યો, બાઈકમાં કર્યું નુકસાન

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩૦

જૂનાગઢના મેમણ વાડા વિસ્તારમાં રહેતો નિઝામ રફીકભાઈ હાલાણી નામનો યુવક ૨૭ મેની રાત્રે ૧ વાગ્યે ચોબારી ગામે તેના મામાના દીકરા આરીફ સાથે વાતચીત કરતો હતો ત્યારે અચાનક રફીક ઉર્ફે બુઢો હાલા તથા તેની સાથેનો એક અજાણ્યો શખ્સે આવી કંઈ પુછયા વગર બંને નિઝામને ઢીકાપાટુનો માર મારી બાઈકમાં નુકસાની કરી નાસી ગયા હતા.

આ હુમલામાં યુવાનને ઈજા થતા સિવીલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. આ અંગે પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# માંગરોળનાં બગસરા બેડ ગામેથી ૪ જુગારી ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩૦

માંગરોળનાં બગસરા ઘેડ ગામે જાહેરમાં જુગાર રમતા મેરામણ ટીંબા, નાગાજણ મોઢા, વિનોદ ટીંકા, રાજેશ ટીંબાને રોકડ રૂા. ૧૩૭૦૦ સાથે શીલ પોલીસે ઝડપી લઈ જુગારધારા અંતર્ગત કાર્યવાહી હાથ ધરી છે.

## વંથલી : અપમૃત્યું

વંથલીનાં કણઝાધાર પાસે જયંતીભાઈ જીવરામભાઈ રાવળ (ઉ.વ. ૪૦) રહે. ખેરાળુ રાવળ તા. ખેરાળુ, જી. મહેસાણા કોઈ અગમ્ય કારણોસર મૃત્યુ પામતાં વંથલીનાં પીએસઆઈ વાય.બી. રાણાએ તપાસ હાથ ધરી છે.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.




બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ક.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.